Website : www.rakhewaldaily.com

વર્ષ : 33 ● અંક : ૯૭
તા.૧૩-૦૫-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ વૈશાખ વદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૧ સૂર્યાસ્ત : ૦૭:૧૨

તાપમાન: ડીસા ૪૧.૨, અમદાવાદ ૪૨.૪, ગાંધીનગર ૪૩.૮, વડોદરા ૪૧.૮, સુરત ૩૫.૬, નલિયા ૩૬.૨

ચાંદી : ૩૯૦૦૦ સોનું : ૨૮૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No20508/71

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

તાપમાન ૪૩.૩ ડીગ્રી

# રાજયમાં ગરમીનો પ્રકોપ: લોકો ત્રસ્ત

**આગામી દિવસોમાં લોકોને કોઈ રાહત નહીં મળે તેવી સંભાવના : અમદાવાદમાં ગાજવીજ સાથે વરસાદની પણ આગાહી : હવામાનમાં ફેરફાર થઈ શકે : અમરેલી-સુરેન્દ્રનગર સહિત કેટલાક ભાગોમાં પારો ૪૩થી ઉપર**

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આજે અમદાવાદમાં પારો ૪૩થી પણ ઉપર પહોંચી ગયો હતો. જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. રાજ્યભરમાં સૌથી વધારે ગરમીનો અનુભવ આજે અમદાવાદમાં થયો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૩.૩ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. બીજી બાજુ અમદાવાદ શહેરમાં વરસાદી ઝાપટા ગાજવીજ સાથે પડવાની આગાહી તંત્ર દ્વારા કરવામાં આવી છે. રાજ્યના જે ભાગોમાં આજે પારો ૪૩થી ઉપર રહ્યો હતો તેમાં અમરેલીમાં ૪૩.૧, સુરેન્દ્રનગરમાં ૪૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હીટવેવની કોઈ ચેતવણી ન હોવા છતાં ગરમીનું પ્રમાણ અકબંધ રહેતા લોકો પરેશાન થયેલા છે. દરમિયાન, અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનનો પારો સતત ઉંચો જઈ રહ્યો છે.આ પરિસ્થિતિમાં આવનારા પાંચ દિવસો દરમ્યાન અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સેલ્સીયસ રહેવાની સંભાવના સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને હવામાન વિભાગ તરફથી અમદાવાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ અંગે મળતી માહીતી અનુસાર,આજે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ તરફથી આગામી પાંચ દિવસ દરમ્યાન અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સેલ્સીયસ રહેવાની આગાહી કરવામાં આવી છે.આ અંગે ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ડો.ભાવિન સોલંકીએ કહ્યું છે કે,મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગત ૮ એપ્રિલના રોજ હીટ એકશન પ્લાન અમલમાં મુકવામાં આવ્યો છે.જે અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન,ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર,નેચરલ રિસોર્સ ડીફેન્સ કાઉન્સીલ,અમેરીકા અને હવામાન વિભાગ અમદાવાદ દ્વારા ૧૩ મેથી ૧૭ મે દરમ્યાન શહેરનું મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

આ સાથે જ આ પાંચ દિવસ માટે યલો એલર્ટ જારી કરી લોકોને કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અપીલ પણ કરવામાં આવી છે. બીજી બાજુ દરેક ઝોનદીઠ પાણીની મોબાઈલ પરબ પણ શરૂ કરવામાં આવી હતી. સામાન્ય લોકો પણ સાવધાન થયા છે અને બપોરના ગાળામાં હવે લોકો નજરે પડી રહ્યા નથી. કામ સિવાય બહાર નહીં નિકળવાની સૂચનાનું પાલન કરવામાં આવી રહ્યું છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે ઈન્ફેક્શનના બનાવોમાં સતત વધારો થતાં લોકોને સાવચેત રહેવા પણ નિષ્ણાત તબીબો સૂચન કરી રહ્યા છે. આ ઉપરાંત પણ સેવાભાવી સક્રિય થયેલી છે. અમદાવાદ શહેરમાં બપોરમાં જનજીવન પણ ખોરવાયું હતું.

# ભીલડી પાસે કોલ્ડ સ્ટોરેજમાં એમોંનિયમ લીકેજ થતા દોડધામ મચી

**જૂની ભિલડી અડધું ગામ ખાલી કરાયું : ભારે જહેમત બાદ ૬ કલાકે લીકેજ ને કાબુમાં લીધી**



ભરત સુંદેશા, કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી,ડીસા

ડીસા રાધનપુર હાઈવે પર આવેલ ભિલડી ગામ પાસે એક કોલ્ડ સ્ટોરેજ માં એમોનીયન ગેસ લીકેજ થતા દોડ ધામ મચી જવા માપી હતી ગ્રામ જનો ને ગૂંગળામણ થતા ગામ બહાર લોકો ને ખસી જવા જણાવાયું હતુ જોકે મહા મુસીબતે ગેસ લીકેજ ને કાબુ માં લીધી હતી.

બનાસકાંઠા એ બટાટા શેત્રેં સમગ્ર દેશ માં નામના ધરાવે છે જયારે બટાટા નાં સંગ્રહ માટે બનાવવામાં આવેલ કોલ્ડ સ્ટોરેજ માં એમોનીયમ ગેસ લીકેજ નાં બનાવો અવાર નવાર બની રહ્યાં છે. ત્યારે ડીસા રાધનપુર હાઈવે પર આવેલ ભિલડી ગામ પાસે આવેલ ધનલક્ષ્મી કોલ્ડ સ્ટોરેજ માં એમોંનીયમ ગેસ લીકેજ થવા પામ્યું હતુ સાંજે છ વાગ્યા ની આસપાસ ધીરે ધીરે ગેસ લીકેજ ની વાસ આવવા લાગી હતી અને એક કલાક માં લોકો મે શ્વાસ ની તકલીફ થવા માંડતા ગ્રામ જનો ગભરાઈ જઈ ગામ માંથી નીકળી ગયા હતાં જોકે બાદ માં વહીવટી તંત્ર ને જાણ થતા જીલ્લા નું વહીવટી તંત્ર અને છઞૅ સહીત પોલીસ કાફલો દોડી આવ્યુ હતુ અને ગામ માંથી લોકો ને નીકળી જવા જણાવાયું હતુ જોકે જીલ્લા ભર માથી આવેલ ફાયર ફાઈટર અને એમોંનીયમ ગેસ નાં નીષ્ટાંતો ને બોલાવી પાણી નોં મારો કરવાનું સરૂ કર્યું હતુ જે સતત રાત્રે ૧ વાગ્યા સુધી ફાયર ફાઈટર દ્વારા પાણી નોં મારો કરતા ગેસ લીકેજ ને કાબુ માં લેવામાં આવ્યુ હતુ જોકે આ બાબતે વહીવટી તંત્ર એ

અનુસંધાન પાના નં.૬

# ભાજપ શાસિત પાલનપુર પાલિકાનો વિડિઓ વાયરલ

સંજય જોષી

**નગરસેવકોને પણ કર્મચારીઓ ગાંઠતા ન હોવાની પ્રતીતિ કરાવતી ઘટના**



પાલનપુર

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકામાં "અંધેરી નગરીને ગંડુ રાજા" જેવો રેઢિયાળ વહીવટ ચાલી રહ્યો હોવાની બુમરાણ વચ્ચે પાલિકાનો એક વિડિયો વાયરલ થયો છે. જે વિડિયોએ પાલિકાના વહીવટની પોલ ખોલતા પાલિકાના પદાધિકારીઓની દાદાગીરી વચ્ચે રીઢા થઈ ગયેલા કર્મચારીઓમાં નગરસેવકોનું કેટલું ઉપજે છે??? તેનો પર્દાફાશ કર્યો છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાને શર્મસાર કરતી એક ઘટનાનો વિડિયો વાયરલ થયો છે. જેમાં પોતાનું બતાવેલું કામ ન થતા પાલિકાના એક પદાધિકારીએ પિત્તો ગુમાવ્યો હતો. પાલિકાનો જવાબદાર કર્મચારી પોતાને ઉલ્લુ બનાવતો હોવાનો અહેસાસ થતા આ ચેરમેન મહાશયએ તે કર્મચારીનો જાહેરમાં ઉધડો લઇ ગાળોનો વરસાદ વરસાવતા ઉપસ્થિત સૌકોઈ ચેરમેનના રૌદ્ર સ્વરૂપને જોઈ દંગ રહી ગયા હતા.

પાલિકામાં મહિલા પ્રમુખના રાજમાં ૫૦% મહિલા નગરસેવિકાઓ અને મહિલા કર્મચારીઓને નજરઅંદાજ કરી મહિલાઓને ક્ષોભજનક હાલતમાં મુકતા આ હાઈવોલ્ટેજ ડ્રામાથી પાલિકાના કર્મચારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. પાલિકાના કર્મચારી ઓમાં અંદરખાને ભારે

**ચેરમેનએ કર્મચારી પર વરસાવ્યો અપશબ્દોનો વરસાદ**

રોષ પ્રવર્તી રહ્યો છે. એમાંય દલિત સમાજના અધિકારીને જાહેરમાં ઉતારી પાડતા ઘટનાક્રમને લઈને સેનિટેશન સહિત દલિત સમાજના કર્મીઓ તો સમસમી ઉઠ્યા હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. સેવા સંસ્કાર અને ચારિત્ર ઘડતરની ગુલબાંગો સાથે ડિફરન્ટ પાર્ટીનો દાવો કરતી ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓના વાણી અને વર્તનને ઉજાગર કરતો વાયરલ થયેલો વિડિયો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.


## શિક્ષકો જોઈએ છે

**શ્રી રાધે ક્રિષ્ણા યુવક મંડળ, લુવાણા (ક) સંચાલિત**
**★ જ્ઞાન સાગર પ્રાથમિક શાળા ★ પી.એલ.પટેલ માધ્યમિક શાળા**
મુ.પો.લુવાણા (ક), તા.થરાદ, જિ.બ.કાં., પીન - ૩૮૫૫૬૫

ઉપરોકત શાળા માટે નીચે જણાવેલ વિગત અનુસાર શિક્ષકો તેમજ સ્ટાફની ભરતી કરવાની થતી હોઈ ઈચ્છુક ઉમેદવારોએ સ્વ હસ્તાક્ષરે તૈયાર કરેલ બાયોડેટા ૧૦ દિવસમાં મળી જાય તે રીતે અરજી કરવી.

| અનુ.નં. | શૈક્ષણિક લાયકાત | વિષય | સંખ્યા |
|---|---|---|---|
| ૧. | B.Sc., B.Ed | ગણિત - વિજ્ઞાન | ૨ |
| ૨. | B.A. B.Ed | હિન્દી - સંસ્કૃત | ૨ |
| ૩. | M.A. B.Ed | અંગ્રેજી | ૧ |
| ૪. | B.A. B.Ed | ગુજરાતી, સામાજિક વિજ્ઞાન | ૨ |

પગાર ધોરણ લાયકાત મુજબ રહેશે.

ચૌધરી નાનજીભાઈ જાલાજી - પ્રમુખ મો.૯૯૭૪૧૫૩૮૦૯
ચૌધરી અરવિંદકુમાર પીરાભાઈ - મંત્રી મો.૯૮૭૯૩૨૧૦૭૪

પ્રવેશ ચાલુ છે.
ધો.૧ થી ૧૦ માટે આધુનિક ટેકનોલોજીથી સજ્જ શૈક્ષણિક સ્કૂલ + હોસ્ટેલ સુવિધા



ભારતભરનાં તમામ રાજ્યોમાં લોકપ્રિય તેમજ મશહુર નામ

ગુજરાતની ઉત્પાદક કંપની ભારતની નં.૧ Supreme People who know plastics best

ખેડૂતનો સાચો મિત્ર



સિલપૉલિન IS : 14611 : 2016

હવે તો ફક્ત સિલપૉલિન તાડપત્રી જ માંગવી
દરેક સાઈઝ તથા દરેક GSM માં ઉપલબ્ધ.

વજનમાં હળવી છતાં મજબુતીમાં સૌથી શ્રેષ્ઠ... સિલપૉલિન બ્રાન્ડ લોગો ચકાસીને જ લેવી

૧૦૦% વોટરપ્રૂફ | સ્વિસ ટેકનોલોજી | યુ.વી. સ્ટેબિલાઈઝ્ડ

KISHORE HOSIERY
Opp. Old Bus Stand, Near Rajshree Guest House, Deesa, Banaskantha.
M. : 98250 97528 / 94266 97528



## હાર્દિક અભિનંદન





પી.વી.જોષી · ભરતભાઈ હેમજીભાઈ જોષી · નાગજીભાઈ જેરાભાઈ દેસાઈ

આપની ભારતીય જનતા પાર્ટીના વિવિધ હોદ્દાઓ ઉપર વરણી થતાં અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ તેમજ આપ ઉત્તરોત્તર રાજકીય ક્ષેત્રે પ્રગતિ કરો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.
જોષી કનુભાઈ મણીલાલ (શિક્ષકશ્રી)
જોષી વિષ્ણુભાઈ જીવણભાઈ
જોષી પ્રકાશભાઈ મણીલાલ
મું.સુરાણા, તા.દીઓદર, જિ.બ.કાં.



## શ્રદ્ધાંજલિ



સ્વ.મણીબેન વસાભાઈ રબારી
સ્વ.તા.૧૧/૫/૧૭, ગુરૂવાર

જીવનની હરપળ હસતા રહ્યા,
સ્નેહથી સૌને હૈયે વસતા રહ્યા,
આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં આંખના
પલકારે ઓચિંતી લીધી વિદાય,
આજે આપ અમારી વચ્ચે નથી,
વિદાય એવી લીધી કે મન હજુ માનવા તૈયાર નથી,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ
આપે તેજ અમારી પ્રાર્થના...

લિ.
રબારી અરજણભાઈ વસાભાઈ - પુત્ર
રબારી નાગજીભાઈ વસાભાઈ - પુત્ર
(ડીરેકટર, ડીસા તાલુકા સ.ખ.વે.સંઘ)
રબારી રાજાભાઈ રૂપાભાઈ - દિયર
રબારી સ્વ.માવજીભાઈ ધુડાભાઈ - ભત્રીજા
રબારી પીરાભાઈ ધુડાભાઈ - ભત્રીજા
રબારી સ્વ.જોરાભાઈ ઝવેરભાઈ - ભત્રીજા
રબારી લીલાભાઈ ઝવેરભાઈ - ભત્રીજા

સમસ્ત રજયા પરિવાર, ઝેરડા, તા.ડીસા, જી.બ.કાં.
મુ.ઝેરડા (વશરામપુરા), ફાર્મ હાઉસ

નોંધ : લૌકિક ક્રિયા સામાજીક રીતરિવાજ મુજબ.....



## પ્રથમ માસિક તિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.રમેશચંદ્ર હિરાલાલ વોહેરા (RH)
સ્વ.૧૨-૦૪-૨૦૧૭

ખુમારીના તેજથી ચમકતી બે આંખોની કૃપાદ્રષ્ટિ,
મદદ કરવા ઉઠતા બે હાથની સાચી કર્મઠતા,
મમતા અને કરૂણાથી ધબકતું હૃદય...
એક સાથે કેટ કેટલું ગુમાવ્યું અમે,
ન રહ્યો સહારો, ન રહ્યાં જિંદગીના તાણાવાણા
રહ્યા તો બસ, માત્ર સ્મૃતિઓના સંભારણા...!

લિ.
વોહેરા ભુદરમલ જીવરાજભાઈ પરિવાર
મડાલ - ડીસા - અમદાવાદ



## શિક્ષકો જોઈએ છે

પ્રિ પ્રાયમરી અને પ્રાયમરી વિભાગ માટે અભ્યાસની સાથે સાથે જીવન વિકાસની અસંખ્ય પ્રવૃત્તિઓ શિખવવા માટે યોગ્ય લાયકાત તથા અનુભવ ધરાવતાં શિક્ષકો જોઈએ છે. જોડાવવા માંગતા ઉમેદવારોએ એક અઠવાડિયામાં નીચેનાં ઈ-મેઈલ પર ડોકયુમેન્ટ ફોટોગ્રાફ મોકલવા અથવા કોન્ટેક નંબર પર કોલ કરવો. પ્રિન્સીપાલની પોસ્ટ માટે પણ અરજી આવકાર્ય છે.

**સર્વોત્તમ પ્રાયમરી સ્કૂલ - શિહોરી**
સરનામું : કુંવરબા શાળાની બાજુમાં, I.T.I કેમ્પસ - શિહોરી
E-Mail : sarvottamprimaryschool@gmail.com
Mo.7046076981, 7359910161



## બેસણું



સ્વ.ચેહનાબેન મશરૂભાઈ રોઝ (રબારી)
સ્વ.તા.૧૧/૦૫/૨૦૧૭
મુ.શેરા, તા.ધાનેરા, જિ.બ.કાં.

મારા ધર્મપત્નિ ચેહનાબેન મશરૂભાઈ રોઝ (રબારી)નું દુઃખદ અવસાન જૈફ વયે તા.૧૧/૫/૨૦૧૭ ના રોજ થયેલ છે, જે પ્રભુને ગમ્યું તે ખરૂં, સદ્ગતનું બેસણું તા.૧૩/૫/૨૦૧૭ ને શનિવારના રોજ સમાજના રીતરિવાજ મુજબ રાખેલ છે.

સ્થળ : મું.શેરા, ફાર્મ હાઉસ, તા.ધાનેરા, જિ.બ.કાં.
મો.૯૯૦૯૪૬૫૧૭૦, ૮૫૧૧૬૪૪૧૩૨૫

લિ.
રોઝ મશરૂભાઈ ધુડાભાઈ - પતિ
રોઝ સેધાભાઈ ધુડાભાઈ - જેઠ (માજી સરપંચ શેરા)
રોઝ ખોડાભાઈ મશરૂભાઈ - પુત્ર
રોઝ ગોકળભાઈ સેધાભાઈ - ભત્રીજા (સરપંચ શેરા)
રોઝ ઈશ્વરભાઈ મશરૂભાઈ - પુત્ર
(ચેરમેન ધી શેરા સેવા સહ.મંડળી લિ.)
રોઝ મગનભાઈ મશરૂભાઈ - પુત્ર
રોઝ જીવાભાઈ સેધાભાઈ - ભત્રીજા
રોઝ સુરેશભાઈ ખોડાભાઈ - પૌત્ર
રોઝ રમેશભાઈ ગોકળભાઈ - પૌત્ર (માજી સરપંચ શેરા)
રોઝ દિનેશભાઈ મગનભાઈ - પૌત્ર
રોઝ માવજીભાઈ ગોકળભાઈ - પૌત્ર
રોઝ ભરતભાઈ ઈશ્વરભાઈ - પૌત્ર
રોઝ મોહનભાઈ ગોકળભાઈ - પૌત્ર
રોઝ મોહનભાઈ મગનભાઈ - પૌત્ર
રોઝ અમરતભાઈ જીવાભાઈ - પૌત્ર
રોઝ હિતેશભાઈ જીવાભાઈ - પૌત્ર
રોઝ નવઘણભાઈ સુરેશભાઈ - પૌત્ર
રોઝ ચેતનભાઈ માવજીભાઈ - પૌત્ર
મું.શેરા, તા.ધાનેરા, જિ.બ.કાં.
સમગ્ર રોઝ રબારી પરિવાર

**સૂર્યોદય - ૬.૦૧ સૂર્યાસ્ત - ૭.૧૨**

## તિથિદર્શન

વૈશાખ વદ-૨ શનિવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૨ મં. | | ૧૨ શુ. |
| ૩ | ૧ સુ. લ.બુ. | ૧૧કે. |
| ૪ | | ૧૦ |
| ૫ રા. | ૭ | ૯ શ. |
| ૬ ગુ. | | ૮ |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ વદ :બીજ શનિવાર નક્ષત્ર:જયેષ્ઠા રાત્રે ૧૧.૧૧ પછી મુળ યોગઃ શિવ કરણઃ વણીજ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) રાત્રે ૧૧.૧૧ પછી ધન (ભ.ફ.ધ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**સંતોકેનોન્નતિમ્ આયતિ સ્તોકેનાયત્વધોગતિમ્ અહો નુ સદશી વૃત્તિં તુલા કોટે; ખલસ્ય ચ**

'ઘડીકમાં ઊંચે જાય છે અને ઘડીકમાં નીચે જતી રહે છે, આવી રીતે ત્રાજવાની દાંડી છે, આમ ત્રાજવાની દાંડી અને દુર્જનનો સ્વભાવ એકસરખો જ અવિશ્વાસપાત્ર જ હોય છે.

નેતાઓ સિદ્ધાંત વિનાના 'ભૂંટિયા' જેવા છે- આજે એક પક્ષમાં, કાલે બીજા પક્ષમાં, આજે એક નેતાનાં વખાણ કરે, 'વડાપ્રધાન' અને 'પક્ષપ્રમુખ' ની યોગ્યતા દેખાય છે એવા એ જ નેતાને પોતાની મહત્વકાંક્ષાને પંપાળવા બધા જ ઉપકારો ભૂલી જાય અને પોતાના મનોરથની રથયાત્રા કાઢવા નીકળી પડે છે.

પુત્રવધૂનાં 'પોતાનાં' સગાં પધારવાંના હોય તો મુખ પર મલકાટ, વાતોમાં વાત્સલ્ય, કામકાજમાં ઉત્સાહ છલકાતો દેખાણ પણ પતિના સગા આવવાના હોય તો મુખ પરનું માધુર્ય ઉડી જાય, ચહેરો મ્લાન થઈ જાય. કામકાજમાં વેઠ-થાકની બેડીઓ પડી જાય! દુર્જન લોકો સ્વાર્થ સમય અતિનમ્ર, વિવેકી, લાગણીશીલ થઈ જાય અને કામ પતે દુશ્મનથી પણ વધારે ખરાબ થઈ જાય. ત્રાજવાની દાંડી ઘડીમાં આમ, ઘડીમાં તેમ આવ- જા કરે છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.**
**વૃષભ : (બ.વ.ઉ.) માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.**
**મિથુન : (ક.છ.ઘ.) રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.**
**કર્ક : (ડ.હ.) પુરૂષાર્થનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.**
**સિંહ : (મ.ટ.) મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.**
**કન્યા : (પ.ઠ.ણ.) યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.**
**તુલા : (ર.ત.) વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.**
**મકર : (ખ.જ.) ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.**
**કુંભ : (ગ.શ.સ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક લાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.**
**મીન : (દ.ચ.જ.થ.) આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

મેલેરિયા નાબૂદી ઝુંબેશના અગ્રણી વૈજ્ઞાનિક, શોધક સર રોનાલ્ડ રોસની જન્મજયંતી છે.

એમનો જન્મ તા. ૧૩/૫/૧૮૫૭ના રોજ હિમાલયની તળેટીમાં આવેલ અલ્મોડામાં થયો હતો.

મેલેરિયાના જંતુઓનું સંશોધનકાર્ય એ એમનું એક મોટું પ્રદાન હતું. આ શોધ બદલ તેમને ૧૯૦૨માં 'નોબેલ પારિતોષિક' એનાયત થયું. તેઓ રોયલ સોસાયટીના પ્રમુખપદે પસંદ થયા.

આ મહાન સંશોધકનું ઈ.સ. ૧૯૩૨માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
નિમિષ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૯૩૪૦ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૧.૦૫.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૪૨૦) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૩૯૩ પોઈન્ટના પ્રથમ અને ૯૩૪૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૯૪૬૧ પોઈન્ટથી ૯૪૭૩ પોઈન્ટ, ૯૪૯૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૪૯૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) છઝઝ લિમીટેડ (૧૬૮૪) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬૧ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૪૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૦૭ થી રૂ.૧૭૧૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૧૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) HDFC લિમિટેડ (૧૫૫૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૧૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૭૩ થી રૂ.૧૫૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) યશ બેન્ક (૧૪૯૫) :- રૂ.૧૪૭૬ પ્રથમ તેમજ રૂ.૧૪૬૪ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૭૧૧ થી રૂ.૧૭૨૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૩૪૯) :- રીફાઇનરી સેકટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૭૧ થી રૂ.૧૩૮૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૩૨૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૧૬૦) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૪૪ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેક્ષટાઇલ સેકટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૧૮૪ થી રૂ.૧૧૯૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) લાર્સન (૧૭૪૫) :- ટેકનીકલ ચાર્ટ મુજબ કન્સ્ટ્રકશન સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૬૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૧૩ થી રૂ.૧૭૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૭૩ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) HDFC બેન્ક (૧૫૪૮) :- રૂ.૧૫૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૭૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૫૧૫ થી રૂ.૧૫૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૫૮૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) એશિયન પેન્ટ્સ (૧૧૩૫) :- પેન્ટ્સ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૧૬૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૧૧૩ થી રૂ.૧૧૦૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) રિલાયન્સ કેપિટલ (૬૭૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૯૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૫૩ થી રૂ. ૬૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીંગલક્ષી રૂ.૭૦૪ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) ICICI બેન્ક (૨૯૭) :- રૂ.૩૦૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૨૮૪ થી રૂ.૨૭૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૩૧૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!**

# ડીસામાં શબે બરાત નિમિત્તે મસ્જિદો તથા દરગાહ શરીફ રોશનીથી ઝગમગી ઉઠયા



જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

મુસ્લિમોનો પવિત્ર રમજાન માસના પંદર દિવસ અગાઉ દર વર્ષે શબે બરાતની રાત આવે છે જે રાત્રીના સુમારે સમગ્ર મુસ્લિમો અલ્લાહની ઈબાદતમાં ગુજારતા હોય છે. અને અલ્લાહની બંદગી કરી વર્ષ દરમ્યાન કરેલ ગુનાઓની માફી માંગી આજીજી કરે છે. અલ્લાહ પાક તરફથી શબે બરાત નિમિત્તે મુસ્લિમોની સમગ્ર વર્ષની રોજી લખાતી હોય છે તેથી દરેક મુસ્લિમો મસ્જિદમાં જઈ કુરાન શરીફ તથા નમાઝો પઢી અલ્લાહની બંદગી કરે છે. ડીસામાં આવેલ મક્કા મસ્જિદ, મદીના મસ્જિદ, ગરીબ નવાઝ મસ્જિદ ઓલીયા મસ્જિદ, મીનીરામ મસ્જિદ તથા હઝરત ભાઈજાન બાવાની મજાર શરીફ તથા હઝરત સૈયદબાવાની મજાર શરીફને ડીસાના નવયુવાનોએ રોશનીથી સજાવી દીધી હતી. સાંજના તથા રાત્રીના સમયે મુસ્લિમો ભેગા થઈને કબ્રસ્તાન જઈને તેમના પૂર્વજનાને યાદ કરી દુઆઓ ગુજારી હતી. આ પ્રસંગે હઝરત સૈયદમહંમદ અલીબાવા તથા હઝરત સૈયદ હુસનઅલી બાવાએ હઝરત મહંમદ પયંગબરે બતાવેલા ગુણો જીવનમાં ઉતારી એક અને નેક બનવા જણાવ્યું હતું. જ્યારે ડીસાની દરેક મસ્જિદોમાં મૌલાના સાહેબે તકરીર કરી એક અને નેક બની કોમી એકતા પર ભાર મુકી દુઆઓ ગુજારી હતી.

# પાલનપુર સિવિલમાં "નર્સિંગ ડે"ની ઉજવણી કરાઈ



સંજય જોષી

પાલનપુર

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સિવિલ સ્ટાફ નર્સ અને ૧૦૮ના કર્મીઓ દ્વારા કેક કાપીને "નર્સિંગ ડે" ની ઉજવણી કરાઈ હતી.

નર્સિંગના વ્યવસાયના પ્રણેતા "ફ્લોરેન્સ નાઈટઇંગલ" નામના નર્સના જન્મદિવસની ઉજવણી "નર્સિંગ ડે" તરીકે કરવામાં આવે છે. સોળ વર્ષ ની ઉંમરમા બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન આ નર્સે આર્મી કેમ્પ મા જઈ અને સેનિકો ની સેવા કરી હતી. ત્યારબાદ અવિરીત સેવાના ભાગરૂપે "નર્સિંગ-ડે" ની ઉજવણી કરાય છે. જેના ભાગરૂપે આજે પાલનપુર સિવિલના ટ્રોમાં સેન્ટર ખાતે કેક કાપીને "નર્સિંગ-ડે" ની ઉજવણી કરાઈ હતી.

# સિધ્ધપુરના ગોડાઉનમાંથી રૂા.૨૧ લાખની એરંડાની ચોરી

## તસ્કરો ૭૦૦ બોરી એરંડા ઉઠાવી ફરાર



વિજય શુકલા

પ્રતિનિધિ સિધ્ધપુર

સિધ્ધપુર ખાતે ખાનગી ગોડાઉનનું તાળુતોડી કોઈ અજાણ્યા તસ્કરો રૂા.૨૧ લાખની કિંમતની ૭૦૦ બોરી એરંડાની ચોરી કરી જતાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી મુજબ દિયોદરના વતની અને સિધધપુર માર્કેટયાર્ડમાં સિધ્ધરાજ એન્ટર પ્રાઈઝ નામની પેઢી ધરાવતા જયકિશનભાઈ ઠાકરશીભાઈ ઠક્કરનું સિધ્ધપુર હાઈવે ઉપર જોધપુર ટ્રેક્ટર ગેરેજની પાછળ ગોડાઉન આવેલુ છે. જેમાં તેઓએ ખેડૂતો પાસેથી ખરીદેલ ૩૮૪૩ બોરી એરંડાનો સંગ્રહ કર્યો હતો. તેમના દિકરાના લગ્ન હોઈ તેઓ સંબંધીઓને લગ્નની પત્રિકા આપવા તા.૭/૫/૨૦૧૭ ના રોજ ભૂજ ગયા હતા. ત્યારે તા.૫ થી તા.૧૦ મે ૨૦૧૭ દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરોએ જયકિશનભાઈના ગોડાઉનનુ તાળુ તોડી અંદર પ્રવેશી અંદાજે ૨૫ મણની ૭૦૦ બોરી એરંડાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેની જાણ થતાં તેઓ તાત્કાલિક ગોડાઉન ખાતે દોડી આવી આ અંગે સિધ્ધપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ હાથ ધરી હતી.

# અંબાજી મંદિર ના પ્રસાદની હવે સરકાર (fssai)દ્વારા ખરાઈ બાદ જ શ્રધ્ધાળુઓને વિતરણ થશે

## ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા પ્રસાદના સેમ્પલ લેવાય છે



હિતેન્દ્ર અગ્રવાલ

અંબાજી

ભારત સરકાર દ્વારા ખાદ્ય સુરક્ષા અને માનક અધીનીયમતા(fssai) હેઠળ વર્ષ ૨૦૦૦ માં એક કાયદો પસાર કરી જાહેર પ્રજા ની સ્વાસ્થ્ય લક્ષી એક્ટ નું અમલી કરણ શરૂ કરાયુ હતુ જેનાં અતંરગત્ત અગાઉ દેશ ની નામચીન કંપની નેશલેટ ની મેગી સામે વાંધો ઉઠાવ્યો હતો ને જેની લાંબા સમય સુધી બજાર માં અસર જોવા મળી હતી. ત્યારે હવે માનીતા મંદિરો માં વહેંચાતા પ્રસાદ સામે પણ પગલાં ભરી રહી છે.

દેશ ભર માં ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર ઓથોરીટ ઓફ ઈન્ડિયા(fssai) દ્વારા જાણીતી કપંની ની મેગી સામે બનેલાં પગલાં બાદ હવે જાહેર જનતા ની સ્વાસ્થ્ય સુરક્ષા ને લઈ દેશ માં અનેક ધાર્મીક મંદિરો માં વહેંચાતા પ્રસાદ મામલે સખ્તાઈ નાં પગલાં લેવા માં આવી રહ્યા છે. ત્યારે ગુજરાત ના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર માં પણ વર્ષે લાખ્ખો શ્રધ્ધાળુંઓ દર્શનાર્થે આવતાં હોય છે. જ્યાં મોહનથાળ નો પ્રસાદ બોક્ષ પેકીગ માં વહેંચવામાં આવે છે. જેમાં ચણા નો લોટ, ઘી, અને ખાંડ જેવાં પ્રદાર્થો ભેળવી ને પ્રસાદ ને તૈયાર કરવામાં આવે છે. જે મટેરીયલ ની પુર્વ ચકાસણી કરાયાં બાદ જ ઉપયોગ માં લેવાતાં હોવાનું મંદિર ટ્રસ્ટ નાં કોન્ટ્રાકટર ગુણવંત પંચાલ (ટચ એન્ડ ફાઉન્ડેસન )નું માનવું છે ને સમય અંતરે હાલ માં પણ ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ચકાસણી કરાતાં હોવાનું જણાવી રહ્યુ છે.

અંબાજી મંદિર માં બનાવાતો પ્રસાદ રોજીંદો હજારો કિલો જેટલો પ્રસાદ બનાવવામાં આવે છે ને યાત્રીકો નો ઘસારો વધે તો તેનાં પ્રમાણ માં વધારો પણ કરાતો હોય છે ને મંદિર ટ્રસ્ટ નો આ પ્રસાદ ખાનંગી કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવે છે. જોકે નવાઇ ની વાત તો એ છે કે પ્રસાદર રોજ બનતો હોવાથી ની ચકાસણી થવી જોઇએ ને હાલ માં અંબાજી મંદિર ટ્રસ્ટ નાં બનાવાયેલાં પ્રસાદ નાં નમુના દર માસે માં લેવામાં આવે છે. તેમ મંદિર ના વહીવટદાર આર.કે પટેલ જણાવી રહ્યા છે

અંબાજી જેવાં ધાર્મીક સ્થળો એ રોજીંદા બે,પાંચ કે દશ નહીં પણ હજ્જારો યાત્રીકો રોજીંદા દર્શનાર્થે આવતાં હોય છે ને જ્યાં ખાનંગી કોન્ટ્રાક્ટરો દ્વારા પ્રસાદ બનાવવાની બાબત આવે ત્યારે ખરેખર નિયમીત પણે રોજીંદા સેમ્પલ લેવડાવવાં જોઈએ જેથી કરીને મંદિરે આવતાં હજારો શ્રધ્ધાળુંઓ ને શુધ્ધ સાત્વીક અને આરોગ્ય વર્ધક પ્રસાદ મળી રહે તે માટે નું કેન્દ્ર સરકાર દ્વારા આ ફુડ સેપ્ટી એન્ડ સ્ટાન્ડર ઓથોરીટી ઓફ ઈન્ડિયા નું પ્રસાદીની ચકાસણી બાબત નાં પગલાં સરહાનીય ગણાશે.

# થરા પાલીકામાં ૨૯ રોડના કામનું ખાત મુહુર્ત કરાયું

## રૂા.૨૨૦.૬૩ લાખના ખર્ચે રસ્તાના કામો થશે



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના થરા પાલિકા વિસ્તારમાં ૧૪ મા નાણાં પંચ ગ્રાન્ટ યોજના હેઠળ ભૂગર્ભ ગટર યોજના તળે તૂટેલા રસ્તા રીપેરીંગ કરવા માટે રૂા.૨૨૦.૬૩ લાખની ગ્રાન્ટ આવેલ હોવાથી ગઈકાલે પાલીકા પ્રમુખ વિનોદજી ઠક્કર ઉપપ્રમુખ ધીરજભાઈ શાહ, કોર્પોરેટર અમરતજી કાકરેચા, મતાબેન તેરવાડીયા, રાકેશભાઈ શાહ, ખતીજાબેન મેમણ, સુબાજી તેરવાડીયા કરીમખાન ઘોરી, ગીરાબેન શાહ, ભાવનાબેન પ્રજાપતિ ચીફ ઓફીસરશ્રી જતીનભાઈ મહેતા સહિતપાલીકા સ્ટાફ ઉપસ્થિત રહેલ ખાતમુહુર્ત વિધિ નંદ કિશોર મહારાજ તાણાંવાળા એ વિધિ વિધાન પૂર્વક કરેલ આ ખાત મૂહુર્ત વિધિ તાલુકા પંચાયત કાંકરેજના પૂર્વ પ્રમુખ હરગોવનભાઈ ત્રિવેદીના ઘર પાસેથી કરવામાં આવી.

આ પ્રસંગે વિપુલભાઈ પ્રજાપતિ જોગાજી ઠાકોર અશ્વિનજી ઠાકોર, રંગીતજી ઠાકોર, સોમનજી ઠાકોર રાકેશભાઈ બુકોલીયા દિલીપજી ઠાકોર મથુરજી ઠાકોર રતિલાલ ઠક્કર સહિત નગરજનો ઉપસ્થિત રહેલ થરાનગરમાં સર્વીસ રોડના ફુટપાથની ગટર રોગચાળો નોતરે તેવી દુર્ગંધ મારી રહી છે ત્યારે આજના પ્રસંગે લોકોમાં ચર્ચા હતી કે ટ્રાફીકને અડચણ રૂપ દબાણો દુર કરી ફુટપાથની ગટરની ચોમાસા પહેલા સફાઈ થાય પાલીકા વિકાસના કાર્યોની સાથે ટ્રાફીક સફાઈ ગંદકી બાબતે જાગૃત બને તેવું લોકો ઈચ્છે છે ગંદકી કરતા ઠંડા પીણા - ફાસ્ટફુડ ફરસાણના વેપારીઓ પ્રત્યે કડક વલણ અપનાવે તેવી લોકોની માંગ છે. નેશનલ હાઈવે ઓથોરીટીની જવાબદારી ક્યાં કેટલી તે બાબતે અંગે પાલીકા સત્તાધીશો અધિકારી કર્મચારીઓ ધ્યાન આપશે ખરૂ. ??

# વાવના દેથળી ગામે ઓર્થોપેડીકની પ્રેકટીસ કરતા અભણ હાડવૈદ્ય સામે તપાસ જરૂરી

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના દેથળી ગામે છેલ્લા ૨૫ વર્ષથી એક અભણ હાડવૈદ્ય હકીમ એમએસ ઓથો સર્જનની કામગીરી કરી સરહદી પ્રજાને લુંટી રહ્યો છે. માત્ર એક ચોપડી ભણેલો આ અભણ હાડવૈદ્યને ત્યાં આવતાં હાડકાના દર્દીઓને એમ.એસ. ઓર્થો સર્જન કરતાં હાઈ પાવરની દવા ગોળીઓ આપે છે.

જાણવા મળતી માહિતી અનુસાર આ હકીમે પોતાના રહેણાંક મકાન ઉપર પોતાના મોબાઈલ નંબર લગાવી દીધા છે. તુટેલા હાથ પગ, કમર, ગુડા, આંગળી, હાથના દુઃખાવા માટે આવતા દર્દીઓને પાટા બાંધી મસમોટી રકમની ફી વસુલ કરે છે. વધુમાં ગ્રામીણ વિસ્તારમાં વિઝીટ કરવાની પોતાની વિઝિટ ફી રૂા. ૧૦૦૦ અને ગાડીભાડુ અલગ કક્કાના 'ક' માન સમજતો આ દેથળી ગામનો ઉંટવૈદ્યો હકીમ રોજીંદી ૫ થી ૭ હજારની પ્રેકટીસ કરી લોકોને બેફામ લુંટી રહ્યો છે. વધુમાં તેની પાસે સારવાર અર્થે આવતા દર્દીઓ ઉંચે અવાજે બોલી પણ શકતા નથી અને જો ઉંચા અવાજે બોલે તો તેનું જોડે અણસમજુ વર્તન કરાય છે. ભાગેલા હાથ પગના કિસ્સામાં આવતા દર્દીઓને હાડકાં સાંધવા માટે આ હકીમ જમીન આસમાન એક કરી રાડચીસો પડાવી દે છે. જેમાં કેટલાય દર્દીઓને આજીવન ખોડ આવી ગઈ છે. અંદાજે ૨૫ વર્ષથી પ્રેકટીસ કરતા દેથળી ગામના આ અભણ હાડવૈદ્ય સામે પગલાં ભરવામાં આરોગ્યતંત્ર કેમ પાંગળુ સાબીત થઈ રહ્યું છે તે સમજાતું નથી. આ ઉંટવૈદ્ય હકીમની આરોગ્યતંત્ર શાન ઠેકાણે લાવે તે જરૂરી છે.

# સામરવાડાની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ

## દલીત સમાજની સગીરાને ત્રણ શખ્સોએ અપહરણ કરી બેગ્લોરની હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાની સામરવાડા ગામની એક દલીત સગીરાનુ અપહ-રણ કરી બેગ્લોર લઈ જઈ દુષ્કર્મ આચર્યાની ફરીયાદ ધાનેરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. દિલ્હીની નિર્ભયા કાંડમા આરોપીને કોર્ટે ફાંસીની સંભળાવ્યાનો થોડો સમય થયો છે. ત્યારે ધાનેરા તાલુકાના સામરવાડા ગામના વતની સુરેશભાઈ ભીખાભાઈ ચૌધરી તેમના મિત્ર હિતેશભાઈ રત્નાભાઈ ચૌધરી અને રમેશભાઈ રાનેગાભાઈ ચૌધરી ત્રણે શખ્સો મળી તા.૬/૫/૨૦૧૭ ના રોજ બપોરના એક વાગ્યાની આસપાસ ઉકરડા ઉપર કચરો નાંખવા આવેલી એક દલીત સગીરાનું મોઢું દબાવી સફેદ કલરની ગાડીમાં બેહોસ કરી અપહરણ કરી ગયા હતા. જોકે સગીરાને ભાન આવતા બેગ્લોરની એક હોટેલમાં હોવાનું માલુમ પડ્યુ હતું. ત્યારબાદ સુરેશભાઈ ભીખાભાઈ તેમની ઉપર દુષ્કર્મ આચર્યુ હતું. અને તેમના સગા વહાલાઓને જાણ થતા સામરવાડા ખાતે પરત લાવવામાં આવ્યા હતા. આ અંગે સગીરાએ ધાનેરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી દુષ્કર્મની ફરીયાદ નોંધાવતાં પોલીસે આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તેમજ પોકઓ એક્ટ ૪૬૧૭ અને એક્ટ્રોસિટી એક્ટ કલમ ૩(૧) ડબ્લ્યુ (૧), ૩ (૨) ૫ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ ચલાવી રહી છે.

# સિધ્ધપુર તાલુકાના ગાગલાસણ ખાતે સરકારી માધ્યમિક શાળા અભિવાદન સમારોહ યોજાયો

## નવનિયુકત ૫૧ સરપંચઓનું મહાનુભાવોના હસ્તે સન્માન



વિજય શુકલા

પાટણ

પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ગાગલાસણ ગામે મહેસુલ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રખર અર્થશાસ્ત્રીશ્રી ડાૅ. જય નારાયણ વ્યાસ અને મહાનુભાવોના હસ્તે સરકારી માધ્યમિક શાળાનું અભિવાદન કરવામાં આવ્યું હતું. સિધ્ધપુર વિધાનસભા મતક્ષેત્રમાં આવતા બીજા તબકકાના ચૂંટાયેલા અને સમરસ નવનિયુક્ત ૫૧ સરપંચશ્રીઓનું મહાનુભાવોના હસ્તે ફુલહાર અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહેસુલ અને શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સરપંચશ્રીઓને પાંચ વર્ષના શાસનમાં ગામના વિકાસ કામોનું આયોજન કરી અગત્યના કામોને પ્રાયોરીટી આપવા જણાવ્યું હતું. કેન્દ્ર અને રાજય સરકારની અનેકવિધ યોજનાઓની ગામ લોકોને જાણકારી આપી લાભાર્થીઓને લાભ પહોંચાડવા અનુરોધ કર્યો હતો. સૌને સાથે રાખી ગામનો સર્વાંગી અને સમતોલ વિકાસ થાય તેનું ધ્યાન રાખવું. રાજય સરકારે મધ્યમ વર્ગના લોકોને અસાધ્ય રોગોની વિનામુલ્યે સારવાર મળી રહે તે માટે રૂ. ૧.૨૦ લાખની મર્યાદા વધારી રૂ. ૧.૫૦ લાખ કરવામાં આવી છે.

વધુમાં મંત્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગામડાની માતા-બહેનોમાં ધુમાડાના કારણે ટી.બી.નું પ્રમાણ વધારે હોવાનું જણાતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉજ્જવલા યોજના અમલમાં મુકી ગરીબ પરિવારોને વિનામુલ્યે રાંધણ ગેસ આપવામાં આવી રહયા છે. શ્રી મોદીએ અમીરોને રાંધણ ગેસની સબસીડી છોડી દેવા અપીલ કરતાં તેનો ઘણો સારો પ્રતિસાદ મળેલ છે.

આ કાર્યક્રમમાં સિધ્ધપુર ખરીદ વેચાણ સંઘના પ્રમુખશ્રી પ્રહલાદભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રી અજીતભાઇ મારફતીયા, પ્રાંત અધિકારીશ્રી જેગોડા, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વ્યાસ, સંગઠ્ઠનના અગ્રણીઓ સર્વશ્રી મનીષ આચાર્ય, વિષ્ણુભાઇ પટેલ, ચીનુભાઇ બ્રહ્મભટ્ટ, બાબુજી ઠાકોર, હરીભાઇ પટેલ, સોહનજી ઠાકોર, યોગેશ પટેલ, મનીષ શેઠ, પ્રહલાદજી ઠાકોર, ગામના સરપંચશ્રી હંસાબેન સ્વામી, સિધ્ધપુર વિધાનસભા વિભાગના નવનિયુકત સરપંચશ્રીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# લાખણી તાલુકા ભાજપની કારોબારી બેઠક યોજાઈ



દિલીપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

ભારતીય જનતા પાર્ટીની સંગઠનની સીસ્ટમ પ્રમાણે પ્રદેશ લેવલે, જિલ્લા લેવલે તેમજ તાલુકા લેવલે પાર્ટીની કારોબારીની ક્રમશઃ મીટીંગ યોજાતી હોય છે. બનાસકાંઠા જિલ્લા ભાજપની કારોબારી થરાદ ખાતે થયા પછી બનાસકાંઠાના તમામ મંડળ કક્ષાની કારોબારીઓનું તમામ મંડળ દ્વારા આયોજન કરવામાં આવેલ.

જે અંતર્ગત લાખણી તાલુકા ભાજપની પણ કારોબારીનું આયોજન લાખણી એ.પી.એમ. સી. ખાતે કરવામાં આવેલ. જે જિ.ભાજપ મહામંત્રી ઉમેદદાન ગઢવી, પૂર્વ જિ.ભાજપ મહામંત્રી ગુમાનસિંહ ચૌહાણ તથા લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. જેમાં પાર્ટીના હોદ્દેદારોમાં ઈશ્વરભાઈ રબારી, લાખણી સરપંચ નાનજીભાઈ પટેલ, સવજીભાઈ રાજપુત, ખેમજીભાઈ, મુળરાજસિંહ વાઘેલા યુવા ભાજપ પ્રમુખ, અમિતભાઈ દેસાઈ, અશોકભાઈ દેસાઈ, તલાજી ઠાકોર તથા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તા અને હોદ્દેદારો હાજર રહેલ. આ કારોબારીનું સંચાલન લાખણી તાલુકા ભાજપના મહામંત્રી ગણેશભાઈ રબારી તથા કમાજી ઠાકોરે કરેલ.

# ધાનેરાના આલવાડા નજીક જાનૈયા ભરેલી જીપ પલટી

## ૧૫ થી વધુ જાનૈયા ઘવાયા

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના રમૂણના જાનૈયાઓને નડેલા માર્ગ અકસ્માતના બીજા દિવસે આલવાડા અને ખિંમત અને ઉમેદપુરાથી જાન ભરીને જતા પી-કઅપ ડાલા વચ્ચે વાનર આવી જતા ડાલુ પલટી ખાઈ ગયું હતું. તેથી ૧૫ થી વધુ જાનૈયા ઘવાયા હતા.

રાજસ્થાનને અડીને આવેલા ધાનેરા તાલુકામાં માર્ગ અકસ્માતો વધી પડ્યા છે. ત્યારે ગઈકાલે સવારે ૮ વાગ્યાના સુમારે ઉમેદપુરાથી પુરોહીત પરિવારની જાન પિકઅપ ડાલામાં જડીયા ગામે જઈ રહી હતી. ત્યારે આલવાડા અને ખિંમત ગામ વચ્ચે પુરઝડપે દોડતા ડાલા વચ્ચે અચાનક વાનર આવી જતા ચાલક સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવી બેઠો હતો. તેથી ડાલુ પલટી ખાઈ ગયું હતું. જેથી જાનૈયાઓએ બૂમાબૂમ કરતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. અને જાનૈયાઓને ડાલા હેઠળથી બહાર નીકળ્યા હતા. બાદમાં ૧૦૮ મોબાઈલ વાન મારફત ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ધાનેરા સિવિલ ખસેડાયા હતા જ્યારે ગંભીર હદે ઘવાયેલા ડીસા અને પાલનપુર ખસેડાયા હતા.


એન.કે. મોદી

**સિવિલના ઈજાગ્રસ્તો**

રાજુભાઈ ખેમાભાઈ (ઉમેદપુરા), શાંતીભાઈ મફાજી (ભારરામ), લક્ષ્મીબેન શાંતીભાઈ (ભારરામ), જાગૃતિબેન શાંતીભાઈ (ભારરામ), જોતીબેન અજાભાઈ (ભારરામ), ભાવેશભાઈ કાંતિલાલ (કોરી).

# બનાસકાંઠા જિલ્લાના બે આઈ.એ.એસ. અધિકારીઓનો સત્કાર સમારંભ યોજાશે

## ચાણક્ય ચિંતનમંચ દ્વારા દાંતીવાડા ખાતે જિલ્લાના બે સપૂતોનુ સન્માન થશે

ડીસા

બનાસકાંઠા જિલ્લના ગૌરવ સમા બે આઈએએસ અધિકારીઓ સી.આર.ખરસાણ અને એસ.એમ. ખટાણાનું ચાણક્ય ચિંતનમંચ બનાસકાંઠા દ્વારા તા.૧૩ મે ૨૦૧૭ ને શનિવારના રોજ દાંતીવાડા સરદાર કૃષિ નગર ખાતે ઓડીટોરીયમ હોલમાં સત્કાર સમારંભનુ આયોજન કરાયુ છે.

કેન્દ્રિય રાજ્ય મત્રી હરિભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં તેમજ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાનાર આ સત્કાર સમારંભમાં અતિથિ વિશેષ તરીકે રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ, ધારાસભ્ય પરબતભાઈ પટેલ, જોઈતાભાઈ પટેલ, ગોવાભાઈ દેસાઈ, ધારશીભાઈ ખાનપુરા, મહેશભાઈ પટેલ, કાન્તીભાઈ ખરાડી, મણીભાઈ વાઘેલા, જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, બનાસબેન્કના ચેરમેન એમ.એલ.ચૌધરી, બનાસડેરી વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, જિલ્લા સહકારી સંઘના ચેરમેન અણદાભાઈ પટેલ જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન કેશરભાઈ પી.ચૌધરી ઉપસ્થિતિ રહેશે. બનાસકાંઠા જિલ્લાના બે સપુતોએ આઈ.એ.એસની નિમણુંક પામી સમગ્ર જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. સી.આર.ખરસાણા વલસાડ કલેક્ટર તરીકે તેમજ એસ.એમ. ખટાણાનું મોરબી ડી.ડી.ઓ. તરીકે ફરજ બજાવી રહ્યા છે.

**કાંઠા વિસ્તારના પ્રથમ આઈએએસ સી.આર.ખરસાણનો પરિચય**



દિયોદર તાલુકાના રૈયા ગામના વતની સી.આર.ખરસાણે પાલનપુર વિદ્યામંદિરમાં ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરી ગુજરાત યુનિવર્સિટીમાં સાયન્સ વિષયમાં પ્રથમ ક્રમાકે પાસ કરી બેચલર ઓફ લોની ડીગ્રી પ્રાપ્ત કરી હતી. ૧૯૮૯ માં તેઓએ જીપીએસસી પાસ કરી ગુજરાત સરકારમાં નાયબ કલેક્ટર તરીકે જોડાયા હતા. તેઓ નિવાસી નાયબ કલેક્ટર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ (વડોદરા) તરીકે ફરજ બજાવી વસ્તી ગણતરીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવ્યો હતો. ત્યારબાદ નાયબ મ્યુ.કમિશ્નર વડોદરા અને મ્યુ.કમિશ્નર તરીકે ગાંધીનગર અને બાદમાં અમદાવાદ ખાતે ફરજ દરમિયાન ૧૫/૧/૨૦૧૫ ના રોજ આઈ.એ.એસ.ની બઢતી મેળવી હતી. આ ઉપરાંત વિવિધ દેશોમાં સેમિનારમાં ભાગ લીધેલ છે.

# દાંતા પોલીસે વિદેશી દારૂ ભરેલું ડાલુ ઝડપ્યું

પાલનપુર

દાંતા પોલીસે બાતમીના આધારે રૂા.૪૭,૩૦૦ નો વિદેશી દારૂ ભરેલ પીકઅપ ડાલા સાથે નરેશભાઈ રતનાજી અસારી (રહે.કવેલ તા.ઝાલોર જિ.ઉદેપુર) અને રમેશભાઈ ગલબાભાઈ પ્રજાપતિ રહે.મોરીયા, તા.વડગામ) ને ઝડપી પાડ્યા હતા. પોલીસે વિદશી દારૂ અને ડાલુ મળી કુલ રૂા.૩,૦૯,૮૫૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# થરાદમાં દુષ્કર્મના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર

થરાદ પોલીસ મથકે નોંધાયેલ બળાત્કારના ગુનામાં છેલ્લા ચાર મહીનાથી નાસતા ફરતા મુખ્ય આરોપી કિરણકુમાર વર્ધીલાલ ઓઝા (રહે.ચામુંડાનગર, થરાદ) ને પોલીસે આબાદ ઝડપી પાડ્યો હતો અને બાકીના ૧૦ આરોપીને પકડવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



# ડીસાના બંધ મકાનમાં સટ્ટો રમતા બે ઝડપાયા

## એલ.ઈ.ડી. સહિત કુલ રૂા.૧૭,૩૦૦ નો મુદ્દામાલ જપ્ત

ડીસા

બનાસકાંઠા જિલ્લા એલ.સી.બી. અને એસ.ઓ.જી. પોલીસે ડીસાના રીજમેન્ટ રોડ ઉપર આવેલ કિશોર પાર્કના એક બંધ મકાનમાં દરોડો પાડી આઈ.પી.એલ.ની મેચ ઉપર સટ્ટો રમતા બે શખ્સોને રૂા.૧૭,૩૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

સમગ્ર દેશમાં આઈ.પી.એલ. ટુર્નોન્ટનો રોમાંચ છવાયો છે. ત્યારે સટ્ટોડીયા પણ સક્રીય બની ગયા છે પરંતુ આ વખતે જિલ્લા પોલીસ વડાની સૂચનાથી પોલીસે સટ્ટાની ગેરકાયદે પ્રવૃતિ ઉપર બાજ નજર રાખી રહી છે તેથી સટોડીયા પકડાવા લાગ્યા છે ત્યારે ડીસાના કિશોર પાર્કમાં આઈ.પી.એલ.ની મુંબઈ ઈન્ડિયન અને કીંગ ઈલેવન પંજાબ વચ્ચેની ટ્વેન્ટી મેચનો સટ્ટો રમાતો હોવાની મળેલી બાતમીના આધારે એલ.સી.બી.પી.આઈ. જે.એચ. સિંધવ અને એસ.ઓ. જી. પી. આઈ. આર.કે.પાઠકે સ્ટાફ સાથે આકસ્મિક દરોડો પાડ્યો હતો. જેમાં મેચનું ટીવીમાં જીવંત પ્રસારણ નિહાળી સટ્ટો રમતા જીજ્ઞેશકુમાર શૈલેષભાઈ શાહ (રહે.કિશોરપાર્ક) અને તુષાર દિલિપભાઈ ઠક્કર (રહે. ગ્રીન પાર્ક સોસાયટી) ને ઝડપી પાડ્યા હતા. જેઓ મેચનું પ્રસારણ નિહાળી મોબાઈલની 'લાઈટ લાઈનથી ભાવો મેળવી રમેશ પટેલ અને મહેશ માળી સાથે રન દિઠ ક્રિકેટનો સટ્ટો રમતા હતા. પોલીસે મકાનમાંથી બે મોબાઈલ, એલ.ઈ. ડી. રીસીવર, ચાર્જર મળી કુલ રૂા.૧૭,૩૦૦ નો મુદ્દામાલ પણ કબ્જે કર્યો હતો. બાદમાં બંને વિરૂધ્ધ ઉત્તર પોલીસ મથકે ગુનો નોંધાવી બંને ગ્રાહક વિરૂધ્ધ પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદની યુવતીના ખોટા દસ્તાવેજો બનાવી લગ્ન કરાયાની ફરીયાદ

## યુવતી રાજસ્થાન હતી એજ દિવસોના દસ્તાવેજો બનાવી સરકારી કામે રજુ કરાતાં ખળભળાટ

થરાદ

થરાદની યુવતીના નામે ખોટા સ્ટેમ્પ ખરીદી નોટરી સમક્ષ ખોટાં સોગંદનામા બનાવી ખોટી સહિઓ સાથેનું લગ્નની નોંધણીનું પ્રમાપત્ર બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી રુપીયા ૧૬૦૦૦ના દરદાગીના સાથે ભગાડી લઇ જવાની ફરીયાદ યુવતીના પિતાએ કર્મકાંડ કરતા મહંત,નોટરી તથા અન્ય મળીને છ સામે નોંધાવતાં ખળભળાટ મચવા પામ્યોછે.પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.બનાવથી ચકચાર મચવા પામી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યુ હતુકે થરાદ શહેરની મહેશ્વરી સોસાયટીમાં રહેતી અને બીએસસી સુધી ભણેલી ૨૪ વર્ષીય પ્રિયંકા ગત તારીખ ૨૪/૦૪/૨૦૧૭ના રોજ ઘેરથી મોટાભાઇને ત્યાં જવાનું કહીને ગયા બાદ ગુમ થઇ જવા પામી હતી.જે મોડા સુધી પરત નહી આવતાં ચિંતીત પરિવારે તપાસ કરતાં તે ત્યાં નહી ગઇ હોવાનું અને તેના મોબાઇલ પરથી વાત ન થતાં માત્ર ચિંતા નહી કરવાનો મેસેજ આવ્યા બાદ શંકા જતાં વધુ તપાસ કરતાં ફોન પણ બંધ થઇ જવા પામ્યો હતો.આથી પરિવારે ડીએસપીને રજુઆત કરી હતી.

જ્યારે પોતાના ઘરમાં તપાસ કરતાં પ્રિયંકા તીજોરીમાંથી સોનાની બે વિંટી તથા દોરો ત્રણ તોલા કિંમત ૯૦૮૦૦ તથા રોકડ ૭૦૦૦૦ પણ સાથે લઇને ગઇ હતી.બીજી બાજુ પ્રિયંકાની તપાસ કરતાં પાટણની ગ્રીનપાર્ક સોસાયટીના રાજ જીગરકુમાર ગીરીશચંદ્ર એ પાટણ પોલીસ અને પ્રિયંકાના પરિવારને ત્યાં નોટરી રૂબરૂનાં સોગંદનામાં અને લગ્ન નોંધણીનાં પ્રમાણપત્રો તા.૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરીના અમદાવાદ શાહપુર બનાવેલ મોકલતાં પરિવારને સાચી હકીકતની જાણ થઇ હતી.જોકે આ અરસામાં પ્રિયંકા પરીવાર સાથે રાજસ્થાન મામાને ત્યાં લગ્નમાં હતી. તા.૩૦ મીએ ગણેશસ્થાપના તથા ૩૧ મી જાન્યુઆરીએ સંગીતસંધ્યા બાદ રાત્રે ૧૨ બાર વાગ્યે જાન લઇને સાંચોરથી ગાંધીનગર અને ત્યાંથી સાંજે પાંચ વાગ્યે સાંજે પરત આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# મોટા કરઝા ગામે પત્નીનો હત્યારો પતિ પકડાયો


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકાના મોટા કરઝા ગામે ભાગીયા તરીકે મજુરી કરતા આદિવાસી ઈસમે પોતાની પત્ની પર વહેમ રાખી બુધવારના બપોરે ગરદન મરોડી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. જેને પોલીસે પકડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. અમીરગઢ પી.એસ. આઈ. કે.વાય.વ્યાસે જણાવ્યું હતું કે કંસારા ગામના વતની જુંમાભાઈ ગોવાભાઈ પીસરા પોતાના પરિવાર સાથે ખેત મજુરી કરતો હતો જુમાભાઈને પોતાની પત્નિ પર વહેમ હોવાથી શંકાને લઈને બુધવારના બપોરે બબલીબેનની ગરદન મરોડી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. જેથી તેને ગુરૂવારે માડી રાત્રે પતિ જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. જ્યારે મૃતક બબલીબેનનુ પોસ્ટ મોર્ટમ અમીરગઢ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કરાવી મૃતદેહ વાલી વારસદારોને સોપી દેવાયો હતો આ બનાવ સંદર્ભે મૃતકના ભાઈ કશનાભાઈ સોમીરાભાઈ ગમારની ફરિયાદના આધારે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાલનપુરના રાજપુર ગામે થી યુવતીનું અપહરણ મામલે ફરિયાદ

અપહરણ મામલે ૧૩ ઈસમો સામે ફરિયાદ નોંધાઈ

પાલનપુર

પાલનપુર તાલુકાના રાજપુર ગામમાં થી એક યુવતીનું અપહરણ થતા ચકચાર મચી ગઈ છે. અગાઉથી જ પ્રી પ્લાન મુજબ આ યુવતી નું અપહરણ કરાયું હોવાની રાવ ઉઠી છે. જ્યારે અપહરણકર્તાના કુટુંબીઓ લાજવાને બદલે ગાજી રહ્યા છે અને ફરિયાદીને ધમકી આપી રહ્યા છે. જે મામલે યુવતીના પિતાએ આ ગુનામાં સંડોવાયેલ ૧૩ લોકો વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે ફરિયાદ આપતા પાલનપુર તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વડગામ કોલેજના દરવાજા આગળ બમ્પ મૂકવાની માંગ

તા. પ્રતિનિધિ વડગામ

વડગામ પાલનપુર નેશનલ હાઈવે નં. ૫૮માં રીલાયન્સ પેટ્રોલ પંમ્પ પાસે, એસ્સાર પેટ્રોલપંમ્પ નજીક અને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના મુખ્ય ગેટ આગળ સ્પીડ બ્રેકર મુકવા તાલુકાની જનતાની માંગ છે આ ત્રણ જગ્યાએ રોડક્રોસ કરતા વારંવાર અકસ્માત નિવારી શકાય જ્યાં જરૂર નથી ત્યાં ચાર - ચાર બમ્પ બનાવ્યા છે અહીં તાતી જરૂર હોવાથી બમ્પ મુકવામાં આવતા નથી ખરોડી ગામમાં છ-સાત ફુટના અંતરે ચાર બમ્પ કુદરવા પડે છે.

# ધાનેરાના કોટડા ગામે દુધમાં યુરીયા ખાતરની ભેળસેળને લઈ દુધ મંડળી બંધ કરાઈ

## છેલ્લા ત્રણ દિવસથી બનાસડેરી દ્વારા દુધ સ્વીકારવાનું બંધ કરાતા દુધ ગ્રાહકો રજળી પડ્યા



વી.બી. રાજપુત

પ્રતિનિધિ રવિયા

ધાનેરા તાલુકાના રવિયા પાસે આવેલ કોટડા ગામની દુધ મંડળીમાં દુધમાં યુરીયા ખાતરની ભેળસેળ જણાતાં બનાસડેરી દ્વારા દુધ મંડળીનું દુધ સ્વીકારવાનું બંધ કરાતા છેલ્લા ત્રણ દિવસથી દુધ ગ્રાહકો રઝળી પડ્યા છે. ધાનેરા તાલુકાના કોટડા દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં દુધમાં જન આરોગ્ય માટે હાનિકારક એવા યુરીયા ખાતરની ભેળસેળ જણાતા બનાસડેરીનું ટેન્કર દુધ લીધા વગર જ પરત ફર્યું હતું. તા. ૯/૫/૨૦૧૭ થી બનાસડેરી દ્વારા મંડળીનું દુધ સ્વીકારવાનું બંધ કરી દેતાં ગામના દુધ ગ્રાહકો રઝળી પડ્યા છે. જો કે દુધ ગ્રાહકોએ બનાસડેરીના અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ હાથ ધરી કસુરવારો સામે કડકમાં કડક કાર્યવાહી કરાય તેવી માંગ ઉઠી છે. જાણવા મળ્યા મુજબ મંડળીમાં કેટલાક લોકો દ્વારા ગોટાળા કરાતા પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ દુધ ગ્રાહકો સાથે થઈ છે.

# અમીરગઢ બોર્ડર ઉપર વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

## ટ્રક અને દારૂ મળી રૂા. ૪૭,૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ બોર્ડર ઉપર વાહનોની ચકાસણી દરમ્યાન પોલીસે રૂા.૩૫,૭૮,૪૦૦ નો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. પરંતુ ચાલક રાતના અંધારાનો લાભ ઉઠાવી નાસી છૂટ્યો હતો.

જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર્ર નશાબંધીના નવા કાયદાના કડક અમલીકરણ અને દારૂની હેરાફેરીના નેટવર્કને તોડી પાડવાની આપેલી સૂચના તથા ઈન્ચાર્જ ના. પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા (ડીસા) અને ઈન્ચાર્જ સર્કલ પી.આઈ. ડી.ડી. ગોહીલ (ડીસા) ની સૂચના

અનુસંધાન પાના નં.૬

# ઢીમામાં ૮૦૦ વર્ષ પૂર્વે ધરણીધર ભગવાનની પ્રતિષ્ઠા થઈ

## સેવકના સ્વપ્ન સંકેત મુજબ જેઠ સુદ ૧૧ ના રોજ પ્રતિષ્ઠા થતાં દર વર્ષે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાય છે


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

બ.કાં. જિલ્લાના વાવ તાલુકાનું ઢીમા ગામ અતિ પ્રાચીન, પાવનકારી દિવ્ય અને સુંદર યાત્રાધામ છે. પ્રાચીન કાળમાં વારાહ ક્ષેત્રથી ખ્યાતનામ એવા આ સ્થળે શ્રી વારાહ ભગવાનનું સ્વરૂપ હતું.સંવત ૧૩૫૩ માં અલાઉદ્દીન ખલજીએ આ મંદિરમાં બિરાજીત વારાહ ભગવાનની મૂર્તિ ખંડીત કરી હતી. ત્યારે આ ખંડિત મૂર્તિની જાંઘમાંથી શિવલીંગ પ્રગટ થયું હતું. જે આજે પણ ધરણીધર ભગવાનના મંદિરમાં જોગેશ્વર મહાદેવ નામે પ્રતિષ્ઠીત છે ત્યાર પછી આશરે સવાસો વર્ષ સુધી ખાલી સિંહાસનની પુજા થતી હતી. તે સમયે સાંચેહર બ્રાહ્મણ દલપતરામ સેવક થઈ ગયા. જેઓ પ્રભુજીના ભક્ત હતા. તેમની ઈચ્છા હતી કે અહીંયા ભગવાનનું દિવ્ય સ્વરૂપ બિરાજમાન થાય. તેમને ભગવાને સ્વપ્નમાં સંકેત કર્યો તે પ્રમાણે તેઓ તેમના પરમ મિત્ર અને ભક્ત સદાજી કરડની ગાયના ૬ માસના વાછરડાને બળદગાડે જોડી બળદગાડીમાં શ્રીજી ધરણીધર ભગવાનને લાવી તેમની ઈચ્છા મુજબ સંવત ૧૪૭૭ ને જેઠ સુદ ૧૧ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. શ્રી ધરણીધર ભગવાન રાજાશાહી મુછાળા, શામળીયા ભગવાન છે. આજે ૮૦૦ વર્ષ બાદ પણ જેઠ સુદ ૧૧ તા.૫-૬-૧૭ ના રોજ બપોરે ૧૨.૩૯ ના શુભ મુહુર્તમાં ભગવાન ધરણીધરજીની પ્રતિષ્ઠા અને ધ્વજારોહણનો કાર્યક્રમ રંગેચંગે ઉજવાશે. આ મહોત્સવની ઉજવણી માટે સમગ્ર ઢીમા નગરની જનતામાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ધાનેરાના સરાલ નજીક વિજ કંપનીના ડ્રાયવરને માર માર્યો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરાના સરાલ ગામ નજીક જઈ રહેલી જી.ઈ.બોર્ડની ગાડી આગળ અચાનક એક મહિલા આવી ગઈ હતી. તેથી ગામના યુવકે ગાળો બોલી ડ્રાયવરને કુહાડી અને લાકડી ફટકારી ઈજાઓ પહોંચાડી હતી.

ઘટનાની ટૂંકી વિગત જોઈએ તો ધાનેરા જી.ઈ. બોર્ડમાં હંગામી ડ્રાયવર તરીકે ફરજ બજાવી રહેલા રમેશભાઈ અજુજી ઠાકોર, બોર્ડના ડેપ્યુટી એન્જીનીયર, એસ.આર. પટેલ અને જુની. ડેપ્યુટી એન્જીનીયર, યુ.કે. દુબે મેઈન્ટેનન્સ અર્થે નાંદલા ગામે જઈ રહ્યા હતા. તે સમય દરમ્યાન સરાલ ગામ જોડે રસ્તામાં અચાનક એક મહિલા આવી જતા ગાડીનો ભાગ મહિલાને અડી ગયો હતો. તે સમયે બાજુમાં રહેલા નારણભાઈ વિહાભાઈ ચૌધરીએ ડ્રાયવરને જેમ તેમ ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ પોતાના પાસે રહેલી કુહાડી વડે રમેશભાઈ પર હુમલો કર્યો હતો અને લાકડી વડે માર માર્યો હતો અને આજુબાજુના લોકોએ ડ્રાયવરને વધુ મારતા બચાવ્યો હતો અને સારવાર અર્થે ધાનેરાની સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# આસિયામાં ઉધાર આપવાની ના પાડતા પિતા- પુત્ર ઉપર હુમલો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના આસિયા ગામે ગુટખા ઉધાર અપવાની ના પાડતા ત્રણ યુવાનોએ કરિયાણાના વેપારી અને પુત્રને માર મારી ઈજાઓ પહોંચાડી હતી. તેથી પિતા- પુત્રને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. બનાવની હકીકત એવી છે કે ધાનેરાના આસિયા ગામે તા. ૧૦/૫/૧૭ના સાંજના સાડા છ વાગ્યાના સુમારે મથુરભાઈ ઈશ્વરભાઈ ઠાકોરની પોતાની કરીયાણાની દુકાન ઉપર તેમની પત્નિ અને દીકરો ભાવેશ બેઠા હતા. તે દરમ્યાન, ગામના જ ઝવેરભાઈ રૂપાભાઈ રબારીના ભાણેજ જીગરભાઈ મફાભાઈ રબારી (રહે. કુચાવડા તા. ડીસા) એ દુકાન ઉપર આવી ઝાફરી (ગુટકા) ઉધાર માંગતા આપવાની ના પાડતાં તેઓ તથા પરબતભાઈ રૂપાભાઈ રબારી તથા સંજયભાઈ ... રબારી,એ મળી ભાવેશભાઈ તથા મથુરભાઈને માર મારી ઈજાઓ કરતાં તેઓને દવાખાને ખસેડેલ છે.

# ડીસામાં મહિલાના ગળામાંથી ચેન ખેંચી બાઈક ચાલકો ફરાર


ભરત સુંદેશા

ડીસાના ચંદ્રલોક રોડ ઉપર ગઈકાલે મોડી સાંજે બે મહિલાઓ પસાર થઈ રહી હતી તે સમયે પાછળથી બાઈક લઈને આવેલા બે શખ્સોએ એક મહિલના ગળામાંથી સોનાની ચેન ખેંચી ફરાર થઈ ગયા હતા. આ અંગે મહિલાએ ડીસા દક્ષિણ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી આવી બાઈક ચાલકોની સઘખોળ હાથ ધરી હતી.

# જુનાડીસાથી વીડ ગામ વચ્ચેની લીજ બંધ કરાઈ


ભરત સુંદેશા

જુનાડીસાથી વીડ ગામ જતા રોડ ઉપર તંત્ર દ્વારા લીજની મંજુરી અપાઈ હોઈ ત્યાંથી વારંવાર પસાર થતા ઓવર લોડ ડમ્પરોના કારણે રોડ ટુટી જવા પામ્યો છે. આ અંગે વીડના ગ્રામજનોએ ડીસા નાયબ કલેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી. જેના પગલે ગઈકાલે નાયબ કલેક્ટર ડો.દિગંત બ્રહ્મભટ્ટ તથા જિલ્લા ભુસ્તર વિભાગના અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લઈ હાલ પુરતી લીજ બંધ કરી દીધી છે. આ અંગે ભુસ્તર વિભાગ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સેવા સેતુ કાર્યક્રમથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ નાગરીકોને ઘર આંગણે સરળતાથી મળી શકે છે. : પ્રાંત અધિકારી

પાલનપુર

પાલનપુર તાલુકાના ગઠામણ મુકામે પ્રાંન્ત અધિકારી આર.કે.પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર પ્રાન્ત કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૬ જેટલા કલસ્ટાર ગામોના નાગરિકોને સરકાર વિવિધ યોજનાઓ અંતર્ગત વિવિધ લાભ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી પ્રાસંગીક પ્રવચન કરતાં પાલનપુર પ્રાન્ત અધિકારી આર.કે. પટેલે જણાવ્યું કે નાગરિકો સરકારની એક પણ યોજનાથી વંચિત ન રહે અને તેમના તમામ પ્રશ્નો એક જ સમયે અને સ્થળે ઉકેલ આવે તે માટે સેવા સેતુના માધ્યમથી વહીવટીતંત્ર દ્વારા સફળ પ્રયાસો કરવામાં આવે છે. લોકોની લાગણીને અને માગણીને ધ્યાનમાં લઈ પ્રજાને ઘરઆંગણે સેવા મેળવવાની સુવિધા ઉપલબ્ધત

અનુસંધાન પાના નં.૬

# વડગામ તાલુકાના ડાલવાણા અને મેજરપુરા ગામના મોમાં ફોયીના ભાઈઓએ સિદ્ધિ જનક પરિણામ મેળવ્યું

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના ડાલવાણા અને મેજરપુરા ગામના સગા મોમાં ફોયીના ભાઈઓએ ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં એકે ૯૮.૭૭ તો બીજાએ ૮૯.૦૧ પર્સેન્ટાઈલ રેંક મેળવી સિદ્ધિ જનક પરિણામ હાંસલ કરી સમગ્ર તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

ગુરુવારે ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. જેમાં વડગામ તાલુકાના મોમાં ફોયીના બે ભાઈઓએ પણ વિજ્ઞાન પ્રવાહમાં આકર્ષક પરિણામ હાંસલ કરી તાલુકાનું ગૌરવ વધાર્યું છે. જેમાં મૂળ વડગામ તાલુકાના મેજરપુરા ગામના વતની અને ગાંધીનગર ખાતે સુરક્ષા કર્મી તરીકે ફરજ બજાવતાં ભગવાનસિંહ ભાટીના

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

### મેધાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.

# અફઘાનિસ્તાનમાં વિસ્ફોટના બનાવોને પડકારી શકાયા નથી

અફઘાનિસ્તાનના ઉત્તરી પરવાન પ્રાંતમાં ગત મંગળવારની સવારે થયેલા બ્લાસ્ટમાં ઉલેમા કાઉન્સેલના પ્રમુખ સહિત ૯ લોકોના મોત થયા હતા. આ બ્લાસ્ટ એક મદ્રેસામાં કરવામાં આવ્યો હતો. જેથી ઘણા વિસ્તારોમાં તકેદારી માટેના પગલાં ભરવામાં આવ્યા છે. આ જીવલેણ બ્લાસ્ટના બનાવમાં આઠ બાળકોનો ભોગ લેવામાં આવ્યો છે, અફઘાનિસ્તાનના મોટાભાગના વિસ્તારોમાં મોટાભાગે તાલિબાન સંગઠન દ્વારા બ્લાસ્ટના બનાવો બનતા હોય છે. કેટલાક ત્રાસવાદીઓ કોઈ કાર હેઠળ બોમ્બ મુકીને અન્ય સ્થળેથી રીમોટ કંટ્રોલ દ્વારા બ્લાસ્ટ કરવામાં આવતાં નિર્દોષ લોકો જ ભોગ બનતા હોય છે.

જો કે જે મદ્રેસામાં બ્લાસ્ટ થયો છે તેની જવાબદારી કોઈ આતંકવાદી સંગઠને લીધી નથી. સ્થાનિક અખબારી અહેવાલો પ્રમાણે વિસ્ફોટકો મદરેસામાં રાખવામાં આવ્યા હતા. ત્યારે આ વિસ્ફોટકો મદરેસામાં કેવી રીતે પહોંચી ગયા હશે? તે બાબતે તકેદારી રાખનારા અધિકારીઓને તપાસ સોંપવામાં આવી છે. ગત માસે ઢાકા નજીક જે કારમાં બોમ્બ ધડાકો થયો હતો. આથી લગભગ ૨૭ જણા ઘાયલ થયા હતા. તાલિબાન સંગઠન દ્વારા આ બોમ્બ ધડાકો કરવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાનમાંથી તાલિબાન સંગઠનને પડકારવા માટે વર્તમાન સંજોગોમાં જે કામગીરી થઈ રહી છે તે ઉચિત જણાતી નથી. લશ્કરી કમાન્ડો અને અન્ય સૈનિક ટુકડીઓને અફઘાનિસ્તાનના પર્વતીય વિસ્તારમાંથી ખસેડવામાં આવતાં ત્યાંના રહેણાક વિસ્તારોમાં ભારે તંગદિલી વર્તાવા લાગી છે. આશ્ચર્યની વાત એ છે કે જ્યારે મદરેસામાં બાળકો અભ્યાસ કરવા આવે છે ત્યારે બ્લાસ્ટનો બનાવ બને છે, ગત વર્ષે એક શાળામાં વિસ્ફોટ કરવામા આવતા ૧૯ જેટલા બાળકોના મોત થયા હતા. અફઘાનિસ્તાનની રાજધાની ઢાકા ખાતે નવી લશ્કરી ચોકીઓ ઉભી કરવામાં આવી છે. જો કે હાલમાં લશ્કરી જવાનો પુરતા ન હોવાનું મનાય છે. પાંચ વર્ષ અગાઉ અફઘાન ખાતે લશ્કરી મેળાવડો હાથ ધરાયો હતો ત્યારે લશ્કરની ત્રણે પાંખોના વડાઓની ઉપસ્થિતિમાં ૨૦૦૦ નવા સૈનિકો જોડાયા હતા. ત્યારબાદ તે જ વર્ષમાં નવા ૫૦૦ જવાનોની ભરતી કરવામાં આવી હતી. તેમ છતાં અફઘાનિસ્તાનમાં જ્યારે ને ત્યારે કોઈ વિસ્ફોટક બનાવ બને છે. ત્યારે તાલિબાન દ્વારા વિસ્ફોટ કરવામાં આવતા હોવાનું મનાય છે.

હાલમાં કયા સંગઠને મદરેસામાં વિસ્ફોટ કર્યો હશે તે નક્કી નથી પરંતુ આ વિસ્ફોટમાં મૌલવી અબ્દુલ રહીમ શાહ હનાફી માર્યા ગયા હતા. માર્યા ગયેલા મૌલવી ઉલેચા કાઉન્સિલના પ્રમુખ હતા. તેઓ સામાજીક કાર્યો સાથે જોડાયેલા હતા. થોડા દિવસો અગાઉ ઢાકાના ઉત્તર વિસ્તારમાં પણ એક વિસ્ફોટની ઘટનામાં ૮ જણા માર્યા ગયા હતા.

અફઘાનિસ્તાનમાં વિસ્ફોટકો ક્યાંથી? કયા માર્ગેથી આવતા હશે તેની જાણકારી ખુદ ત્યાની સરકાર પણ મેળવી શકી નથી. ભારત- અફઘાન વચ્ચે ત્રાસવાદની સમસ્યાને પડકારવા તેનો કોઈ અર્થ સરી શક્યો નથી.

અફઘાનિસ્તાનમાં વારંવાર બનતા વિસ્ફોટના બનાવોથી અર્થતંત્રને ગંભીર અસર પડ્યા સિવાય રહેવાની નથી તે વાત ચોક્કસ છે.

# અંતર્દષ્ટિ- સન્માર્ગ

સાચા રસ્તે ચાલવું જેટલું જરૂરી છે, એટલું જ પડકારજનક. ઘર, ઓફિસ, સ્કૂલ-કોલેજ અને તેની વચ્ચે નેકી અને સદાચારની ડગરથી ભટકવા, ભ્રમિત કે વિચલિત કરવા માટે અનેક સામગ્રીઓ અને વ્યવસ્થાઓ જાણે એકજુટ થાય. તેથી સન્માર્ગની પસંદગી કરનારને આરંભથી કર્મઠતા, લગન અને બાધાઓથી તટસ્થ રહેવાનો સંકલ્પ લેવો જોઇએ. આદિકાળથી શેતાની શક્તિઓ દૈવી શક્તિઓ પર હાવી રહી, આજે પણ તેમનો દબદબો છે. નકારાત્મક, વિધ્વંસક સંવેગોથી અભિપ્રેરિત વ્યક્તિ પોતાના નાપાક મનસૂબાને અંજામ આપવામાં નૈતિકતા કે ઔચિત્ય પર વિચાર કરવામાં અસમર્થ રહે છે. સમાજ, કાર્યસ્થળ કે પ્રોફેશનલ દાયરામાં કાર્ય, યોગ્યતા, અનુભવ, નિષ્ઠા વગેરેમાં અયોગ્ય વ્યક્તિ દ્વારા જોડતોડથી ઉચ્ચ પદ આંચકી લેવા, જૂઠ-ફરેબથી વાહવાહી લૂંટતા જોઇને નેક વ્યક્તિ કદાચ શંકાગ્રસ્ત કે ક્ષુબ્ધ થઈ શકે છે કે પ્રભુનો આ કેવો ન્યાય છે? સર્વશક્તિ સંપન્ન પ્રભુ નકારાત્મક અસ્મિતાઓનો નાશ કેમ નથી કરતા? પરંતુ ના! સુર-અસુર બંનેના જન્મદાતા એ જ પરમાત્મા છે. ઈશ્વર બધાને પોતાના વિવેક અનુસાર પોતાનો માર્ગ પસંદ કરવાનો અવસર અવશ્ય આપે છે. ત્યારબાદ અસુલ જો ખોટું કાર્ય કરે છે તો તેમને એ ખોટા કાર્યનાં ખરાબ ફળ પણ ભોગવવાં પડે છે.

દુર્જનો દ્વારા નિર્મિત સંકટ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ સામે ઝઝૂમીને સત્યનિષ્ઠા ઓર સુદૃઢ અને પરિષ્કૃત થાય છે. વિચારક ખલીલ જિબ્રાન કહે છે કે તેમણે નિર્દયી લોકો પાસે દયાભાવ, અધીર લોકો પાસે ધૈર્ય અને વાતોડિયા લોકો પાસેથી શાંત રહેવાનું શીખ્યા. રામચરિતમાનસમાં તુલસીદાસ દેવી-દેવતાઓ સાથે એ રાક્ષસોની પણ વંદના કરે છે જેમનો પરપીડાથી સુખપ્રાપ્તિ સ્વભાવ છે. કદાચારીઓ પ્રત્યે દ્વેષ, ઘૃણા, શત્રુતા કે વૈમનસ્ય ભાવ રાખવાથી સાધકની ઊર્જા નિષ્ફળ કાર્યોમાં ખર્ચ થશે અને તે મનોયોગથી ગંતવ્ય તરફ અગ્રેસર નહીં રહી શકે. સાધકે વિઘ્નકારીઓની કુચેષ્ટાઓમાં ગુંચવાઈને મનને ડામાડોળ ન થવા દેવું જોઇએ, તેણે અર્જુનની માફક લ-ય પર કેન્દ્રિત રહેવાનું છે. એકાગ્રતાથી જ લ-ય પર ધ્યાન કેન્દ્રિત થઈ શકે છે. એકાગ્રતાની સ્થિતિ પામવા માટે તમારે અંતર્મુખી થઈને ધ્યાન કરવું જોઈએ. ધ્યાનના માધ્યમથી તમને એ અહેસાસ થાય છે કે તમારા અંતરમનમાં અક્ષય ઊર્જાનો ભંડાર સમાયેલો છે. આ પ્રકારનો ભાવ જ્યારે તમારા મનમાં બેસી જાય છે, ત્યારે તમે સન્માર્ગની જે દિશાની પસંદગી કરો છો, તેના પર સફળતા તમારી આગળ-આગળ ચાલે છે.

### આત્મચિંતન

## સફળતાનો ગૃપ્ત સ્ત્રોત દૃઢ ઈચ્છા શક્તિ

દૃઢ ઈચ્છા શક્તિ, સદુદેશ્ય અને પરમાત્માના ભરોસા પર મનુષ્યનાં બધાં કાર્યો પૂર્ણ થતા રહે છે. એના વિના કોઈ પણ સંકલ્પમાં કાયમી સફળતા મળતી નથી. જે મનુષ્ય પોતાના જીવનમાં સફળ બનવાની ભાવના રાખતો હોય તે પોતાની શક્તિને ચેતનવંતી બનવવાનો પ્રયત્ન અને તેને સન્માર્ગે વાળેગ્તો અવશ્ય પોતાના લક્ષ્યમાં સિધ્દ્રિ પ્રાપ્ત કરશે.

જે લોકોને પોતાના કાર્યોમાં નિષ્ફળતા મળે એમ લાગતું હોય તેમનામાં બાજુ ગમે તે કારણ હોય, પરંતુ એક કારણ ઈચ્છાશક્તિની નિર્બળતા પણ છે. જો મન દઈને કાર્ય કરવામાં આવે તો નિર્બળતા ત્વરિત દૂર થઈ શકે છે.જો જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો ઈચ્છાશક્તિને દૃઢ બનાવો. એ દૃઢ બનતા કોઈ પણ કાર્ય અધૂરૂ રહેશે નહિ.કાર્યમાં વિધ્ન આવે તે સ્વાભાવિક છે. તેનાથી ગભરાવુ જોઈએ નહિ મનુષ્ય જીવન મૂશ્કેલીઓથી ભરેલું છે, છતાં તે મૂશ્કેલીઓ પણ પ્રયત્ન પૂર્વક દૂર થઈ શકે છે. કેટલાક નસીબમાં માનતા લોકો પણ પોતાના ઉદેશ્યોમાં સફળતા મેળવતા નથી. તેઓ માને છે કે સફળતાનો આધાર ભાગ્ય પર રહેલો છે, પરંતુ આ દલીલ ભ્રમણા ભરેલી છે. તે મનુષ્યની હંમેશ માટે બેકાર બનાવી દે છે. તમને ભૂખ લાગી હોય, ભોજન સામે મૂક્યું હોય પરંતુ જો તમે તેને હાથ પણ ના લગાડો તો તે મુખમાં કેવી રીતે પહોંચશે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## આતુરતાપુર્વક રાહ જોવાઈ રહેલી ધ કોમેડી ફેમલીની ટિકીટો 'બુક માય શો'માં સેલ માટે મુકાઈ




ધ એરેના બાય ટ્રાન્સસ્ટેડિયા અમદાવાદમાં પહેલી વખત ધ કોમેડી ફેમિલીને લાઈવ લઈને આવી રહ્યું છે. જેમાં ભારતનાં ઉત્કૃષ્ટ કોમિક કલાકાર સુનિલ ગ્રોવર, અલી અસ્ગર, સુગંધ મિશ્રા, ચંદન પ્રભાકર,સંર્કેત ભોંસલે અને રોશની ચોપરા અમદાવાદીઓને પેટ પકડાવીને હસાવવા આવી રહ્યાં છે.ફેન્સ પોતાના લોકપ્રિય કોમેડિયનને લાઈવ જોઈ શકશે ખુબ જ આકર્ષક ટીકિટના દરોથી. જેમા અરલી બર્ડ પ્લેટિનિયમનો ભાવ રૂ. ૬૨૫૦ છે. જ્યારે અરલી બર્ડ ગોલ્ડનો ભાવ રૂ. ૧૮૭૫ છે. અરલી બર્ડ સિલ્વર રૂ. ૧૨૫૦ અને અરલી બર્ડ બ્રોન્ઝ એ અને અરલી બર્ડ બ્રોન્ઝ બીનો ભાવ રૂ. ૬૨૫ છે. વેન્યુ પર પર શો દીઠ ૧૪,૦૦૦ લોકોની કેપેસિટી છે. ત્યારે દર્શકોને લેટેસ્ટ ટેકનલોજીથી સજ્જ આ શો પર ૧૦૦ ટકા મનોરજંન મળશે.જગ્યા - ધ એરેના બાય ટ્રાન્સસ્ટેડિયા, કાંકરીયા તળાવ ગેટ નંબર ૩ની સામે, કાંકરીયા, અમદાવાદ,ગુજરાત ૩૮૦૦૦૨, ઈન્ડિયા તારીખ – ૨૭ મે, શનિવાર ૨૦૧૭, સમય સાંજે ૭:૦૦ કલાકે

***નાણાંકિય વર્ષ ૨૦૧૭ના અંતે આવકમાં મજબૂત વૃધ્ધિ દર્શાવતી***

## વેસ્ટલાઈફ ડેવલપમેન્ટ લિમિટેડ નાણાંકિય વર્ષ ૨૦૧૭ માં ૧૧.૭ ટકાનો આવક વૃધ્ધિ દર દર્શાવ્યો

અમદાવાદ

પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં મેકડોનાલ્ડની માસ્ટર ફ્રેન્ચાઈઝી રેસ્ટોરન્ટસ ધરાવતી વેસ્ટલાઈફ ડેવલપમેન્ટ લિમિટેડ દ્વારા તા. ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરા થતા ત્રિમાસિક ગાળા અને નાણાંકિય વર્ષના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. આ પરિણામોને મુંબઈમાં યોજાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં બહાલી આપવામાં આવી છે. ડબલ્યુડીએલ (WDL) દ્વારા કુલ આવકમાં ૧૧.૭ ટકાની વૃધ્ધિ દર્શાવી છે, જે ગયા વર્ષે રૂ. ૮,૩૩૪.૩ મિલિયનથી વધીને રૂ. ૯,૩૦૭.૯ મિલિયન સુધી પહોંચી છે. આ પરિણામો પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં મેકડોનાલ્ડની માસ્ટર ફ્રેન્ચાઈઝીના સંચાલનની કામગીરી ધરાવતી પેટા કંપની હાર્ડકેસલ રેસ્ટોરન્ટસ પ્રા.લિ. (એચઆરપીએલ) ના સંચાલનને આધારે પ્રાપ્ત થયેલ છે."ભારતમાં મેકડોનાલ્ડની બ્રાન્ડ આગળ ધપાવવામાં નાણાંકિય વર્ષ ૨૦૧૭ નોંધપાત્ર રહ્યું છે. કંપનીએ મજબૂત પર્ફોર્મન્સ બતાવ્યું છે અને મેન્યુમાં આક્રમક ફેરફારો, બ્રાન્ડનું વિસ્તરણ અને વધુ કાર્યક્ષમ રેસ્ટોરન્ટસ સંચાલન પધ્ધતિને અનુસરવાને કારણે ગયા વર્ષની તુલનામાં વેચાણમાં ૧૧.૭ ટકાનો વધારો થયો છે.ડબલ્યુડીએલ દ્વારા ૨૫ નવી રેસ્ટોરન્ટસ અહેવાલના વર્ષમાં શરૂ કરવામાં આવી છે અને પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં કુલ સંખ્યા ૨૫૮ થઈ છે. વર્તમાન ત્રિમાસિક ગાળામાં કંપનીએ ૯ રેસ્ટોરન્ટસ શરૂ કરી છે. (મહારાષ્ટ્ર-૪, છત્તીસઢ, ગોવા, ગુજરાત, કર્ણાટક અને તામિલનાડુમાં ૧-૧ રેસ્ટોરન્ટસનો સમાવેશ થાય છે) અમે વર્ષ ૨૦૨૨ સુધીમાં રેસ્ટોરન્ટસની સંખ્યા ૪૫૦થી ૫૦૦ સુધી લઈ જવાનું ધ્યેય ધરાવીએ છીએ.વર્તમાન સમયનો મેકડોનાલ્ડનો અનુભવ બ્રાન્ડ માટે ખૂબ જ તફાવત સર્જક રહ્યો છે અને આગામી વર્ષમાં તે એચઆરપીએલની વૃધ્ધિમાં ખૂબ જ મહત્વનો પૂરવાર થશે.

## ગુલમહોરી સાંજનો મિજાજ 'સ્વરોત્સવ' સાંસ્કૃતિક ઉત્સવનું અમદાવાદ ખાતે આયોજન કરાયું



અમદાવાદ

સ્વર,શબ્દ, સાહિત્ય અને સ્વાદ નો અનોખો મેળો એટલે સ્વરોત્સવ. ૧૧મી મે ગુરૂવારના રોજ સર્વ મિલિંદ ગઢવી, કિરણસિંહ ચૌહાણ, પ્રણવ પંડ્યા, અંકીત ત્રીવેદી અને પજ્ઞ ભીખુદન ગઢવી દ્વારા કાવ્યપાઠ કરવામાં આવયું હતું. અને સુરેશ દલાલ દ્વારા આસ્વાદ કરાયું જેમાં લોકો એ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આયોજક અંકીત ત્રીવેદી અને મનીશભાઈના જણાવ્યા મુજબ ગુજરાતી લોકસંગીત આજની યુવાપેઢીમાં વિસરાતું જાય છે અને એજ કારણે યુવાઓ ને ખબર પડે કે આપણું લોકસંગીત કેટલું રમણીય છે તે હેતું થી સ્વરોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે. ૧૩મી મે શનીવાર ના રોજ પજ્ઞશ્રી ગુણવંત શાહ અને વિનોદ ભટ્ટ દ્વારા વાત-મુલાકાત અને ઓસમાણ મીર દ્વારા આસમાની સંગીત રજૂ કરાશે.

## રવિના ટંડન, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના સબસે બડા કલાકારના જજ



૪ બાળકોની માતા હોવાથી મને મારા વિષે અને સામાન્ય જીવન વિ'ે મને ઘણુ શીખવા મળ્યુ છે. તેના લીધે મને મારી પોતાની તાકાત અને પરિસ્થિતિ ગમે તેટલી વિકટ હોય તો પણ કોઈ પણ પરીસ્થિતિને નિયંત્રણમાં લેવાની મારી ક્ષમતાઓ વિષે મને શીખવ્યુ છે. આ તાકાતે મને બાળકોન મજબુત,પ્રેમાળ, સ્વતંત્ર અને આનંદી બનવા ઉછેરવામાં મદદ કરી છે, જેઓ તેમના પોતાના સ્વપ્નો પૂરા કરવા સક્ષમ છે.સબસે બડા કલાકારના જજ સભ્ય તરીકે આવવુ તે મારા માટે એક સમૃધ્ધ કરનારો અનુભવ છે. આ દરેક બાળકોમાં જે અદભુત તાલંત છે તેનાથી હુ આશ્ર્ચર્યચકિત છુ અને તેમાના દરેક સાથે ખુબ જ "ઢ રીતે જોડાયેલી હોવ તેવી લા"ણી અનુભવુ છુ. ખરેખર તો હુ આ બાળકોને રક્ષનારી બની "ઈ છુ અને માતાપિતાની જેમ મને તેમની મુસાફરી માટે ગર્વ થાય છે, નિષ્ફળતા માટે દુ:ખ થાય છે અને તેમની સિધ્ધિ માટે આનંદ થાય છે.

**અર્શાદ વારસી, સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના સબસે બડા કલાકારના જજ**મારા માટે દરરોજ તે મધર્સ ડે છે. મે મારા માતાપિતાને ઘણી જ નાની ઉંમરે ગુમાવ્યા હતા તેથી તેમનુ મારા માટે ઘણુ જ મહત્વ છે. હુ બોર્ડિંગ સ્કુલમાં અભ્યાસ કરતો હતો અને તેથી તેમને વારંવાર મળી પણ શકતો ન હોતો જે ખરેખર તેમની કમીનો એક મોટો અવાજ મારા મનમાં ઉદભવે છે. જયારે બીજી તરફ મારા બાળકો પુરેપુરી ઉતેજનાથી મધર્સ ડે ઉજવે છે. તેઓ કાર્ડસ બનાવે છે, તેઓ મારી પત્ની માટે બીજુ ઘણુ બધુ કામ કરે છે. માતા એટલે ઘણુ બધુ. સબસે બડા કલાકારના જજ તરીકે , મને તેનાથી ઘણો મોટો અનુભવ મળ્યો છે.

## મધર્સ ડે નિમિત્તે, 'શાનદાર' માતાથી હવે 'સુસજ્જ' માતા બનવા પ્રયાસ કરો

અમદાવાદ

સદીઓથી, માતાઓ પોતાના ઘરોમાં ઉત્તમ સ્વાસ્થ્ય અને પોષક ભોજનની આદતો માટે કાર્યરત રહે છે. પણ આ જવાબદારી પૂરી કરતા તે ઘણીવાર પોતાના આરોગ્યની કાળજી લેવાનું વીસરી જતી હોય છે. આથી આ મધર્સ ડે નિમિત્તે, ચાલો આપણે માતાને એક અનોખી ભેટ આપીએ અને તેમને યાદ અપાવીએ કે તે પણ આરોગ્યપ્રદ જીવનશૈલી અને પોષક ભોજન અપનાવે. જેથી તેમનું સ્વાસ્થ્ય ઉત્તમ રહી શકે. આ માટે એક નાનું પરિવર્તન લાવવાનું છે જેમાં મુઠ્ઠીભર બદામ ખાવાની તેમણે શરૂઆત કરવાની છે. જેના કારણે તેમને દરરોજ કુદરતી રીતે પોષકદ્રવ્યો મળી રહે છે. બદામ (આલમન્ડ) એ અનેક પોષક દ્રવ્યોનો સ્ત્રોત છે જેમકે વિટામીન ઈ, ડાયેટરી ફાઈબર, કેલ્શિયમ અને પ્રોટીન તેમાં સામેલ હોય છે જે તમને દિવસભર સક્રિય રહેવામાં મદદરૂપ થાય છે. અમદાવાદ સ્થિત ન્યુટ્રીશનિસ્ટ કોમલ પટેલના કહેવા પ્રમાણે આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત કસરતનોજીવનમાં ઉમેરો કરવાથી પરિવર્તન લાવી શકાય છે અને તેમાં સ્નેકિંગ હેબિટ્સ પર ધ્યાન આપવાની જરૂર છે.તેમણે કહ્યું હતું, 'સ્માર્ટ સ્નેકિંગ એ એક ચાવીછે. રસપ્રદ રીતે, એક સર્વે પ્રમાણે કે જે ન્યુ ઈંગ્લેન્ડ જર્નલમાંપ્રકાશિત થયો છે તેના પ્રમાણે એવા લોકો કે જેઓ બદામ જેવા નટ્સનું સેવન સપ્તાહમાં સાત વખત સેવન કરે છેતેઓમાં મૃત્યુદર (કોઈપણ કારણસર મૃત્યુ) ૨૦ ટકા જેટલો ઘટે છે. જે લોકો નટ્સ નથી આરોગતા તેમનાપ્રમાણમાં આ દર ઘણો ઓછો છે. આમ સ્નેકિંગમાં બદામનો ઉમેરો કરવાથી બે ભોજન વચ્ચેના સમયમાં બિનઆરોગ્યપ્રદ ચીજો ખાવાથી બચી શકાય છે. જેના કારણે જીવનમાં આરોગ્યપ્રદ વળાંક આવશે.'એક મુઠ્ઠીબદામ (અંદાજે ૩૦ ગ્રામ કે ૨૫ નંગ બદામ) તમને દિવસભર વધારાની ઊર્જા આપવા સક્ષમ છે. તે કુદરતી સ્ત્રોત હોવાથી તેમાં અનેક પોષક તત્વો સામેલ છે. તેનાથી પ્રી-પોસ્ટ વર્ક આઉટ સ્નેક બનાવી શકાય છે. તેને સાથેરાખવામાં સરળતા રહે છે અને સરળતાથી તે ખાઈ શકાય છે.. બધુ સરળ છે!તો આ મધર્સ ડે નિમિત્તે તમારામાંની માતાને આરોગ્યપ્રદ સ્વાસ્થ્યની ભેટ- બદામ આપો.

## ઈન્ડિયન ઓઈલનાં ચેરમેને મોરૈયા ખાતે એક્સ્ટ્રા પાવરનું ઉદઘાટન કર્યું



અમદાવાદ

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.નાં ચેરમેન બી અશોકે આજે મોરૈયા ખાતે કંપનીની માલિકી અને સંચાલન હેઠળ(કોકો)નાં રિટેલ આઉટલેટ એક્સ્ટ્રાપાવર સરાઈનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન ઓઈલનાં સ્વતંત્ર ડાયરેક્ટર પરિન્દુ ભગત અને ઈન્ડિયન ઓઈલની ગુજરાત રાજ્ય ઓફિસનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સંજીવ કુમાર જૈન પણ ઉપસ્થિત રહ્યા હતાં. એક્સ્ટ્રાપાવર સરાઈમાં એક્સ્ટ્રાપાવર ફલીપકાર્ડનાં સ્વરૂપનાં લોયલ્ટી પ્રોગ્રામનું સભ્યપદ ધરાવતા વાહનચાલકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડશે.આ સુવિધાઓમાં પાર્કિંગ સોસ, આરામ માટે ડોર્મિટરી સુવિધા, લોકર્સ, રમતગમત સાધનો, ટીવી જેવી મનોરંજનની સુવિધા, બાથીગ સુવિધાઓ, કપડાં ધોવા માટે વોશીગ મશીન્સ વગેરેનો સમાવેશ થાય છે. જે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત ઢાબા અને સલુન તેમજ ક્લોક સીસીટીવી સુવિધાનો પણ સમાવેશ થાય છે. ઈન્ડિયન ઓઈલનું ગુજરાતમાં આવું પ્રથમ આઉટલેટ છે અને રાજ્યમાં હાઈવે પર આઠ આઉટલેટ ખોલવાનું કંપનીનું આયોજન છે.ઈન્ડિયન ઓઈલનું દેશમાં આવું ૪૩મું આઉટલેટ છે અને આ વર્ષનાં અંત સુધીમાં ૧૦૦ સરાઈનું આયોજન છે. આવતા વર્ષનાં અંત સુધીમાં આ આંકડો ૨૦૦ને સ્પર્શે તેવી ધારણા છે.અશોકે જણાવ્યું કે, 'ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન તેનાં સતત આધુનિકીકરણ અને ગ્રાહક કેન્દ્રિત માર્કેટીગ અભિગમને અને શ્રેષ્ઠ આંતરમાળખાને કારણે ઉજ્જવળ ભવિષ્ય ધરાવે છે

## ટીવીએસ મોટર કંપનીએ સેન્ટ્રલ અમેરિકામાં પોતાની ઉપસ્થિતીને મજબૂત બનાવી

વિશ્વભરમાં પ્રખ્યાત ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર નિર્માતા ટીવીએસ મોટર કંપનીએ MASESA (મેયર સ વિસિઓસ સોસિએડા એનોનિમા) સાથે ભાગીદારી કરવાની ઘોષણા કરી છે. ગ્વાટેમાલાની આ કંપની સેન્ટ્રલ અમેરિકનક્ષેત્રમાં મોટરસાયકલ અને ટુકટુકના વા ણિજયકરણમાં અગ્રણી છે. આ ભાગીદારી કંપની યોજના અનુસાર કરવામાં આવેલ છે, જેના દ્વારા તે સેન્ટ્રલ અમેરિકા, લેટિન અમેરિકા, સાઉથ એશિયા અને મિડલ ઈસ્ટમાં પોતાની ઉપસ્થિતી મજબૂત બનાવવા અને વિસ્તારવા ઈચ્છે છે. આ ભાગીદારી અંતર્ગત – ગ્વાટેમાલા, અલ સાલ્વાડોર, હોન્ડુરાસ, નિકારાગુઆ અને કોસ્ટા રિકામાં ટીવીએસ મોટર કંપની એકસકલુઝિવ – વિકસિત કરશે. – સમગ્ર ક્ષેત્રમાં ૫૦૦ ટચ પોઇન્ટસના નેટવર્ક દ્વારા ઓપરેટ કરે છે, જેની વ્યવસ્થાપન ટીમ સુસજ્જિત પાર્ટ્સ અને સ વિંસ સેન્ટર્સના વ્યાપક કેટલોગનું વ્યવસ્થાપન કરશે અને ટીવીએસ બ્રાન્ડની તરફથી સંપુર્ણ સપોર્ટ પ્રદાન કરશે.

## જેટ એરવેઝની જેટએસ્કેપ્સ હોલિડેઝ ઓફર ૬૯ સ્થળોની યાદગાર સમર ગેટવેઝ ઓફર કરે છે

મુંબઈ

હોલિડે સિઝન શરૂ થવાની સાથે ભારતની પ્રથમ ફૂલ સર્વિસ, પ્રીમિયમ ઈન્ટરનેશનલ એરલાઈન જેટ એરવેઝએ જેટએસ્કેપ્સ હોલિડેઝની જાહેરાત કરી છે, જે વર્ષ ૨૦૧૭ની ઉનાળાની સિઝન માટે તેનાં સંપૂર્ણપણે નવાં, ઓલ-ઈન્ક્લૂઝિવ હોલિડે ઓપ્શનની લાઈન-અપ છે.આ ઉનાળામાં નવી ઓફર હેઠળ જેટ એસ્કેપ મહેમાનો અને તેમનાં પરિવારજનો માટે ૬૯ સ્થાનોનો પોર્ટફોલિયો ઓફર કરે છે, જેમાંથી તેઓ ઉનાળાનાં વેકેશન દરમિયાન ટ્રાવેલ માટે પસંદગી કરી શકે છે. એરલાઈનનાં નેટવર્કની સેવામાં સામેલ ભારત કે પસંદગીનાં આંતરરાષ્ટ્રીય સ્થળોમાં વેકેશન માણતાં મહેમાનો ઘણી આકર્ષક, ઓલ-ઈન્ક્લૂઝિવ ઓફર મેળવી શકે છે, જે રૂ. ૧૧,૪૪૦★થી શરૂ થાય છે, જેમાં જેટ એરવેઝ પર ટ્રાવેલ સામેલ છે. જેટ એરવેઝને તાજેતરમાં ટ્રિપએડવાઈઝરનો ટ્રાવેલર્સ ચોઈસ એવોર્ડ ૨૦૧૭માં "ઈન્ડિયાસ બેસ્ટ એરલાઈન"નો એવોર્ડ મળ્યો છે. ભારતીયો માટે મિત્રો કે કુટુંબીજનો માટે ટ્રાવેલ/વેકેશન પ્લાન્સ માટે ઉનાળાનો ગાળો

સૌથી લોકપ્રિય છે. ઈન્ડિયન સમર ટ્રાવેલ રિપોર્ટ કાર્ડ (આઈએસટીઆરસી'૧૬) મુજબ, આ ગાળામાં માગમાં નોંધપાત્ર વધારો થયો છે, જેમાં યુવા પ્રોફેશનલ સેગમેન્ટ (૨૫થી ૩૫ વર્ષ)નાં લોકો મિત્રો/સાથીદારો ગ્રૂપ સાથે ટ્રાવેલિંગ કરવાનું વિશેષ પસંદ કરે છે. શાળામાં વેકેશનને ધ્યાનમાં રાખીને મોટી સંખ્યામાં વ્યાવસાયિકો અને માતાપિતાઓ ઉનાળામાં કુટુંબીજનો સાથે વેકેશન માણવાનું પસંદ કરે છે. જેટએસ્કેપ્સ પ્રવાસીઓની જરૂરિયાત મુજબ વીકેન્ડ ગેટવેઝથી એક્સટેન્ડેડ ટ્રિપ્સમાં સમગ્ર ભારતમાં પસંદગીનાં સ્થળો પર આકર્ષક અને અતિ અનુકૂળ હોલિડે ઓફર કરે છે. ટૂંકો પ્રવાસ ખેડવા ઈચ્છતાં મહેમાનો બે-રાત, ત્રણ-દિવસનું કોચીનું બીચ હોલિડે પેકેજ કે 'પિન્ક સિટી' – જયપુરની મુલાકાત લઈને રાજસ્થાનની મજા માણી શકે છે.

## ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એનીમિયા (લોહીની ઉણપ) વિશે જન જાગૃતિ અભિયાન હાથ ધરાયું

પાલનપુર

માનવીના જીવનમાં આરોગ્યનું મહત્વ સૌથી વધુ છે. આપણે ત્યાં 'પહેલું સુખ તે જાતે નર્યા' એ જાણીતી કહેવત છે. દૂધ ઉત્પાદકો નીરોગી રહે તે દિશામાં કામ કરવા માટે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે તેના અંતર્ગત બનાસકાંઠામાં એનીમીયા (લોહીની ઉણપ) વિશે જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જેમાં ગામની દૂધ મંડળી પર જઈને એનીમીયા (લોહીની ઉણપ) અંગે માહિતીગાર કરીને તેના ઈલાજ વિશે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવે છે અને તેનો લાભ ૧૭૬૦ થી વધુ દૂધ મંડળી અને મિલ્ક કલેક્શન સેન્ટરોને આપવામાં આવેલ છે. આવનારા સમયમાં બનાસકાંઠાને એનીમીયા મુક્ત કરવા માટે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બીડું ઝડપવામાં આવ્યું છે.

### લોહીની ફિક્કાશથી થતી તકલીફો

૧. અશક્તિ લાગે થોડુંક કામ કરતાં જ થાક લાગે છે. ૨.વધુ કામ કરતાં કે ચાલતાં શ્વાસ ચડે. ૩. કમર દુ:ખે, પગ દુ:ખે, ૪. ચક્કર આવે, આંખે અંધારા આવે. ૫. ભૂખ ઓછી લાગે. ૬. હાથ, પગની આંગળીઓમાં ખાલી ચઢે. ૭.સ્વભાવ ચીડિયો થઈ જાય છે. ૮.સગર્ભાવસ્થામાં અને સુવાવડમાં તકલીફ થાય છે. ૯.પગે સોજા ચઢે- હૃદય નબળું પડે.

### લોહી ફિક્કું પડવાના મુખ્ય કારણો

૧. અપૂરતો કે લોહતત્વની ઉણપવાળો ખોરાક લેવાથી. ૨. સ્ત્રીઓને માસિક વધુ પડતું કે વારંવાર વધુ દિવસ આવવું. ૩. ઉપરાઉપરી સુવાવડ કે વારંવાર કસુવાવડ થવી. ૪. કરમિયાં (અંકોડી કૃમિ) ૫. હરસ- મસા કે અન્ય રીતે લોહી વહી જવાથી. ૬. વધુ પડતી ચા કે કોફી પીવાથી લોહતત્વનું શોષણ ઓછું થાય છે. ૭. વારંવાર મેલેરીયા કે અન્ય ચેપી રોગો થવા.

**સાવચેતી:** ૧ માસ ગોળી લેવા છતાં સ્હેજ પણ સુધારો ન જણાય તો ડૉક્ટરોનો સંપર્ક કરી સીકલ સેલ, થેલેસેમીયા વગેરે માટે લોહીની તપાસ કરાવવી.

### લોહી લાલ કરવાના ઉપાયો

૧. લોહતત્વોવાળો પૂરતો ખોરાક લેવો. ૨. વિટામીન સી, ફોલિક એસીડ, બી- ૧૨, પ્રોટીન, કેલરી વગેરે પૂરતા પ્રમાણમાં મળવા જોઈએ. ૩. લોહી ફિક્કુ પડવાના કારણો શોધી દુર કરવા- જેમ કે કરમિયાં માટે ગોળી લેવી, મેલેરીયા અટકાવવો, વધુ માસિક આવતું હોય તો તેની સારવાર કરવી વગેરે બાબતનો ખ્યાલ રાખવો. ૪. આયર્ન ફોલીક એસિડ ગોળી લેવી. (બાળકના હાથમાં ન જવા દેવી તથા કબજીયાત કે અન્ય આડ અસર થાય તો ગોળી ઓછી લેવી) આની ગોળી સરકારી દવાખાનામાં મફત મળે છે.

૨૪ કલાકમાં આયર્નની ગોળીનું પ્રમાણ (ચિત્રમાં દર્શાવેલ નંબર ૩,૪, ૫ માટે) : વજન ૮ ૨ મિ.ગ્રા. અને (નંબર ૬,૭,૮ માટે : વજન ૮ ૪ મિ.ગ્રા. લેવું જોઈએ.

### લોહતત્વવાળો ખોરાક:-

૧.રોજીંદી આયર્નની જરૂરિયાત ૩૦ મિ.ગ્રા. અને સગર્ભા માટે ૪૦ મિ.ગ્રા. છે. ૨. લીલા પાનવાળી ભાજીમાંથી લોહતત્વ, વિટામીન સી અને ફોલિક એસીડ પૂરતાં મળે છે. ૩. લોખંડના વાસણમાં દાળ કે શાક રાંધવાથી ભરપુર લોહતત્વ મળે છે. ૪. વિટામીન સી આમળા, જામફળ, ફણગાવેલા મગ ખૂબ જ ઉપયોગી છે.

### ૧૦૦ ગ્રામ ખાદ્ય પદાર્થમાંથી મળતું લોહતત્વનું પ્રમાણ

૧.અસાળીયો ૧૦૦ મિ.ગ્રા. (શિયાળામાં ૧ ચમચી ખાઈ શકાય) ૨. કાળા તલ ૫૫ મિ.ગ્રા ૩. ફુલાવરના પાન ૪૦ મિ.ગ્રા (ધોઈને જ ખાવા) ૪. ચણાના પાન ૨૪ મિ.ગ્રા ૫. દેશી પૌઆ ૨૦ મિગ્રા ૬. બાજરી ૧૦ મિ.ગ્રા. ૭. પોઈની ભાજી ૧૦ મિ.ગ્રા. ૮. લીલા પાનવાળી ભાજી ૫ થી ૧૦ મિ.ગ્રા.

## ભગવાન શિવ સાથે લગ્નની ઈચ્છા અધૂરી રહી જતાં નામ પડ્યું 'કન્યાકુમારી'

પૌરાણિક કથા અનુસાર કન્યાકુમારી એક એવી કન્યા હતી જેનો જન્મ એક રાક્ષસને મારવા માટે થયો હતો પરંતુ તેને શિવ સાથે પ્રેમ થઇ ગયો. સમસ્ત સૃષ્ટિની રક્ષા માટે તેમના લગ્ન શિવ સાથે થઇ ન શક્યા અને તે આજીવન કુંવારી રહી ગઇ

ભારતના સૌથી સુંદર સ્થળો પૈકી એક છે કન્યાકુમારી પરંતુ શું તમને ખબર છે કે આ સ્થળનું નામ કન્યાકુમારી કેમ પડ્યું? પૌરાણિક કથા અનુસાર કન્યાકુમારી એક એવી કન્યા હતી જેનો જન્મ એક રાક્ષસને મારવા માટે થયો હતો પરંતુ તેને શિવ સાથે પ્રેમ થઇ ગયો. અંત સમસ્ત સૃષ્ટિની રક્ષા માટે તેમના લગ્ન શિવ સાથે થઇ ન શક્યા અને તે આજીવન કુંવારી રહી ગઇ. બાનાસુરનના વધ માટે કુમારી નામે કન્યાએ લીધો હતો જન્મ શિવપુરાણમાં લખેલી એક પૌરાણિક કથા અનુસાર બાનાસુરન નામક એક અસુર હતો જેણે દેવતાઓને પોતાના કુકર્મોથી હેરાન પરેશાન કરી નાંખ્યા હતાં. તમામ દેવતાઓ આ અસુરથી મુક્તિ ઈચ્છતા હતાં પરંતુ બીજી તરફ ભગવાન શિવે અસુરને કઠોર તપસ્યા બાદ એ વરદાન આપ્યું હતું કે તેનું મૃત્યુ માત્ર એક કુંવારી કન્યાના હાથે જ થશે અન્યથા તે અમર થઇ જશે.

શક્તિનો અંશ હતી કુમારી તે કાળમાં ભારત પર શાસન કરી રહેલા રાજા ભરતને ત્યાં એક પુત્રીએ જન્મ લીધો હતો. રાજાના આઠ પુત્રો અને એક પુત્રી હતી. કહેવાય છે કે આ પુત્રી કોઇ અન્ય નહીં પણ આદિ શક્તિનું જ અંશ હતી જેનું નામ કુમારી રાખવામાં આવ્યું. આગળ જતાં રાજાએ પોતાના સામ્રાજ્યના નવ એકસરખા ભાગ પોતાના સંતાનોમાં વહેંચી દીધા જેમાંથી દક્ષિણનો હિસ્સો પુત્રી કુમારીને ભાગે આવ્યો. કુમારીએ વર્ષો સુધી આ વિસ્તારની દિલથી રક્ષા કરી અને તેના વિકાસ માટે દરેક શક્ય પ્રયાસો કર્યા. શિવ સાથે લગ્ન કરવાની હતી ઈચ્છા પૌરાણિક કથાઓ અનુસાર માનવામાં આવે છે કે કુમારી ભગવાન શિવને પ્રેમ કરતી હતી. તેણે શિવજીને પરણવા માટે કઠોર તપસ્યા કરી અને તેના તપથી પ્રસન્ન થઇને શિવજીએ તેના લગ્નનો પ્રસ્તાવ સ્વીકારી લીધો અને તેને ત્યાં જાન લઈને આવવાનું આશ્વાસન પણ આપ્યું. હવે કુમારી લગ્નની તૈયારીઓમાં લાગી ગઇ. વિવાહ હેતુ તેણે શ્રૃંગાર પણ કર્યુ.પરંતુ બીજી તરફ નારદ મુની એ જાણી ચૂક્યા હતાં કે કુમારી કોઇ સાધારણ કન્યા નથી પરંતુ અસુર બાનાસુરનનો વધ કરનાર દેવી છે. નારદે આ રહસ્ય તમામ દેવતાઓ અને શિવને જણાવી દીધું. અંતે સૃષ્ટિના કલ્યાણ માટે એ નિર્ણય લેવામાં આવ્યો કે ભગવાન શિવની જાનને અધવચ્ચેથી જ પરત કૈલાશ મોકલી દેવામાં આવે.

આ રીતે કૈલાશ પરત ફર્યા શિવ કુમારી સાથે લગ્ન કરવા માટે શિવજી મધરાતે જ કૈલાશથી ભારતના દક્ષિણ તરફ જવા રવાના થઇ ગયા જેથી કરીને સવાર સુધી લગ્ન મુહૂર્ત સુધી પહોંચવામાં આવે પરંતુ દેવતાઓએ મધરાતે જ મરઘાના અવાજમાં બાંગ પોકારી દીધી અને મુહૂર્ત માટે મોડુ થઇ ગયુ હોવાનો અહેસાસ થતાં શિવજી કૈલાશ તરફ પરત ફર્યા. આ રીતે થયો બાનાસુરનનો વધ દરમ્યાન બાનાસુરનને જ્યારે કુમારીની સુંદરતા અંગે જાણવા મળ્યું ત્યારે તેણે કુમારી સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.

કુમારીએ કહ્યું કે જો તે તેને યુદ્ધમાં હરાવી દેશે તો તે તેની સાથે લગ્ન કરી લેશે. બન્ને વચ્ચે યુદ્ધ થયું અને બાનાસુરન મોતને ભેટ્યો. આ રીતે કુંવારી રહી ગઇ કન્યા,

નામ પડ્યું કન્યાકુમારી દેવતાઓને અસુરથી મુક્તિ મળી ગઇ અને ત્યારબાદ પોતાના વરની રાહ જોતી કુમારી આજીવન કુંવારી જ રહી ગઇ અને શિવ સાથે લગ્ન કરવાની ઈચ્છા પણ ત્યજી દીધી. આ કથાને આધાર માનતા ભારતના આ દક્ષિણ વિસ્તારનું નામ પડ્યું કન્યાકુમારી.

## હાસ્યના હીલોળા

પ્લેટ દેખાતી નથી

માતા : '' બેટી કીચનમાંથી નાની પ્લેટ લાવ''

યુગી : '' મમ્મી પ્લેટ ક્યાં છે મને દેખાતી નથી''

માતા : ''પટેલાં ગેસ ચાલું કરી મોબાઈલને તેના પર મુક પછી તને પ્લેટ દેખાશે ''

०००० 

પતાસામાં મકોડો

એક ખુબ જ કાળા ભાઈએ વાઈટ ઝભ્ભો પહેરીને પત્નીને પુછ્યું હું કેવો લાગું છું ?

પત્ની બોલી : તમે એવા લાગો છો જાણ પતાસામાં મકોડો

०००००

દિલમાં ક્યાં લે છે

પતિ : રાજા દસરથનું નામ સાંભળ્યું ને ?

પત્ની : હા હા સાંભળ્યું છે.

પતિ : તો હું પણ બીજી પત્ની લાવી શકું ને ?

પત્ની :તમે દ્રોપદીનું નામ સાંભળ્યું ને?

પતિ : અરે ગાંડી તું આવું દિલમાં ક્યા લે છે?

०००००

બહાર જમીશું

પતિ : આજે બહાર જમીશું

પત્ની: જરૂર જરૂર હું બે મીનીટમાં તૈયાર થઈ જાઉં છું

પતિ : તો હું બહાર શેતરજી પાથરી દઉં છું

०००००

તક મળી ત્યારે ઉપાડ્યો

છગનના હાથમા ફોન જોઈ મનુ બોલ્યો આ નવો ફોન ક્યારે ખરીદ્યો ?

છગન : ફોન નથી મારી ગર્લફ્રેન્ડ રોજ કહેતી હતી કે ફોન કેમ ફોન ઉપાડતો નથી આજે તક મળી તો ઉપાડી દીધો.

०००



## મધુવન

**"પૂછા ગયા થા પ્રશ્ન પહેલીી કી શકલ મેં,**
**લેકિન કઠિન સવાલ કા ઉત્તર સરલ મિલા"**

શિર્ષક શે'ર જહીર કુરેશીએ સવાલની વાત કરી છે. આચાર્ય રજનીશજી એ એક સરસ દ્દષ્ટાંત આપતાં કહ્યુ છે કે બે વર્ગોમાં ગણિતનો એક સાવ સહજ સરળ દાખલો ગણવા માટે આપવામાં આવ્યો પ્રથમ વર્ગમાં કહ્યું કે આ દાખલો સાવ સરળ છે.આપનાથી નાની ઉંમરના વિદ્યાર્થીઓ ચપટી વગાડતાં આને ગણી કાઢે છે. જ્યારે બીજા વર્ગમાં આનાથી ઉલટી વાત કરવામાં આવી. પરિણામની આપ કલ્પના કરી શકો છો. જે વર્ગમાં દાખલો સરળ છે એમ કહેવામાં આવ્યું એ વર્ગના મોટાભાગના બધા જ બાળકોનો દાખલો સાચો પડ્યો જ્યારે બીજા વર્ગમાં એ જ ધોરણના એટલી જ વયના મોટાભાગના વિદ્યાર્થીઓનો દાખલો ખોટો પડ્યો. ટૂંકમાં આપણે કોઈપણ સવાલને કેવો માની લઈએ છીએ એટલો જ અને એવો જ એનો જવાબ બની જતો હોય છે.

**"કોઈની પાસે ક્યાં મળે ઉત્તર**
**સર્વ પ્રશ્નો શમાવી બેસી જા"**

ગઝલ સ્વ.'આદિલ' મન્સુરીના આ શે'રમાં પણ એવા સવાલની વાત કરવામાં આવી છે જેનો જવાબ કોઈ પસે મળતો નથી જિંદગી તૈયાર જવાબોથી ચાલતી નથી અહિં સવાલો પણ બદલાય છે.અને એના જવાબો પણ. સવાલોથી સળગતો અને ઉત્તરોથી ઉભરાતા એક માણસ ભગવાન બુધ્ધની પાસે આવ્યો ભગવાન બુધ્ધે એને શાંત થઈ જવા મૌન રહેવા જણાવ્યું. ત્યાં બુધ્ધનો શિષ્ય હસી પડ્યો બધાનું ધ્યાન એ તરફ ગયું. આવનારે પૂછ્યું કે આપ કેમ હસો છો ? ત્યારે શિષ્યે જવાબ આપ્યો કે જે પૂછવું હોય તે આજે જ પૂછી લે જ્યારે તું સાચા અર્થમાં શાંત બની જઈશ. મૌન બની જઈશ. માત્ર વાણીથી જ નહિ, વિચારોથી પણ; ત્યારે તારા મનમાં એકેય સવાલ રહેવાનો નથી.

**"જગ સત્ય છે કે જૂઠ સરાસર, જવાબ દે !**
**આ પ્રશ્ન મૂંઝવે છે બરાબર જવાબ દે !**
**કંઈ ચોખવટ જરૂર થવી જોઈએ હવે,**
**માનવનો આ તકાદો છે ઈશ્વર જવાબ દે!**

ગુજરાતી ગઝલના સિંહ ગણાતા ગઝલ સમ્રાટ સ્વ. અમૃત'ઘાયલ'નું આ મુક્તક માનવીના મૂળભૂત સવાલને વાચા આપે છે. કેટલાક સંતો જગતને માયા કહે છે.કોઈ જીવનને સપનું કહે છે. કોઈ આ જિંદગીને જ સત્ય માને છે. તો આમાં સચ્ચાઈ શું ? માનવીનોઆ સવાલ હજારો વર્ષથી ઉત્તરના ઈતઝારમાં છે. શાયર પોતાના મુક્તકમાં પરમપિતા પાસે એની ચોખવટ કરવા માંગે છે.

**"મતલબ છૂપા હુઓ હૈ યહાઁ હર સવાલ મેં,**
**દો સોચકર જવાબ જમાના ખરાબ હૈ!"**

જીવનના કેટલાક સવાલોના કોઈ જવાબો હોતા નથી. કેટલાક સવાલોના જવાબો પરસ્પર વિરોધી હોવા છતાંયે સાચા હોય છે. તો ક્યારેક એક જ સવાલના સમાયાંતરે, ઉત્તરો બદલાતા રહેતા હોય છે. ક્યારેક એક જ પ્રશ્નના જવાબો અનેક હોય છે. દરેક વ્યક્તિ માટે, દેશ માટે ધર્મ કે સંપ્રદાય માટે એનો ઉત્તર અલગ હોય છે. ક્યોરક કોઈક એવો સવાલ આવી જાય છે કે જેનો ઉત્તર હોતો જ નથી અને એ જ એનો સાચો ઉત્તર હોય છે. તો ક્યારેક પ્રશ્નકર્તાને ઉત્તર સાથે નહિ પણ મતલબ સાથે નિસબત હોય છે. આથી આવા પ્રશ્નોના જવાબ આપવામાં ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ અંતે જોઈએ મિર્ઝા 'ગાલિબ' નો આ શે'ર

**દુ:ખ દેકર સવાલ કરતે હો,**
**તુમ ભી ગાલિબ કમાલ કરતે હો"**

**શ્રી ધેંગાભાઈ એન'સરહદી'**
**મુ.પો.ટડાવ, તા. (વાવ) ૯૪૨૭૬૪૪૬૧૧**

## ચાલાક શિયાળ

એક ખેડૂત પોતાની ઝુંપડીની બહાર ખાટલા ઉપર બેઠો હતો. તે બહુ જ ઉદાસ દેખાઈ રહ્યો હતો. તે કોઈ ચિંતામાં કાંઈક વિચારી રહ્યો હતો. ત્યાં જ એક શિયાળ ત્યાંથી પસાર થયું. ખેડુતને નિરાશ અવસ્થામાં જોઈને તે બોલ્યું, 'ખેડૂત ભાઈ ! બહુ દુ:ખી દેખાઈ રહ્યા છો. શું વાત છે ?'ખેડૂત બોલ્યો, શું બતાઉં મિત્ર, જંગલના હિંસક પશુઓએ નાકમાં દમ લાવી દીધો છે. કયારેક બકરીઓને ખાઈ જાય છે તો કયારેક ચિત્તો આવીને ગાયનો શિકાર કરી નાંખે છે. હવે તો માત્ર બે બળદ જ બચ્યા છે. જો તે નહીં બચે તો પછી હું ખેતી કેવી રીતે કરીશ ?

બસ ! આટલી જ વાત પર તમે હિંમત હારી ગયા ? શિયાળે હીંમત આપતાં કહ્યું.

'શું કરૂં ? કોઈ રસ્તો જ નથી દેખાતો..' ખેડુત બોલ્યો.. તમે ચિંતા શા માટે કરો છો ખેડુત ભાઈ ?' હું તમને આ મુસીબતમાંથી છુટકારો અપાવીશ. મેં તમારા ખેતરનો પાક ખાધો છે.. શેરડી ચુસી છે, તો પછી હું તમારૂં કામ જરૂર કરીશ..'

'કેવી રીતે ? તું એ ખુંખાર જાનવરોનો સામનો કેવી રીતે કરીશ?'

'તમે શું જાણો ખેડુત મિત્ર ! શક્તિ કરતાં પણ બુદ્ધિ ચઢે છે. તમે જાણો છો કે શિયાળ જ સૌથી ચાલાક પ્રાણી ગણાય છે જંગલમાં ! હું તો સાબિત કરી બતાવીશ.

'પરંતુ કેવી રીતે ?' ખેડૂતે પુછયું.

શિયાળ બોલ્યું, તમે તમારા બળદને ઉંચા સ્થાને બાંધી દો. એની ચારે બાજુ કાંટાળી વાડ લગાવી દેજો. તથા એની પાસે જ એક ખુણામાં દસેક ફુટ ઉંડો ખાડો ખોદી રાખજો. આ ખાડાને ઘાસ પાંદડા વડે ઢાંકી રાખજો જેથી કોઈને પણ તે ખાડો ના દેખાય. બાકી બધું હું સંભાળી લઈશ..'

ખેડૂત શિયાળના કહેવા પ્રમાણે તૈયારી કરી લીધી. શિયાળ સૌ પહેલાં વાઘ પાસે ગયો. વાઘે શિયાળને જોતાં જ કહ્યું, 'શા માટે સવારના પહોરમાં મરવા માટે આવ્યો છું..'

શિયાળે પ્રેમપુર્વક કહ્યું, મને મારીને શું કરશો ? ગામમાં ખેડુત પાસે બે તગડાં બળદો બાંધેલા છે. ખેતરમાં બાંધેલા આ બળદોને તમે મારીને ખાઈ શકો છો પરંતુ તમે તે બળદને મારી શકો તેમ નથી.'

કેમ ના મારી શકું ? વાઘે ગુસ્સે થતાં કહ્યું, એટલા માટે કે તે બળદો પર ચિત્તાની નજર છે. આ બળદો પર ચિત્તો પોતાનો હક જમાવાને માટે તેની તરફ આગળ વધી રહ્યો છે.

હમણાં જ તે ચિતાને જોઈ લઉં છું એટલું જ કહેતાં જ વાઘ જંગલમાં દોડી ગયો.

આ જ વાત શિયાળે ચિત્તાને કહી. એટલે તે પણ વાઘ તરફ દોડવા લાગ્યો. આમ ચાલાક શિયાળે વાઘ અને ચિતાને એકબીજા વિરૂદ્ધ ભડકાવીને લડવાને માટે તૈયાર કર્યા.શિયાળની વાતોમાં આવીને વાઘ અને ચિતો બંને જણા ખેડૂતના ખેતર તરફ જવા લાગ્યા.

જયારે વાઘએ સ્થળે પહોંચ્યો ત્યારે ચિતાએ વાઘને મારી નાખ્યો. ચિતો લડાઈમાં ખુબ જ ગંભીર રીતે ઘાયલ થયો હતો. તે હાંફી રહ્યો હતો અને એક વૃક્ષ નીચે આરામ કરી રહ્યો હતો.

થોડીવાર પછી શિયાળ ચિતાની સામે આવીને બોલ્યું, 'વાહ.. વાહ.. મારા બહાદુર રાજા.. સાચે જ તમે જ જંગલના અસલી રાજા છો.. આવો આપણે આનંદનો ઉત્સવ ઉજવીએ.

આમ બોલીને શિયાળ ચિતાને નાચ નચાવવા લાગ્યો. શિયાળ ધીરે ધીરે ચિતાને પેલા ખાડા નજીક લઈને આવ્યો. જેવો ચિતો પેલા ખાડા પાસે નૃત્ય કરતા કરતાં નજીક ગયો એટલે ધડામ.. લઈને ચિતો ખાડામાં ગબડી પડયો.શિયાળે ખેડૂતને બોલાવીને કહ્યું, તમારો આ દુશ્મન ખાડામાં પડયો છે.. હવે તમે એનું કામ તમામ કરી નાખો.

ખેડૂતે ખાડામાં પડેલા ચિતા પર ઘાસ પાંદડા નાંખીને ખાડામાં આગ પ્રગટાવી દીધી. થોડીવારમાં ચિતો બળીને ભસ્મ થઈ ગયો.

આમ એક ચાલાક શિયાળે પોતાના બે દુશ્મનોનો નાશ કરીને એમની મીજબાની ઉડાવી રહ્યો હતો.-**કમલેશ કંસારા**

## અપકારનો બદલો ઉપરકારથી

શ્યામલવનમાં હીરૂ નામનો એક હાથી રહે. આમ તો હીરૂહાથી સ્વભાવે ખૂબ જ સારો. પરંતુ હમણાં કેટલાક મહિનાઓથી તેના વર્તનમાં ભારે ફેરફાર આવી ગયેલો. તેના લીધે શ્યામલવનમાં રહેતાં પક્ષીઓને ભારે ત્રાસ થવા લાગલો.

હીરૂહાથીનાં તોફાનો એટલી હદે વધેલાં કે પક્ષીઓએ તેનાથી ત્રાસીને શ્યામલવનના રાજા શેરસિંહ પાસે ફરિયાદ કરી. પરંતુ શેરસિંહે પક્ષીઓની ફરિયાદ પર જરાપણ ધ્યાન નું આપ્યું. આથી પક્ષીઓને ખૂબ જ દુ:ખ થયું.

હકીકતે શેરસિંહ પણ હીરૂહાથીના તોફાનથી કંટાળી ગયો હતો. પરંતુ તેને ખબર હતી કે હીરૂ હાથી ઝઘડાળુ સ્વભાવનો થઈ ગયો છે. માટે તેને કંઈ કહેવા જતાં ક્યાંક મારવા ઉઠે, તો પોતાની રાજા તરીકેની પ્રતિષ્ઠાને હાની પહોંચે. એ જ બીકે તે હીરૂહાથીને કંઈ કહેવા માંગતો ન હતો.

પક્ષીઓને મુખ્ય સમસ્યાઓ એ હતી કે જ્યારે જ્યારે હીરૂહાથી જે વૃક્ષ પાસેથી પસાર થાય, તેની કાં તો ડાળી બટકાવી નાંખે. અથવા સૂંઢ વડેવૃક્ષને હલાવી.આથી વૃક્ષ ઉપર લાગેલાં ફળો જમીન ઉપર પડી જાય, એટલું નહિં, કેટલાંય પક્ષીઓના માળા વિખેરાઈ જાય. તેમાં રહેલાં બચ્ચાં જમીન ઉપર પડી જાય. ઈંડાં હોય તો તે જમીન ઉપરપડી ફૂટી જાય.

આથી પક્ષીઓએ સાથે મળી અનેકવાર હીરૂ હાથીને વિનંતીઓ કરી આજીજી કરી પરંતુ હીરૂહાથીના સ્વભાવમાં જરાપણ ફેર ન પડ્યો. એટલું જ નહીં. હીરૂ હાથી તો પક્ષીઓની વિનંતી સાંભળી વધુ બગાડ્યો. તેને તો પક્ષીઓને પીડા આપવાની વધારે મજા આવવા લાગી.

પક્ષીઓ ખૂબ જ દુ:ખી રહેવા લાગ્યાં. પરંતુ હાથી જેવા બળવાન પ્રાણી સામે તેમની કોઈ તાકાત ન ચાલે, એ તો સ્વભાવિક જ છે.આમ ને આમ દિવસો વિતવા લાગ્યા.

આખા શ્યામલવનમાં સૌ પ્રાણીઓ પણ હીરૂ હાથી પ્રત્યે તિરસ્કારની દ્દષ્ટિથી જોવાં લાગ્યાં. પરંતુ બિચારાં કરે શું ? હીરૂહાથી સામે ઉંચી આંખ કરીને કોઈ જોઈ શકે તેમ ન હતું. તેથી જ હીરૂ હાથી પણ દિવસે દિવસે વધુ ને વધુ બગડવા લાગ્યો.

તે પોતાની મસ્તીમાં એવી રીતે રહેવા લાગેલો કે તોફાને ચડે તો જંગલમાં અન્ય પ્રાણીઓનાં બચ્ચાં પણ ડરી જાય. પરંતુ કોઈથીય કંઈ થઈ શકે તેમ ન હતું. સૌ લાચાર બની અને હીરૂહાથીનો ત્રાસ મૂંગેમોઢે સહન કરીને રહેવા લાગ્યા.

એક દિવસ કેટલાક જંગલી લોકો આ શ્યાલવનમાં આવી ચડ્યા. તેમણે વૃક્ષોથી ભરપૂર એવા શ્યામલવનના વિસ્તારમાં પડાવ નાખ્યો. પછી સૌ સાથે મળી બેઠા, વાતો કરવા લાગ્યા, "આ વખતે આપણે એક હાથીનો જ શિકાર કરી નાખીએ. આમેય આ વિસ્તારમાં એક તગડો હાથી રહે છે. તેનો શિકાર કરી લઈશું. એટલે આપણને મોજ પડી જશે."

આ સાંભળી બીજાને તેના સૂરમાં સૂર પુરાવતાં કહ્યું,"જરૂર..જરૂર..જો હાથીનો શિકાર થતો હોય તો મને પણ આનંદ થશે. વળી, તેને દાંત હશે તો હાથીદાંતની સારી કિંમત પણ મળશે."

"પરંતુ તેના શિકાર માટે આપણે ચતુરાઈ વાપરવી પડશે. કારણ કે, આમેય હાથીની જાત ચાલાક તો બહુ જ હોય." ત્રીજો બોલ્યો.

ત્યાં આસપાસનાં વૃક્ષો પર રહેતા પક્ષીઓએ આ વાતને સાંભળી લીધી.તેમાંનાં કેટલાક પક્ષીઓ ખૂબ જ આનંદ પામ્યાં. પરંતુ કેટલાંક પક્ષીઓને થયું, આપણે હીરૂહાથીને બચાવવો જોઈએ.પક્ષીઓમાં ગણગણાટ શરૂ થયો.જે પક્ષીઓ હીરૂહાથીને બચાવવા ઈચ્છતાં હતાં તેમનો બીજા પક્ષીઓએ વિરોધ કર્યો.તેમનું કહેવું એમ હતું કે"હીરૂએ આપણને સૌને ખૂબ જ હેરાન કર્યા છે. આપણા માળા તોડી પાડ્યા છે.આપણાં બચ્ચાંને માર્યા છે. તેથી તેનો શિકાર થઈ જાય તે આપણે સૌ માટે લાભદાયક છે."

ત્યારે બીજાં પક્ષીઓ કહેવાં લાગ્યાં,"તેણે જે કર્યું તે આપણી એ પહેલી ફરજ કહેવાય કે દરેકનું હિત જોવું. હીરૂએ આપણી સાથે શું કર્યું ? તે જોવા કરતાં આપણે તેની સાથે શું કર્યું છે ? તે આપણે જોવું જોઈએ."

આમ બન્ને તરફથી ખેંચતાણ થઈ.અંતે સૌએ સાથે મળી નક્કી કરી લીધું કે ગમે તે થાય પરંતુ આપણે હીરૂહાથીને બચાવવાની કોશિશ કરવી.

તેથી કેટલાંક પક્ષીઓ ઉડીને હીરૂ હાથીને શોધવા નીકળી પડ્યાં. જ્યારે તેમાંનાં એક પક્ષીઓની ટોળીકીને કહ્યું,"હીરૂભાઈ તમને મારવા જંગલી શિકારીઓની એક ટોળકી આવી છે. તેથી તમે સાવચેત રહેજો."

"હું કોઈનાથી પણ ડરતો નથી. તમે મારી શક્તિની ઈર્ષ્યા કરો છો. એથી જ તમે મને ડરાવો છો એમ કહી હીરૂહાથી જાણી જોઈને જે તરફ સાલુએ જવાની ના પાડી તે તરફ જ જવા લાગ્યો.

આથી સાલુ સમડી સમજી ગઈ કે હવે હીરૂ હાથી કોઈનાથીય માનશે ન નહીં. તેથી તેણે પોતાના અવાજમાં બધાં જ પક્ષીઓને વૃક્ષોથી ભરેલા વિસ્તારમાં જ્યાં શિકારીઓ રહેવા આવેલાં ત્યાં પહોંચી જવા જાણ કરી દીધી.

બધાં પક્ષીઓ સાલુ સમડીના આદેશને અનુસરી તે જગ્યાએ પહોંચી ગયાં. બીજી બાજુ હીરૂ હાથી ઉપર પ્રહારો કરવાના શરૂ કરી દીધા. હવે હીરૂહાથીને ઘટનાની ગંભીરતા સમજાઈ. તે ખૂબ જ ગભરાઈ ગયો. ત્યાં સાલુ સમડીની આજ્ઞા થઈ અને બધાં જ પક્ષીઓ સાથે મળી શિકારીઓ ઉપર તૂટી પડ્યાં. પોતાની તીક્ષ્ણ ચાંચો વડે તેઓ શિકારીઓને મારવા લાગ્યાં.

શિકારીઓ આ તદ્દન નવા હુમલાથી ગભરાઈ ગયા. ત્યાં બાકી રહેતું હતું તે આસપાસનાં વૃક્ષો ઉપર રહેલી ઝેરી મધમાખીઓ પણ આ પક્ષીઓ સાથે જોડાઈ અને શિકારીઓને કરડવા લાગી. આ જોઈ શિકારીઓ વધુ ડરી ગયા. તેઓ ત્યાંથી ભાગ્યા. તે પોતાના પડાવ છોડીને લઈ જવા પણ ઉભા ન રહ્યા.

થોડીવારે શાંતિ થઈ. ત્યારે હીરૂહાથીએ પોતાની સૂંઢ ઉંચી કરી માથું નમાવી,બધાં પક્ષીઓની માફી માંગી.એટલું જ નહીં આ અવાજોના કારણે ત્યાં જંગલના રાજા શેરસિંહની માંડીને બધાં પશુ-પક્ષીઓ ભેગાં થયેલાં. તેમની બધાંની હીરૂહાથીએ માફી માંગી. તેની આંખમાં અશ્રુઓ આવી ગયાં. તે બોલી ઉઠ્યો,"હે પશુ-પક્ષીઓ, મેં શક્તિના ખોટા અભિમાનમાં તમને સૌને અન્યાય કર્યો છે. પરંતુ હવે મને ભૂલ સમજાઈ ગઈ છે.આજે તમે મારૂ જીવન બચાવ્યું. તે બદલ હું આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું તમારા સૌનો આજથી ઋણી છું. હવે હું તમને ક્યારેય હેરાન નહીં કરું. તમને થશે તેટલી મદદ કરીશ."

તેના આ વર્તનથી સૌએ તેને ક્ષમા આપી દીધી અને સૌ આનંદથી નાચવા-ઉડવા લાગ્યાં.

**સાર: ઠોકર લાગે તો સમજુનું હૃદય પરિવર્તન થઈ જાય છે.**

**-દેવેન વ્યાસ ગીતાબેન વ્યાસ (અંજાર)**

## તું ચાલી આવ

અમારી જાત કરતાં પણ વધુ તું વાલી લાગે છે
તું ચાલી આવ તારા વિણ અહીં બહુ ખાલી લાગે છે
ધ્રુજે છે હાથ મારો આ સવારેએનું કારણ એ
ફરી સપનામાં મારી આંગળી તે ઝાલી લાગે છે
બની ગઈ છે ધરાઆખીય ઠંડીને ભીની ભીની,
ફુલો પર સ્પષ્ટ પગલાં છે ઝાકળ ચાલી લાગે છે
લડે હિંદુ મુસ્લીમ જેમ ડાબો જમણો મારો હાથ
હવે ઝગડીને થાકયાં છે હવે કયાં તાલી વાગે છે ?
ભુખ્યાંને ટુકડો ના દે, દુખ્યાને આશરોના દે
કોઈ એવા ધરમનીવાત અમને ઠાલી લાગે છે
વહે છે લોહીની ધારા અમારા હોઠથી કાયમ
સાંઈનું સ્મીત એવું છે જગતનેલાલી લાગે છે

**સાંઈરામ દવે**

## મુકિત દઈ દે ભગવાન

સંસારમાં કોઈ સાર નથી ભગવાન મુકિત દઈ દે ભગવાન
આંસુઓની પેલે પાર એક દર્દ દઈ દે ભગવાન
મોતનો ભય ચારેકોર છે ભગવાન
જયોતી સમી જીંદગી દઈ દે ભગવાન !
આશાઓના દિપક બુઝાય છે ભગવાન
અમરપ્રેમની કોઈ કહાની દઈ દે ભગવાન !
તૃષ્ણા પાછળ ભમતો ફરે માનવ ભગવાન
સંતોષની તું સંતાકુકડી દઈ દે ભગવાન
સુરજ અમર છે સદીઓથી જગત મહીં
સંધ્યાનો તું ભેદ કહી દે ભગવાન !

**સુરજ કોઈટીયા**(ડીસા)

## વારસા વહી !

અણ્ણાજી ઘણી આણ લગાવે
બાબાજી છોને બરાડા પાડે !
ખોટા તે તો આરોપ લગાવે
અમારો વળી તે શું ફેર પાડે ?
કેજરીવાલ ને કીરણ બેદી
વાતો કરે તે ખુબ જ ભેદી !
સીબીઆઈ ને દિગ્ગજ વેદી
ઉઠો બનાવો તેમને કેદી
લોક તણા અમે પ્રથમ વાદી
ગરીબો માટે પહેરીએખાદી !
રાજ વિરોધીએ ઘાંટા પાડે
કરશે દેશની તે બરબાદી
હસન અલીને મોઝી કની
વળી સેવામાં છે પાલ મહીં
મંત્રી તે બન્યા ફરવા હની
રમત રમે તે બનાબની !
સેનાની સહુ અમારા એ તો
ખોટી રીતે ફસાણા છે તે તો !
પામશે સજા જરીકે નહીં
રાજ અમારૂં વારસા વહીં

**મશરૂ પ્રજાપતી**

## હવા

ઉષ્મા બની વ્યાપી જતી ગ્રીષ્મના પ્રભાતમાં
સનન કરતી સરી આવે શીશીરની કોઈ સાંજના
ભીના કેશ ખંખેરી જતી વર્ષાની કોઈ રાતમાં
ફુલની ફોરમ બનીને ફરતી હતી એ બાગમાં
તાંડવ કરે સમુદ્ર કે રણ વગડે આંધીનાં
ભીષણ મચાવે શોર કયારેક હિમાલય ઘાટમાં
સાગર લહેરે શિતળ સમીરની લહેરખી બની ઝુલે
વહે મંદ મંદ એ શિતળ ચાંદની રાતમાં
વન વગડે તાજગી દેતી એવી નટવરને
પ્રફુલ્લીત રાખે મન સદાય રહેતી સાથમાં

**નટવર હેડાઉ**

## યોદ્ધો

પુર્વમાં નિકળ્યો એક તેજપુંજ યુદ્ધની છડી પુકારતો
ધીમે ધીમે રહી એવધ્યો આગળ દશે દિશા ગજવતો
ગગનના ચોરાહે આવી અટકયો કાળઝાળ થઈ ડરાવતો
અગ્ન રૂપી બાણોના વરસાદથી ધરાતલને દઝાડતો
ધરા દેખી શાંત વધ્યો આગળ મનોમન અકળાતો
ક્ષિતીજે જાઈ અટકયો વીર અંતરમાં દયા દાખવતો

**ચૌધરી સેંધાભાઈ માધાભાઈ**(આસોદર)

## કલવા કલવીને જેલ

જંગલમાંરાત પડી ગઈ હતી. અત્ર તત્ર અને સર્વત્ર શાંતિ જ શાંતિ આકાશ મધ્યે વદ પક્ષનો કપાયેલો ચાંદ ઉગી ગયો હતો. એ પોતાને ભયાનક વાતાવરણમાં વળી મધુરતાને બદલે કશોક ખોફ વધારી રહ્યો હતો પણ એ કુદરતની બાબત હતી. પવનની ગતિમાં ઘટાડો થયેલો. વૃક્ષોના પાન ધીમમાં હલનચલન કરતાં હતાં. એવા જંગલમાં પીંપળના વૃક્ષની ડાળી પર કલવો કાગડો અને એની પત્ની જાગતાં હતાં. એમની આંખોમાં ઉંઘ ન હતી એ પૈસાના પ્રશ્નથી પીડાતા હતા.

ત્યાં તો કલવીએ નજીક સરકીને પોતાના પતિ કલવાને કહ્યું, આ આપણી ગરીબી ઓછીથતી કયાંયથી પૈસા નથી આવતા.. શું આપણે આમ જ ગરીબના ગરીબ રહેવાના ?

કલવો ચુપ રહ્યો. પત્નીની વાતને ધ્યાનથી સાંભળી રહ્યો.

એક વાત કહું, તમે ધ્યાનથી સાંભળો અને એ મુજબ કરો.

કઈ વાત ? કલવાએ પુછયું.

કલવી નજીક આવી ગઈ. છેક કલવાના કાને વાત અડાડીને વાત કહી. પત્નીની વાત સાંભળતાં જ કલવો સ્તબ્ધ થઈ ગયો. એ પુછી બેઠો.. જાણે બોલી બેઠો..

અલીઓ.. ગાંડી થઈ છે કે શું ? પૈસા ખાતર ગુનો કરૂં અને કયાંક પકડાઈ ગયો તો મારે જેલ જવું પડે.

તમો તો સાવ ડોશી જેવા ફોશી બીકણ રહ્યા. દુનિયામાં ગુનાઓ બને છે અને ગુનેગારો તબિયતથી જીવે છે. મજાથી.. અરે પકડાતા પણ નથી.. કલવીએ અતિ ઉત્સાહથી કહ્યું.

તું કહે છે તો સાચું.. લોકોના પૈસે લહેર કરનારા અને વટ મારનારા પડયા છે.

કલવાએ પત્ની કલવીના દિશા સુચન પ્રમાણે આખો વિચાર મગજમાં બરાબર ફીટ કરી દીધો.

જંગલમાં એ વાતને ત્રણ દિવસ પસાર થયા અને એક સાંજે સુરજ આથમવાની વેળા સોનુ સસલાનો પુત્ર મોનુ ખોવાયો..

જંગલમાં ઘણા નાના છોકરાઓ કયાંક આસોપાલવ કે કયાંક આંબાના ઝાડ નીચે રમતા.. અને સાંજ થાય, અંધારૂં વધવા લાગે એટલે મોટા ભાગના ઘેર આવી જતા હતા પણ પણ એ દીવસે મોનુ ઘેર ન આવ્યો. અંધારૂં વધતું જતું હતું. એ સાથે રાત્રીનું આગમન થવા લાગી ગયું હતું.મોનુ ઘેર આવ્યો ન હતો.એની માતા સોનીએ ભાવતી ચટણી પુરી બનાવી હતી પણ મોનુ કયાં ? સોનુ અને સોની બધે ફરી વળ્યાા.. પણ કયાંય એમનો મોનુ મળ્યો નહીં.. એ બંનેએ આખી રાત જંગલમાં જાણે માથે લીધી.. બીજી કેટલાક એમાં સહયોગ આપ્યો પણ મોનુ કયાંય ન મળ્યો.

આખી રાત પસાર થઈ. સૌના મોંએ બસ એક જ વાત હતી. આખરે મોનુ જાય કયાં ? શુંએને ધરતી ગળી ગઈ કે આકાશે ઓગાળી દીધો.

તપાસ ચાલુ છે.. ચાલુ છે.. નામે જંગલનું પોલીસ ખાતું બોલતું રહ્યું.. પણ મોનુના કોઈ વાવડ ન હતા..

બીજી તરફ કલવી કલવાનો એ મનસુબો પાર પડી ગયો. રૂપિયા બરાબરના મળ્યો અને એ લઈને રફુચક્કર થઈ ગયા.આખું જંગલમોનુ ગુમ થયાના મામલે ગંભીર કંઈક ચિંતાતુર બની ગયું હતું. સાથે સાથે પોતાના સંતાનો મામલે સાવધાન બની ગયા હતા. મોનુની જેમ પોતાનું સંતાન પણ કયાંક ગુમ થઈ ગયું તો..

વાસ્તવમાં કલવીની વાત પર કલવો સોનુ સસલાના નાનકડા મોનુને લઈ એસટીમાં બેસી બીજા ગામ અને ત્યાંથી વળી આઘે ચાલ્યો હતો. જ્યાં એણે મોનુ સસલાને વેચી મારી રૂપિયા રોકડા કરી લીધા હતા. સાથે રહેલી પત્નીને લઈને એ ત્યાંથી વળી આઘેના શહેરમાં ચાલ્યો ગયો. કલવી ઘડીઘડી કહેતી હતી. જોયો મારો આઈડિયા.. આપણે એકજ ઝાટકે પૈસાદાર થઈ ગયા.. આ રૂપિયાને એવા સ્થળે રોકાણ કરીશું જ્યાંથી એકના ડબલ થાયફ

એ વાતને છ સાત દિવસ થયા. આ તરફ મોનુ સસલો જેને વેચ્યોહતો એને દયા આવી ગઈ. અને મોનુને લઈને જ્યાં રહેતો હતોત્યાં લાવ્યો.. મોનુને જઈ એના માતા પિતાને હરખનાં આંસુ આવી ગયાં.. આખું જંગલ જાણે ખુશખુશ થઈ ગયું.

પણ.. પણ.. મોનુએ.. એ સાથે જ કલવાનું કારસ્તાન જણાવી દીધું.. પોતાને કેવી રીતે લઈ ગયો હતો એ બધું બતાવી દીધું.. જંગલના પ્રાણી, પંખીઓ ચોંકી ઉઠયા... આખરે કલવો કલવી જંગલમાં પાછાં આવ્યા કે જેલની હવા ખાવાનો વારો આવ્યો..

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**
**અમદાવાદ**

### ભિલડી પાસ...

પાના નં.૧ ચાલુ

જણાવ્યું હતુ કે જાણ થતા ની સાથે ફાયર ફાઈટર અને વહીવટી તંત્ર આવી પહોચી લીકેજ પર કાબુ મેળવ્યું છે.

આ ઘટના ની જાણ ગામ માં થતા ગામ નાં સરપઁચ દોડી આવ્યાં હતાં અને તેમને સમગ્ર બનાવ ની જાણ પોલીસ અને વહીવટી તંત્ર ને કરી હતી.અને ગામ પાસે બનાવવામાં આવેલ સ્ટોરેજ મોટી જાન હાનિ સર્જે તે પહેલાં વહીવટી તંત્ર એ કાર્યવાહી કરવી જોઈએ.જોકે તેમણે રોષ વ્યકત કર્યો હતો.

ગેસ લીકેજ થતા ગામ માથી મોટા ભાગ નાં લોકો ઘર છોડી ગામ બહાર નીકળી ગયા હતાં અનેક લોકો સાંજે ૬ વાગે ઘર છોડયા બાદ રાત્રે ૧૨ વાગ્યા સુધી ગામ ની બહાર બેસી રહ્યાં હતાં જેમાં ચાર થી પાંચ લોકો ને ગેસ ગૂંગળામણ થી હોસ્પિટલ લઈ જવાયા હતાં પરન્તુ વહીવટી તંત્ર એ ગ્રામજનો ની મુલાકાત ન લેતા ગ્રામ જનો રોષે ભરાયા હતાં અને આવા કોલ્ડ સ્ટોરેજ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

ગેસ લીકેજ નાં કારણે અનેક પક્ષી ઓ ને ગુગળામણ થતા મોત નીપજ્યા હતાં આ બનાવ નાં પગલે ગ્રામજનો પણ પરિવાર સાથે અડધી રાત સુધી ગામ ની બહાર બેસી રહ્યાં હતાં ત્યારે ન તો આ લોકો ને સારવાર મલી કે ન કોઈ ખાવાની વ્યવસ્થા કરી કોલ્ડ સ્ટોરેજ ની માલિક ની બેદરકારી નૉ ભોગ ગ્રામ જનો ને બનવું પાડ્યું હતુ આ બાબતે કલેકટર દિલીપ રાણા નૉ ટેલિફોનીક સમ્પર્ક કરતા તેઓ એ ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી હોવાનું અને ગ્રામજનો ને સેવા મલી રહી હોવાનું જણાવ્યું હતુ પરન્તુ ગ્રામ જનો નું કહેવું છે કે કોઈ ૧૦૮ એમ્બ્યુલન્સ આવી નથી કે નથી કોઈ સમાચાર પુછવા આવ્યુ ત્યારે કલેકટર સ્થળ મુલાકાત લેવાનું તો ટાળ્યું સાથે આટલા જુઠા ગાણા કેમ ગાવવા પડ્યા આ બાબત ને લઈને ગ્રામ જનો માં ભારે રોષ જોવા મળી રહ્યો હતો.જોકે મોડી રાત્રે ૧ વાગ્યા નાં સુમારે આખરે ગેસ લીકેજ ને કાબુ માં લેવામાં આવતાં લોકો એ હાસકરો અનુભવ્યો હતો.

### સેવા સેતુ કાર્યક્રમથી...

પાના નં.૩ ચાલુ

બને તે માટે સેવા સેતુ કાર્યક્રમો બહુ સફળતા પૂર્વક યોજાઈ રહ્યા છે. તેમણે સેવા સેતુ કાર્યક્રમમાં ઉપલબ્ધ સુવિધાઓની વિગત આપી હતી.

પ્રદેશ શિક્ષણ સમિતિના કન્વીનર ભગુભાઈ કુગશીયાએ જણાવ્યું હતું કે પ્રજાના હિત અને કલ્યાણ માટે રાજય સરકાર દ્વારા બે લોકપ્રિય કાર્યક્રમો સેવા સેતુ અને પ્રગતિ સેતુ અમલી બનાવાયા છે જેનાથી લોકોને એક જ સ્થળે અને સમયે વિવિધ લાભ મળે છે તેમજ પ્રશ્નોનું ઝડપભેર સુખદ અને સંતોષકારક નિરાકરણ આવે છે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા તેમણે લોકોને અનુરોધ કર્યો હતો. તા. પંચાયતના પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળીએ કહ્યું કે સેવા સેતુ કાર્યક્રમથી લોકોને ઘર આંગણે વિવિધ યોજનાઓ અન્વયે લાભ મળે છે.

સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના ફોર્મ, ઝેરોક્ષ મશીનની વ્યવસ્થા, એફીડેવિટ અને સ્ટેમ્પની સુવિધા કરવામાં આવી હતી. તેમજ લાભાથીઓને આવક, જાતિના દાખલા, ક્રિમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્ર વગેરે આપવામાં આવ્યા હતા. ઉપરાંત લાભાર્થીઓની રેશકાર્ડ, આધારકાર્ડ તથા મા અમૃતમ અને મા વાત્સલ્ય કાર્ડ મેળવવાની અરજીઓ સ્વિકારીને સ્થળ ઉપર જ કાર્ડ આપવામાં આવ્યા હતા. આરોગ્ય કચેરી દ્વારા ડાયાબિટીસ અને હેલ્થ ચેક અપનો કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં તમામ સેવા વિનામૂલ્યે આપવામાં આવી હતી. જેનાથી લાભાર્થીઓમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. તેમજ વ્યક્તિગત પ્રશ્નો લોકો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જેનું સ્થળ ઉપર જ વહીવટીતંત્ર દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જેનાથી લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં તા.પંચાયતના સદસ્ય ભીખાભાઈ વેરા, ગઠામણ સરપંચ કુંવરજી ઘેમરજી દલવાડીયા, અગ્રણી ઉમરભાઈ સેલીયા, મામલતદાર દરજી, ગઠામણ પ્રાથમિક શાળાના આચાર્ય આર.એન.પ્રજાપતિ સહિત અગ્રણીઓ, અધિકારીઓ, લાભાર્થીઓ અને સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### વડગામ તાલુકાના...

પાના નં.૩ ચાલુ

પુત્ર અજયસિંહ એ ગાંધીનગર ખાતે અભ્યાસ કરી ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૮.૭૭ પર્સેન્ટાઈલ રેંક મેળવી સિદ્ધિ જનક પરિણામ હાંસલ કર્યું છે. અને વડગામ તાલુકાના ડાલવાણા(રણછોડપુરા) ગામના વતની તથા જલોત્રા ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં સિનિયર એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતાં ગુલાબસિંહ હડીયોલના પુત્ર સૂમેન્દ્રસિંહ હડિયોલે પાલનપુર વિદ્યામંદિર ખાતે અભ્યાસ કરી ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૮૯.૦૧ પર્સેન્ટાઈલ રેંક મેળવી સિદ્ધિ હાંસલ કરેલ છે. આમ વડગામ તાલુકાના મેજરપુરાના અજયસિંહ અને ડાલવાણાના સૂમેન્દ્રસિંહ આ બે મોમાં ફોયીના ભાઈઓ એ ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહ માં સિદ્ધિ હાંસલ કરી તાલુકાનું ગૌરવ વધારતાં તાલુકા વાસીઓ તેમને શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### અમીરગઢ બોર્ડર...

પાના નં.૩ ચાલુ

આધારે અમીરગઢ પી.એસ.આઈ.કે.વાય. વ્યાસે સ્ટાફ સાથે બોર્ડર ઉપર વાહનોની ચકાસણી હાથ ધરી હતી. તે દરમ્યાન આવેલી ટાટા ટ્રક (નં આર જે ૦૯ જી એ ૧૯૭૨ ના ચાલકને ગાડી સાઈડમાં લેવાનું જણાવતા ચાલક ગાડી મુકી નાસી છૂટ્યો હતો. બાદમાં પોલીસે ટ્રકની તાડપત્રી હટાવી તપાસ કરતા તેમાંથી ગેરકાયદેસરની વિદેશી દારૂની ૯૬૪૮ બોટલ (કિંમત રૂા.૩૫,૭૮,૪૦૦) મળી આવી હતી. તેથી પોલીસે ટ્રક અને વિદેશી દારૂ મળી કુલ રૂા.૪૭,૭૮,૪૦૦ નો મુદામાલ કબ્જે લઈ ફરાર ચાલક વિરૂધ્ધ પ્રોહીબિશન એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### થરાદની યુવતીના...

પાના નં.૩ ચાલુ

૨ ફેબુઆરીના સાંચોરના રિશેપ્શનમાં પણ પ્રિયંકા પરિવાર સાથે હોવાની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી પણ પુરાવો હોઇ અમદાવાદમાં હિન્દુ શાસ્ત્રોક્ત વિધીથી મહંત ભરતદાસે કરાવેલા લગ્ન, પ્રિયકાની સહી સાથે ૨ ફેબુઆરીએ તેણીએ જાતે ખરીદેલ સ્ટેમ્પ અને સહી તેના અમદાવાદ જવાના અસંભવ બાબત વચ્ચે ખોટા દસ્તાવેજ બનાવી મજબુર કરાયાની આશંકા પ્રબળ બનતાં પરીવાર પાટણ ગયો હતો. જતાં યુવતીને ભગાડી જનાર યુવકની માતા કમળાબેન ગીરીશચંદ્ર રાજ મુળ રહે.ગાયત્રી સોસાયટી થરાદ વજેગઢનાઓ એ તેમને ખોટા દસ્તાવેજ કરીને પ્રિયંકાને મજબુર કરી હોવાનું જણાવી પોલીસ કે કોર્ટ કાર્યવાહી કરશોતો જાનથી મારી નાખવાની ધમકી અને દલિત જ્ઞાતિના હોઇ ખોટા કેશ કરાવવાની ધમકી આપતાં ત્યાંથી નિકળી જઇ થરાદ પોલીસ મથકમાં આ સમગ્ર પ્રકરણમાં સામેલ છ વ્યક્તિઓ સામે ફરીયાદ નોંધાવી હતી.પોલીસે યુવતીને ભગાડી જનાર જીગર ગીરીશચંદ્ર રાજ,અમદાવાદ શાહપુરના કર્મકાંડી મહંત ભરતદાસજી રામપ્રસાદજી ,નોટરી એડવૉકેટ વીટી પટેલ, તથા સાક્ષીઓ ગૌરીબેન બી મહંત,અમદાવાદના અમીત કીરીટભાઇ પટેલ તથા થરાદ તાલુકાના પાવડ ગામની પીએચસીમાં નર્સ તરીકે ફરજ બજાવતી યુવકની માતા કમળાબેન સામે વિવિધ આઇપીસી કલમો મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.આ બનાવથી થરાદ પંથકમાં ભારે ચકચાર મચવા પામી હતી.

### પોણા કરોડના...

પાના નં.૮ ચાલુ

આવનાર છે તેમ સુત્રોએ જણાવ્યું હતું.થરાદનું બસસ્ટેશન છ મહિનામાં બનાવવાની ટાઈમ લિમીટ હોવાના કારણે ડેપો પાછળ હંગામી બસસ્ટેશન ઉભુ કરી જુના ડેપોને તોડી પાડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી.થરાદડેપો વિશેષ સુવિધાયુક્ત બનનાર હોઇ મુસાફર જનતામાં પણ આનંદની લાગણી ફેલાવા પામી હતી.

### પાલનપુરની સ્કૂલ ...

પાના નં.૮ ચાલુ

૯૯.૯૮ પી.આર. સાથે સોની મનીષ, ત્રીજા ક્રમે ૯૯.૮૯ પી.આર. સાથે ઉકાવાળા માનસી, આઠમા ક્રમે ૯૯.૭૧ પી.આર. સાથે પટેલ કાજલ અને દસમા ક્રમે ૯૯.૬૬ પી.આર. સાથે રાઠોડ આશિષ ઉતીર્ણ થયા હતા. વળી, સ્કૂલના વિદ્યાર્થીઓની આ જવલંત સિધ્ધિ સાથે સ્કૂલ જિલ્લામાં ૯૯.૯૯ પી.આર. સાથે સ્કૂલ સમગ્ર રાજ્યમાં પણ મોખરે રહેવા પામી છે. સૌથી વધુ એ- વન ગ્રેડ મેળવનાર સ્કૂલનું પણ ગૌરવ મેળવ્યું છે. જેથી આ વખતે સ્કૂલ ઓફ સાયન્સે સફળતાના અવનવા સોપાનો સર કર્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે સ્કુલ ઓફ સાયન્સના સંચાલકોની જહેમતથી સ્કૂલે ટૂંકા ગાળામાં જિલ્લાની અગ્રણી સ્કૂલ તરીકેની ઓળખ મેળવી છે. નિષ્ણાંત શિક્ષકો દ્વારા ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ અપાય છે. તેથી બોર્ડની પરીક્ષાઓમાં સ્કૂલના વિદ્યાર્થીઓ મોખરે રહે છે. એટલું જ નહીં, ધો. ૧૧ થી જ નીટ અને જીની તૈયારી કરાવતી રાજ્યની એકમાત્ર સ્કૂલ છે. જેથી સ્કૂલની શૈક્ષણિક સુવાસ ચોમેર મ્હેંકી ઉઠી છે.

# હાઈવે પરના પેટ્રોલ પંપ ઉપર આરામદાયક સુવિધા મળશે

અમદાવાદ

હાઈવે પર લાંબા અંતરની મુસાફરી કરતાં ટ્રક ડ્રાઈવર્સ સહિતના મુસાફર-પ્રવાસીઓ માટે સારા સમાચાર છે કે, આવનારા દિવસોમાં તેઓ હવે હાઇવે પરના ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશનના પેટ્રોલપંપો(રિટેઇલ આઉટલેટ) ખાતે પેટ્રોલ-ડિઝલ, ગેસ ઉપરાંત આરામદાયક સુવિધાઓ મેળવી શકશે. બાવળા-બગોદરા જતાં મોરૈયા ખાતે ગુજરાતના સૌપ્રથમ આઇઓસી સરાઇ કેન્દ્રનું આજે આઇઓસીના ચેરમેન બી.અશોકના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જયાં હવે ટ્રક ડ્રાઈવર્સ સહિતના પ્રવાસીઓ ન્હાવા-ધોવાથી માંડી જમવાનું બનાવવા ઉપરાંત આરામ, ગેઈમ્સ, એક્સરઝાઇઝ જીમ, બાર્બરરૂમ, ટીવી-મનોરંજન, સુરક્ષિત પાર્કિંગ, ઢાબા સહિતની તમામ સુવિધાઓ વિનામૂલ્યે મેળવી શકશે. ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશનની અનોખી પહેલ અંગે તેના ચેરમેન બી.અશોકે જણાવ્યું હતું કે, લાંબા અંતરની મુસાફરી કરતા પ્રવાસીઓ ખાસ કરીને ટ્રક ડ્રાયવર્સને હવે આરામદાયક સુવિધાઓ સાથે કવોલિટી ડ્રાઈવનો સુખદ અનુભવ થશે અને તે પણ વિનામૂલ્યે.તેમણે જણાવ્યું કે, ભારતમાં ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશને આ નવતર પહેલના ભાગરૂપે દેશભરમાં અત્યારસુધીમાં આવા ૪૨ સરાઇ કેન્દ્રો શરૂ કર્યા છે અને ગુજરાતમાં મોરૈયા ખાતેનું આ સૌપ્રથમ અને દેશનું ૪૩મું સરાઇ કેન્દ્ર છે. આગામી એક વર્ષ દરમ્યાન ગુજરાતમાં આ પ્રકારના બીજા આઠ સરાઇ કેન્દ્રો આઇઓસીના રિટેઇલ આઉટલેટ(પેટ્રોલપંપો) ખાતેઉભા કરાશે કે જેથી પ્રવાસીઓને લાંબા અંતરની મુસાફરીમાં રોકાઇને, આરામ કરીને, સુખદ પ્રવાસની તક મળે.આઇઓસી દ્વારા આ વર્ષના અંત સુધીમાં આ પ્રકારના ૧૦૦ સરાઇ કેન્દ્રો અને આવતા વર્ષ સુધીમાં ૨૦૦ કેન્દ્રો સ્થાપવાનું આયોજન છે. ખાસ કરીને ટ્રક ડ્રાયવર્સ માટે તો આઇઓસીના આ કેન્દ્રો આશીર્વાદ સમાન બની રહેશે કારણ કે, તેઓને ઉપરોકત આરામદાયક સુવિધા ઉપરાંત સુરક્ષિત પાર્કિંગ અને સલામતી વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે, જેનાથી ટ્રકોમાં રહેલા તેમના કિંમતી માલ-સામાન, ગુડ્ઝની સુરક્ષા થશે અને તેઓ પોતે ઉપરોકત સરાઇ કેન્દ્રમાં વિનામૂલ્યે આરામદાયક સુવિધાઓનો લાભ ઉઠાવી શકશે. આ પ્રસંગે આઇઓસીના સ્વતંત્ર ડાયરેકટ પરિન્દુ ભગત અને આઇઓસીની સ્ટેટ ઓફિસના એકઝીકયુટીવ ડાયરેકટર સંજીવકુમાર જૈન સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ગઝલ

અમે તો રહ્યાં હથેળીના માણહ , , ,
ટેરવેથી મળવાનું નહી ફાવે . . .
ભીની આંખે ભેટી લેશું , , ,
અમને સાવ ઠાલું મરકવું નહી ફાવે . . .
ખુલ્લા દિલે ખખડાવી દેશું , , ,
બાકી રૂસણાં -મનામણાં નહી ફાવે . . .
હકથી લેશું દુઃખડાં દોસ્તનાં , , ,
એમાં પાછળ રહેવાનું નહી ફાવે . . .
સાથે રહીને સુખ વહેંચશું , , ,
એક્લતાનું સ્વર્ગ સાલું નહી ફાવે . . .
મૈત્રીની મહેક સહજ ફેલાવશું , , ,
"નવિન" વચન-વાયદા હવે નહી ફાવે . . . !!!

-સંકલનઃનવિન એ.દોશી (મીઠી)પાલડી

## બધે

જીવનમાં જો હોશે વસંત, તો વહાવી દઉં સર્વત્ર બધે
હામ હૈયામાં પ્રગટાવી ખુબ પહાડોને હલાવી દઉં બધે
કયારેક કિસ્મત ભુલ કરાવે, તો ભુલો પણ વધી જાય બધે
પ્રદીપ જીંદગી બનાવું સંગીન, ને સાંતન શુર રેલાવું બધે
તમન્ના રહી છે માત્ર એક જ બની જાય સૌએ નેક બધે

એન.એ.મોઢ (પાંચડા)

## ઘાયલ દિલ

મીલે હો તો ડર ના જાના,
કુછ પલ સાથ ચલકે ભુલ ના જાના
જીંદગી મેં કભી મુજે છોડ કે ના જાના
ગલતી હો તો માફ કરના મગર મુહ મુડ ના જાના
ઠુકરા દે કોઈ તો દિલ તુટ જાતા હૈ
તોડ દેતી હૈ યાદે જબ અપના સમજ નહીં પાતા
સચ કહેતે હૈ હે દુનિયાવાલે ઈન્સાન
દિમાગ સે નહીં દિલ સે હાર જાતા હૈ
રાત કી તન્હાઈ સે ડરતે હૈ હમ
કાગજ કી પરછાઈ સે ડરતે હૈ હમ
દુનિયા સાથ ચલે યા ના ચલે
તેરે સાથ કી ઉમ્મીદ રખતે હૈ હમ

સંકલન : રબારી પ્રવીણકુમાર વેલાભાઈ
(નાનાકાપરા)

## સમજી શકો તો..

નજરથી ન સંદેશ આપી શકો તો !
રહો દુર પાસે ન આવી શકો તો !
અમે દિલની બારીને મુકી છે ખુલ્લી
જરા લહેર ઠંડી જો આપી શકો તો
સતત કાન ઝંખે છે કોની સદાને
સરળ શબ્દ હોઠે જો લાવી શકો તો !
ન વાવો તમે છોડ કાંટાળો કો દિ
અગર છોડ ફુલોના વાવી શકો તો !
કરી પાર મઝધાર આવ્યા કીનારે
કીનારાને યુસુફ સમજાવી શકો તો !

યુસુફ ગુંજાવી

## ખાલી જગ્યા

પગલાં ખળખળ, ડગલાં પળ પળ
સુકા રણની પીને તરસ ફંફોસે જળ
કોણ ઉછીની આપે અમને શબ્દે સળવળ
દમયંતીનો પડછાયો લઈ શોધે કયાં નળ ?
શ્વાસોના સંયમ સંકેલી કયાં છે ગૈ મંગળ

મંગળ રાવળ સ્નેહાતુર

## વાદળ

આકાશે દોડયા જાય વાદળ, કાળા ભુરા દોડયા જાય વાદળ
હરખે જોવે નાના બાળ પાણીથી ભરેલા દોડે છે
વાદળ ઉંચેરા આભમાં બાળકને મન થતું
રમવું મારે તે વાદળ પકડી, કોઈ કહે વાદળી કોઈ કહે વાદળા
આડા અવળા ચાલ્યા જાવ વાદળ
ચોમાસે રૂડા લાગે વાદળ, ખેડુત તાત કહે આવો વાદળ
થોડું જળ વરસાવો મારા ખેતર,
ધુમાડારૂપી ચાલ્યા જાય વાદળ, રૂડા લાગે ચોમાસે વાદળ
ઉંચે આકાશે દોડયા જાય વાદળ

બાબુજી ઠાકોર

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૩૮૩૦૦-૩૮૯૦૦** |
| રૂપુ કાચું | ૩૮૩૦૦-૩૯૦૦૦ |
| સોનુ તોલો | ૨૮૪૦૦-૨૮૭૦૦ |
| **તેલ બજાર** | |
| રાધે પામોલીન | ૯૨૦ |
| પામોલીન | ૯૧૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦ |
| રાયડાતેલ ૧૫કી | ૧૧૮૦-૧૨૦૦ |
| સીંગતેલ૧૫ લી. | ૧૭૦૦ |
| સીંગતેલ ૧૫ કી. | ૧૮૦૦ |
| સીગતેલ ૫ લી. | ૫૨૫-૫૫૦ |
| તિરૂપતી કપા. | ૧૧૯૦ |
| ૫ લીટર | ૩૮૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૨૫ |
| ૫ કે. કોપરેલ | ૮૦૦-૮૯૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૪૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૭૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૧૮૦ |
| ૫ લી. | ૩૯૦ |
| ૨ લી. | ૧૫૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ |
| દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૬૧૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૯૦૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૬૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૬૫૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૧૦૫૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૭૨૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ |
| હેરીટેજ તીબાર | ૭૨૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૫૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ |
| કાયનાત પી | ૮૫૦૦ |
| કાયનાત સુપર | ૮૦૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૬૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૬૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૯૦૦-૪૦૦૦** |
| **ખાંડ એમ.** | **૪૦૦૦-૪૦૫૦** |
| ખાંડએલ. | ૪૦૫૦-૪૧૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૮૦-૨૦૦ |
| સુકી ડુંગળી | ૧૦૦-૧૬૦ |
| લસણ | ૮૦૦-૯૦૦ |
| ધાણા | ૬૦૦-૮૦૦ |
| મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| લીંબુ | ૮૦૦-૯૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૭૦૦-૭૪૦ |
| રીંગણ | ૨૦૦-૨૮૦ |
| ટામેટા | ૩૦૦-૩૬૦ |
| ભીંડા | ૩૦૦-૪૦૦ |
| કોબી | ૧૮૦-૨૪૦ |
| વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ટીંડસા | ૭૦૦-૮૦૦ |
| ગવાર | ૪૦૦-૫૦૦ |
| બાદશાહ બટાકા | ૧૦૦-૧૩૦ |
| સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |

# ઈવીએમ હેક કરી દેવા માટે ચૂંટણી પંચનો ખુલ્લો પડકાર

નવી દિલ્હી

ચૂંટણી પંચે ઈલેકટ્રોનિક વોટીંગ મશીન (ઈવીએમ) સાથે ચેડાં કરવાની શંકાને દુર કરવા માટે બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં રાજકીય પક્ષોને ઈવીએમ હેક કરવા માટે ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ચૂંટણી પંચ દ્વારા આના માટે રવિવાર અને સોમવારના દિવસ નક્કી કરવામાં આવી શકે છે. બેઠકમાં સાત રાષ્ટ્રીય અને ૪૮ ક્ષેત્રિય પાર્ટીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજકીય પક્ષોને પુરતી તક આપવામાં આવશે. ઈલેકટ્રોનિક વોટીંગ મશીન જેનો હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો તેની સાથે ચેડા કરી શકાય છે તે બાબત પુરવાર કરવા રાજકીય પક્ષોને ઓફર કરવામાં આવશે. આજે યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર નસીમ જેદી દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. કેટલાક રાજકીય પક્ષો દ્વારા હેકીંગના કરવામાં આવેલા આક્ષેપ બાદ ઈવીએમની વિશ્વસનિયતા પર ચર્ચા કરવા આજે બેઠક બોલાવવામાં આવી હતી. આ મુદ્દે આક્ષેપો કરીને હોબાળો મચાવનાર એએપી દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે તેની દરખાસ્તને ફગાવી દેવામાં આવી છે. દિલ્હીમાં નાયબ મુખ્યમંત્રી મનિષ સોસિદીયા એએપી તરફથી આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે ચુંટણી પંચે રાજકીય પક્ષોને માત્ર પડકાર ફેંક્યો છે. જેમાં ઈવીએમ સાથે ચેડાં થઈ શકે છે તે બાબત પુરવાર કરવા પક્ષોને કહેવામાં આવ્યું છે. જોકે તેમના દાવાના સંદર્ભમાં કોઈ સત્તાવાર શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

### 'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

### જન્મદિન મુબારક

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ................................................
સરનામુ : ................................................
મોકલનારની સહી : ........................................

# અજય સાથેની ફિલ્મ બાદ કેરિયરમાં નવો વળાંક હશે

બોલિવુડ અને દક્ષિણ ભારતની ફિલ્મોમાં લોકપ્રિયતા મેળવી ચુકેલી ઈલિયાના ડીક્રુઝ હવે વર્ષ ૨૦૧૭માં બે મોટી ફિલ્મમાં કામ કરી રહી છે. તેની પાસે એક્શન થ્રીલર ફિલ્મ બાદશાહો રહેલી છે. જેમાં તે અજય દેવગનની સાથે કામ કરી રહી છે. આ ફિલ્મ આ વર્ષે પહેલી સપ્ટેમ્બરના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. જ્યારે અન્ય એક ફિલ્મ મુબારકા પણ છે. જેમાં તે અર્જૂન કપુર, અર્જૂન કપુર અને અથિયા શેટ્ટી સાથે નજરે પડનાર છે. અભિનેત્રી ઈલિયાના ડી ક્રુઝ પર હવે બોલિવુડ અને દક્ષિણ ભારતની તેની ફિલ્મોમાં વધારે સેક્સી અને દેખાવડી દેખાવવા માટે દબાણ વધી રહ્યુ છે. ઈલિયાના હાલમાં કેટલીક સારી ફિલ્મો હાથમાં ધરાવે છે. ઈલિયાના દરેક ભાષાની ફિલ્મમાં કામ કરીને તેની કુશળતા સાબિત કરવા માટે તૈયાર દેખાઇ રહી છે. તેની પાસે હિન્દી ફિલ્મો વધારે આવી રહી નથી. પરંતુ તે દક્ષિણ ભારતની સારી ફિલ્મો મેળવી રહી છે.

જેમાં ટોપ સ્ટાર કામ કરી રહ્યા છે. ઈલિયાના માને છે કે તે કોઇ પણ નિયમોમાં રહેવા માંગતી નથી. તેની પાસે આવેલી ફિલ્મો જુદા જુદા રોલ ધરાવે છે. હાલના દિવસોમાં ઈલિયાના દબાણના તબક્કામાંથી પસાર થઇ રહી છે. સાહસી અને ખુબસુરત ઈલિયાના માને છે કે બોલિવુડમાં ટકી રહેવાની બાબત કોઇ મુશ્કેલ નથી.

કારણ કે બોલિવુડમાં કુશળતા મુજબ તમામને ભૂમિકા મળી રહી છે. ઈલિયાના નિખાલસપણે કબુલે છે કે એક અભિનેત્રી તરીકે તે હમેંશા અનુભવ કરે છે કે તેને વધુને વધુ ખુબસુરત દેખાવવા માટેના પ્રયાસ કરવા જોઇએ અને આના માટે તે મહેનત પણ કરી રહી છે. ફિલ્મ બરફી મારફતે ઈલિયાનાએ પોતાની કેરિયરની જોરદાર શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે રણબીર કપુરની ભૂમિકા હતી. તેની સાથે ઈલિયાના પણ હતી.

# રાધનપુરમાં કાળઝાળ ગરમીમાં ઠંડી છાસનું વિતરણ


કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં લગ્નની ભરપૂર સિઝનમાં કાળઝાળ ગરમીમાં ખરીદી કરવા આવેલા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારતા હોય છે. ત્યારે ખલીફ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શુક્રવારે સવારે ૯ થી ૩ વાગ્યા સુધી ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ગરમીથી ત્રસ્ત લોકોએ લઈને આશિર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, મોહસીનખાન પઠાણ, ફારૂક મેમણ, આદિકભાઈ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## દેલવાડામાં પત્નીની હત્યા કરનાર યુવક ત્રણ દિવસના રીમાન્ડ પર

પાટણ

સરસ્વતીનાદેલવાડા ગામે રહેતા રાયસંગભાઈ મોનાભાઈ કોળી ઠાકોરે તેની પત્ની પવનબેન પર ચારિત્ર અંગે વહેમ અને શંકા રાખીને તેમની વાંસીના ઘા મારી હત્યા કરી હતી. ઘટનામાં પોલીસે જંગરાલની સિમ વિસ્તારમાંથી તેને પકડી પાડી જજના બંગલે રજુ કરી ત્રણ દિવસના રીમાન્ડની માગણી કરતાં જજે ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. પોલીસે ઘટનામાં તપાસ શરૂ કરી છે અને હત્યામાં ઉપયોગમાં લેવામાં આવેલું હથિયાર પણ જપ્ત કર્યુ છે તેવું પીએસઆઇ કે.બી.પટેલે જણાવ્યુ હતું.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓએ મેળવેલી જીમાં સફળતા મેળવી

પાટણ

તાજેતરમાં લેવાયેલ જી-૨૦૧૭ ની પરીક્ષામાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓએ ઝળહળતી સફળતા મેળવેલ છે. સતત પાંચ વર્ષથી શાળામાં જી નું ગહન માર્ગદર્શન અને શિક્ષણ આપવામાં આવે છે. તેના ફળ સ્વરૂપે લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓ જી માં ઉચ્ચ સફળતાઓ પ્રાપ્ત કરે છે. ચાલુ વર્ષે પણ જી ની પરીક્ષામાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના ૬૮ વિદ્યાર્થીઓ જી માં ઉત્તીર્ણ થઈ જી એડવાન્સ માટે ક્વૉલિફાય થયેલ છે. તેમાં પ્રથમ પાંચ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ નીચે મુજબ છે. જોષી દેવ દત્રાતેય-૧૫૭, પ્રજાપતિ દિવ્યેશ સુરેશભાઈ -૧૨૭ પટેલ હર્ષ જયેશભાઈ-૧૧૭, પટેલ જય સતિષભાઈ-૧૧૬, (૫) પટેલ સલોની દિલીપભાઈ-૧૧૪, જી માં ૧૫૭ ગુણ જોષી દેવ ડી. (શાળામાં પ્રથમ) જી ક્ષેત્રે તમામ સફળ વિદ્યાર્થીઓને શાળા પરિવારે બિરદાવેલ. તેમજ જી એડવાન્સ માટે શુભકામના પાઠવેલ કટ ઓફ માર્કસ ઓપન માટે ૮૧ છે. જનરલ-૮૧, ઓબીસી, ૪૯, એસસી-૩૨, એસટી-૨૭, પીડબલ્યુડી-૧

## પાટણમાં રિક્ષા પલટી જતાં ૩ ને ઈજા

પાટણ

પાટણમાં જુના શારદા સીનેમાની પાછળ પટેલના માઢ જવાના રસ્તા પર ગત બુધવારે સાંજે એક રિક્ષા પલટી જતાં ત્રણ જણાને ઈજાઓ થવા પામી હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણ શહેરમાં જુના શારદા સીનેમા તરફ જવાનો રોડ વર્ષોથી ઉબડખાબડ બની ગયેલ છે જેથી અકસ્માતના બનાવો આંતરે દિવસે બન્યા કરતા હોય છે છતાં રોડની દુરસ્તી કરવામાં આવતી નથી. ત્યારે ગત બુધવારે મોડી સાંજે રણુંજ ગામનો ચાલક કેટલાક મુસાફરોને મુકવા ગયેલ ત્યારે રિક્ષા રોડ પરથી પલટી ખાઈ જતાં રિક્ષામાં સવાર મુસાફરો પૈકી ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી.

## મહીયલ ગામે મહિલા પર દુષ્કર્મનો પ્રયાસ થતાં પાંચ વિરૂધ્ધ ફરિયાદ

મહેસાણા

ખેરાલુના મહિયલ ગામની મહિલાની ઈજ્જત લેવાની કોશિષ સંદર્ભે પાંચ વ્યક્તિ સામે ખેરાલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી છે. મહીયલમાં ઉદીત રમેશભાઈ પરમારે ગામની મહિલાની ઈજ્જત લેવાનો પ્રયાસ કર્યો હતો. જે બાબતે ઠપકો આપવા જતાં આરોપીએ ઉશ્કેરાઈ જઈને મહિલા સહિત અન્ય વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. આ બાબતે મહિલાએ ઉદીત પરમાર, ધવલ રમેશભાઈ પરમાર, કલ્પેશ પરમાર, પ્રકાશ રણછોડ પરમાર અને રમેશ વિરાભાઈ પરમાર સામે ગત મંગળવારે ખેરાલુ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ડીસા** | | બાજરી | ૨૮૫-૨૯૪ | ઈસ. | ૧૯૨૧-૨૦૭૦ |
| એરંડા | ૮૭૦-૮૯૧ | ચીકુડી | ૭૦૦-૧૧૬૦ | ગવાર | ૬૭૪-૬૯૦ |
| રાયડો | ૬૫૧-૬૬૯ | વરી. | ૯૦૦-૧૧૨૧ | એરંડા | ૮૫૦-૮૮૫ |
| ઘઉં | ૨૮૦-૪૨૮ | **થરા** | | રાયડો | ૬૭૫-૬૮૦ |
| બાજરી | ૨૬૫-૨૯૦ | જીરૂ | ૨૮૦૦-૩૫૫૦ | **વડગામ** | |
| રાજગરો | ૭૦૦-૮૩૫ | એરંડા | ૮૭૪-૯૦૦ | એરંડા | ૮૭૫-૮૭૮ |
| ગવાર | ૬૨૧-૬૮૩ | વરીયાળી | ૧૦૨૦-૧૫૫૦ | રાયડો | ૬૬૨ |
| તમાકુ | ૭૦૦-૧૦૬૧ | રાયડો | ૬૩૫-૬૬૫ | ગવાર | ૬૬૭-૬૮૬ |
| **પાલનપુર** | | ગવાર | ૬૪૦-૬૭૩ | **ભીલડી** | |
| ઘઉં | ૨૮૫-૪૧૦ | ઘઉં | ૨૯૫-૩૭૫ | એરંડા | ૮૭૫-૯૦૧ |
| જુવાર | ૪૧૮-૪૮૨ | બાજરી | ૨૯૫-૩૦૬ | રાયડો | ૬૦૦-૬૫૭ |
| બાજરી | ૨૭૮-૨૮૪ | સુવા | ૯૭૬-૧૦૦૨ | રાજગરો | ૬૦૦-૭૭૫ |
| જવ | ૩૦૦-૩૦૭ | મેથી | ૫૬૩-૫૯૩ | બાજરી | ૨૭૦-૨૮૦ |
| ગવાર | ૬૬૬-૬૮૦ | **થરાદ** | | ઘઉં | ૨૮૦-૩૭૫ |
| એરંડા | ૮૬૫-૮૯૫ | જીરૂ | ૨૭૫૦-૩૫૭૦ | ગવાર | ૬૬૫-૬૭૭ |
| રાયડો | ૬૬૫-૬૭૧ | મેથી | ૬૧૧-૯૫૨ | વરી. | ૯૪૧-૯૫૧ |
| રાજગરો | ૭૫૦-૮૭૭ | એરંડા | ૮૮૦-૮૯૧ | **સિધ્ધપુર** | |
| વરી. | ૭૫૧-૧૮૮૦ | રાયડો | ૬૫૫-૬૭૦ | વરી. | ૯૫૦-૧૧૩૦ |
| **લાખણી** | | ઈસ. | ૨૦૦૦-૨૨૨૦ | ઈસ. | ૧૭૦૧-૧૯૫૦ |
| એરંડા | ૮૬૧-૯૦૪ | ગવાર | ૬૬૦-૬૭૧ | રાયડો | ૬૩૦-૭૩૦ |
| રાયડો | ૬૩૫-૬૭૧ | ચીકુડી | ૮૫૦-૧૧૦૦ | એરંડા | ૮૫૧-૯૦૦ |
| રાજગરો | ૬૬૮-૭૩૦ | **રાહ** | | ગવાર | ૬૬૯-૭૦૧ |
| ઈસ. | ૧૭૦૦-૨૧૦૦ | રાયડો | ૬૬૦-૬૭૦ | ઘઉં | ૨૯૨-૪૦૦ |
| જીરૂ | ૩૦૫૦-૩૧૫૧ | એરંડા | ૮૭૫-૮૮૦ | બાજરી | ૨૫૦-૨૮૫ |
| અસાળીયો | ૧૦૨૧ | બાજરી | ૩૦૦-૩૩૦ | જુવાર | ૩૦૦-૪૯૫ |
| ગવાર | ૬૪૧-૬૭૦ | ચીકુડી | ૯૬૦-૧૦૩૦ | મેથી | ૫૦૦-૬૦૧ |
| સવા | ૭૦૧-૮૨૬ | **વાવ** | | સવા | ૧૦૧૪-૧૦૨૭ |
| | | જીરૂ | ૨૭૦૦-૩૪૮૦ | | |

# બહુચરાજીની સિવિલ હોસ્પિટલમાં ગુરૂવારે એકપણ ડૉક્ટર હાજર ન રહેતાં દર્દીઓ પરેશાન



ચાણસ્મા

મહેસાણા જિલ્લાના યાત્રાધામ બહુચરાજી સ્થિત સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪૮-૪૮ કલાકથી એકપણ તબીબ હાજર ન હોવા છતાં જિલ્લાના અધિકારીઓના પેટનું પાણીયે હાલતું નથી. આજે ગુરુવારે સવારે ૮ વાગ્યાથી આવેલા ૧૦૦ થી ૧૨૫ જેટલા ગરીબ દર્દીઓ બપોર સુધી ડૉક્ટર ન આવતાં ધક્કો ખાઈને પાછા જવાની કે ખાનગી દવાખાનામાં પૈસા ખર્ચીને સારવાર કરાવવાની ફરજ પડી હતી. આથી સ્થાનિકોએ તાળાબંધીની ચમકી આપી છે.

રાજયના મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળના સભ્યો વારે- તહેવારે યોજાતા સમારંભોમાં ગરીબ દર્દીઓ માટે દવાખાનામાં આવી આવી સુવિધાઓ ઉભી કરાયાના ગાણાં ગાય છે. પરંતુ જમીની હકીકત સાવ જુદી જ દેખાઈ રહી છે. એમાંય મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિભાગનો વહીવટ તો એટલી હદે કથળી ગયો છે કે જિલ્લા આરોગ્ય અધિકારીને તો ડૉક્ટર પણ ગાંઠતા નથી. તેમના દ્વારા ફરજ નિયુક્તિના હુકમો કર્યા પછી પણ તે ડૉક્ટર જે - તે સ્થળે હાજર ન થાય તો પણ આ અધિકારી પગલાં લઈ શકતા નથી. જેના કારણે મેડીકલ સ્ટાફ ફાટીને ધુમાડે ગયો હોય તેવી સ્થિતિ ઉભરી રહી છે. વાત બહુચરાજી સિવિલ હોસ્પિટલના વહીવટની છે. મહેસાણા, પાટણ, સુરેન્દ્રનગર અને અમદાવાદ એમ જ જિલ્લાના ૪૨ થી વધુ ગામોનો લોકો માટે આશીર્વાદરૂપ ગણાતી શંખલપુર રોડ સ્થિત બહુચરાજી સિવિલ હોસ્પિટલમાં મંગળવારે સાંજે ૬ વાગ્યાથી લઈને આજે બુધવારે બપોરે ૧૨ વાગ્યા સુધી એકપણ ડૉક્ટર હાજર નથી. જેને કારણે અહીં સારવાર માટે આવતા દર્દીઓને નિસાસા નાખવા પડી રહ્યા છે. ગુરુવારે સવારે ૮ વાગ્યાથી ૧૦૦ થી ૧૨૫ દર્દીઓ લાઈન લગાવીને ડૉક્ટર આવવાની રાહ જોતા જ રહ્યા, પણ નહીં આવતા મોટાભાગના દર્દીઓએ ખાનગી દવાખાનામાં જવાનું મુનાસીબ માન્યું હતું. નબળી નેતાગીરીના કારણે આજે ગરીબોને ખાનગીમાં જવું પડ્યું હતું હોસ્પિટલમાં ડૉક્ટર નહી હોવા અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.ટી.કે.સોનીને પૂછતાં તેમણે ડૉક્ટરના ઓર્ડર થઈ ગયા છે, પણ ન આવે તો હું શું કરું તેવો જવાબ અપાઈ રહ્યો છે. અહીં ડૉક્ટરના અભાવે ગરીબ દર્દીઓને પડતી હાલાકી અંગે રોષ ઠાલવતાં રોગી કલ્યાણ સમિતિના સભ્ય અશોકભાઈ પટેલે જણાવ્યું કે, ૨૪ કલાકમાં ડૉક્ટર મુકવામાં નહીં આવે તો હોસ્પિટલને તાળાબંધી કરીશું.

કૃષિ મહોત્સવ - ૨૦૧૭

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાનોં સંયુક્ત કૃષિ મહોત્સવ હિંમતનગર ખાતે યોજાયો

હિંમતનગર

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે, કૃષિ મહોત્સભવનો અર્થપૂર્ણ લાભ ખેડૂતોને મળ્યો છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે અને અર્થતંત્રને વેગવાન બનાવવા માટે કૃષિ મહત્વ નું માધ્યપમ છે ત્યાપરે કૃષિ વિકાસના પગલે દેશનો વિકાસ ઝડપથી થશે એમ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ મંત્રી ચીમનભાઈ સાપરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.


સતીષ ભટ્ટ

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા નો સંયુક્ત કૃષિ મહોત્સિવ હિંમતનગર ખાતે યોજાયો હતો. આ મહોત્સ?વને ખુલ્લો મુકતાં અધ્યિક્ષએ વધુમાં જણાવ્યુંત હતું કે, ગુજરાત સરકારે કૃષિ વિકાસ માટે સવિશેષ પ્રયાસો કર્યા છે. વર્ષ ૧૯૯૫માં પ્રતિ યુનિટ ૫૭ પૈસાના ભાવે વીજળી ઉપલબ્ધમ હતી અને વર્ષ ૨૦૧૭માં પણ આ જ ભાવે વીજળી ઉપલબ્ધિ છે. એ રીતે ગુજરાત સરકારે વીજળીની સબસીડીનો બોજ ઉપાડીને ખેડૂતો પર બોજ નથી પડવા દીધો. ગુજરાત સરકારે ખેડૂતોને સસ્તીન વીજળી આપવા અંદાજે ૫ હજાર કરોડની સબસીડી આપી છે. સાથે સાથે ખેડૂતોને માત્ર ૧ ટકાના દરે કૃષિ ધિરાણ અપાય છે.

કૃષિ વિભાગના સંસદીય સચિવ શ્રી બાબુભાઈ જે.પટેલે જણાવ્યું હતું કે, આપણો દેશ કૃષિ અને ઋષિની સંસ્કૃદતિ ધરાવતો દેશ છે. એક સમયે કૃષિ અર્થતંત્રનો આધાર હતું. પરંતુ સમાયાંતરે તેના પ્રત્યેનિું ચિંતન ઘટતું ગયું અને ખેડૂત 'બાપડો-બિચારો' બની ગયો. પરંતુ તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ પ્રત્યેનું ચિંતન વધાર્યું અને કૃષિ મહોત્સતવ શરૂ કર્યો તેના સારા પરિણામ મળ્યા છે અને આજે ગુજરાત કૃષિ ક્ષેત્રે અગ્રેસર બન્યુંસ છે.

આ પ્રસંગે સાંસદ શ્રી દીપસિંહ રાઠોડ, ભાજપાના પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી.પટેલ, સાબર ડેરીના ચેરમેન શ્રી જેઠાભાઈ પટેલ, કિસાન મોરચાના અધ્યમક્ષ શ્રી બાબુભાઈ જેબલીયા, ધારાસભ્યે શ્રી રાજેન્દ્ર સિંહ ચાવડા, પૂર્વ મંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, સાબરકાંઠા જિલ્લા? ભાજપા પ્રમુખ શ્રી જે.ડી. પટેલ, અરવલ્લીા ભાજપા પ્રમુખ શ્રી રણવીરસિંહ ડાભી, પૂર્વ મંત્રી શ્રી વી.ડી.ઝાલા, અરવલ્લીલના પ્રભારી સચિવ શ્રી આર.એમ. જાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાંસ, અરવલ્લી્ જિલ્લા ના કલેક્ટર તથા જિલ્લાલ વિકાસ અધિકારીશ્રી, અગ્રણીઓ તથા ખેડૂતો મોટી સંખ્યાવમાં ઉપસ્થિલત રહ્યા હતા.

# રાધનપુર તાલુકાના દેલાણામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયા

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેલાણા ગામે પારદર્શી પ્રશાસન માટે પ્રતિબધ્ધ સરકાર પ્રજાની લાગણી- માગણી અપેક્ષા પૂર્ણ કરવા સેવા સેતુ કાર્યક્રમ યોજ્યો હતો. પ્રાંત અધિકારી એસ.ડી.ગિલ્વા, મામલતદાર ભીખાભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારી રમેશભાઈ પોરાણીયા, તાલુકા પંચાયતના પ્રમુખ બધીબેન આયરના પતિ રામાભાઈ આહિર, સદસ્ય સુરેશભાઈ ઠાકોર સહિતની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં રેશનકાર્ડ, આધારકાર્ડ, મા કાર્ડ સહિત અનેક યોજનાઓ અંગેના ૫૩૦ પ્રશ્નો રજૂ થયા હતા, જે તમામનો સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્થળ ઉપર જ ગેસના કનેકશનો આપવાનો ખાસ વિષય હાથ ઉપર લેવાયો હતો અને દસ લાભાર્થીને સ્થળ ઉપર જ ગેસના કનેક્શનો સાથેની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, અને પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા.

## લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સે ૧૨ - સાયન્સ ૨૦૧૭ ની પરીક્ષામાં સફળતા મેળવી

પાટણ

ચાલુ સાલે લેવાયેલ ૧૨-સાયન્સની પરીક્ષામાં દર વર્ષની જેમ ચાલુ સાલે પણ લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના વિદ્યાર્થીઓએ પ્રેસ્ટ પરિણામો પ્રાપ્ત કરેલા છે. તેમાં જિલ્લાના એટુ ગ્રેડના કુલ ૫૦ વિદ્યાર્થીઓમાંથી ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના ૧૫ વિદ્યાર્થીઓએ એટુ ગ્રેડ પ્રાપ્ત કરેલો છે. આ પરીક્ષામાં ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સે ૯૨ % પરિણામ પ્રાપ્ત કરેલ છે.

તમામ સફળ વિદ્યાર્થીઓને ક્રિષ્ના પરિવાર વતી બિરદાવવામાં આવેલ.

# હિંમતનગર ખાતે કૃષી મેળાનો વિરોધ કરતા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

સતીશ ભટ્ટ





હિંમતનગર

હિંમતનગર ખાતે યોજાનાર સાબરકાંઠા અને એરવલ્લી જીલ્લાના કૃષી મેળાનો વિરોધ કરતા ૬૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી તો કોંગ્રેસના કાર્યકરોએ મેળામાં હાજરી આપવા આવનાર પ્રધાનની પણ કાર રોકી વિરોધ દર્શાવ્યો.. હિંમતનગર ખાતે આજે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાનો કૃષિ મેળાના આયોજન કરવામાં આવ્યુ છે જેમાં આજે કોંગ્રેસ દ્વારા વિરોધ કાર્યક્રમ આપવામાં આવ્યો હતો... હિંમતનગર ના મોતી પુરા વિસ્તારમાં હાઈવે પર કોંગ્રેસના કાર્યકરો દ્વારા હાઈવે પર બેસીને ચક્કાજામ કરવામાં આવ્યો હતો...તો કૃષિ મેળામાં હાજરી આપવા જતા પ્રધાનની કાર રોકીને કાર્યકરોએ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો... ભાજપ સરકાર કૃષી વિરોધી સરકાર છે અને ખેડુતો નુકશાન કરી રહી છે હજુ પણ જો કોંગ્રેસની માંગણી નઈ સંતોષાય તો હજુ પણ ઉગ્ર કાર્યક્રમ આપવામાં આવશે...

# પાટણ જિલ્લાના વિવિધ મોરચાના પ્રમુખ- મહામંત્રીની જવાબદારી સોંપાઈ

પાટણ

પ્રદેશ મહામંત્રી અને ઉત્તર ઝોન પ્રભારી કે.સી.પટેલ અને જિલ્લા સંગઠન પ્રભારી અરજણભાઈ રબારીના માર્ગદર્શન હેઠળ પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલ દ્વારા ગતરોજ પાટણ જિલ્લાના મહિલા- બક્ષીપંચ- અનુસુચિત જાતિ- અનુસૂચિત જનજાતિ તથા લઘુમતી મોરચાના પ્રમુખ તથા બે મહામંત્રીઓની નિયુક્તિ કરવામાં આવે છે.

૧. મહિલા મોરચો

પ્રમુખઃ- પ્રજાપતિ દામિનીબેન હસમુખભાઈ (પાટણ શહેર), મહામંત્રીઃ- ઠાકોર પુષ્પાબેન માનુજી (શંખેશ્વર તાલુકો), મહામંત્રીઃ- દવે પ્રકાશબેન વિનોદચંદ્ર (સિધ્ધપુર શહેર)

૨. બક્ષીપંચ મોરચો

પ્રમુખઃ- ડૉ.પટેલ દેવજીભાઈ માલાભાઈ (રાધનપુર શહેર), મહામંત્રીઃ- રબારી રમેશભાઈ પાંચાભાઈ (સરસ્વતી તાલુકો), મહામંત્રીઃ- ઠાકોર નવઘણજી મણાજી (સરસ્વતી તાલુકો)

૩. અનુસૂચિત જાતિ મોરચો (એસસી)

પ્રમુખઃ- સોલંકી વશરામભાઈ રણછોડભાઈ (સમી તાલુકો), મહામંત્રીઃ- પરમાર દિનેશભાઈ ત્રિભોવનદાસ (ચાણસ્મા શહેર), મહામંત્રીઃ- પરમાર નરેશભાઈ મંગળદાસ(પાટણ તાલુકો)

૪. લઘુમતી મોરચો

પ્રમુખઃ- મલેક ઈસુભા રવાજી (સાંતલપુર તાલુકો), મહામંત્રીઃ- બલોચ માજીદખાન નિઝામખાન (સરસ્વતી તાલુકો), મહામંત્રીઃ- પઠાણ ઝહીરખાન હબીબખાન (પાટણ શહેર)

૫. અનુસૂચિત જનજાતિ મોરચો (એસટી)

પ્રમુખઃ- રાણા અજયકુમાર પ્રદિપભાઈ (રાધનપુર શહેર), મહામંત્રીઃ- ભીલ ગોવિંદભાઈ રસિકલાલ (પાટણ શહેર), મહામંત્રીઃ- ભીલ બાબુજી પ્રભુજી (પાટણ શહેર)

# પાટણમાં રંગે હાથે પકડાયેલા તસ્કરને થાંભલે બાંધી ફટકાર્યો : ૨ ચોર ફરાર

પાટણ

પાટણશહેરના ચતુર્ભૂજ બાગથી હિંગળાચાચર રોડ પર આવેલ રસ સંગમ સ્વીટસ એન્ડ બેકરી,તેની બાજુમાં આવેલ કુંજવિહાર ગેસ્ટ હાઉસ તેમજ ભુતનાથના અખાડા પાસેની લેડીઝ ટેલર્સના મકાનમાં સોમવારની રાત્રે તસ્કરોએ તાળા તોડી ચોરીના બનાવોને અંજામ આવ્યો હતો જોકે ભૂતનાથના અખાડા પાસેના મકાનમાં ચોરી કરવા પ્રવેશેલા ત્રણ પૈકી એક યુવકને વહેલી પરોઢે રહિશોએ આબાદ ઝડપી લઈ થાંભલા સાથે બાંધી દઈ મેથીપનક ચખાડી પોલીસના હવાલે કરી દીધો હતો.આજના ચોરીના બનાવમાં બે સ્થળેથી રૂ.૧૯૦૦૦ રોકડા અને સીસીટીવી કેમેરા ડીવીઆર સાથે ઉઠાવી જવાયા હતા. શહેરના મુખ્યમાર્ગ પર આવેલી મહાત્મા ગાંધી કોમ્પલેક્ષ ખાતેની રસ સંગમ સ્વીટસ એન્ડ બેકરીના માલીક સોમવારે મોડી રાત્રે તેમની દુકાન બંધ કરી ઘરે ગયા હતા ત્યારે કોઈ અજાણ્યા તસ્કરોએ બંધ દુકાનના શટરનું તાળુ તોડી ગલ્લામાં પડેલી રોકડ રકમ રૂ. ૧૯૦૦૦ અને સીસીટીવી કેમરાના ડીવીઆર રેકોર્ડરની ચોરી કરી બાજુમાં આવેલી કુંજ વિહાર ગેસ્ટ હાઉસનું તાળુ તોડી અંદરથી ડીવીઆર રેકર્ડરની ઉઠાંતરી કરી હતી જ્યારે નટવર સુથાર સ્ટુડિયોના મુખ્ય દરવાજા પાસે રૂ.૮૫ ની પરચુરણ મુકી તસ્કરો પલાયન થઈ ગયા હતા. બાબતે રસસંગમ સ્વીટસ એન્ડ બેકરીના માલિક કનુભાઈ ઠક્કર અને ગેસ્ટહાઉસના માલિક દેવજીભાઈ પટેલે ડિવીઝન પોલીસમાં જાણ કરી હતી. જ્યારે બીજી ઘટનામાં શહેરના ભૂતનાથના અખાડાની બહાર લેડીઝ ટેલર્સનું કામ કરતા અજીતપુરી અને ચંદનપુરીના બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી બે તસ્કરો બહાર ઉભા હતા અને એક તસ્કર ઘરમાં પ્રવેશી ખાંખા ખોળા હાથ ધર્યા હતા. ત્યારે પુજારી પ્રશાંતપુરી ગોસ્વામી ૩/૩૦ કલાકે પૂજા અર્થે જતાં મકાનમાંથી અવાજ આવતા તપાસ કરવા જતાં બહાર ઉભેલા બે તસ્કરો તેમને જોઈ નાસી છૂટ્યા હતા. જ્યારે અંદર ઘૂસેલો એક યુવકને પકડી લઈ બુમાબૂમ કરતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને તેને ઈલેક્ટ્રીક થાંભલે બાધીને મેથી પાક ચખાડી ડિવિઝન પોલીસ હવાલે કરાયો હતો.

## ટેટ ટાટના વર્ગો ચલાવનાર ગૃપ હવે વાંચન માટે લાયબ્રેરી પણ ચલાવશે

પાટણ

પાટણ શહેરના ઓ.બી.રાયકા ગૃપ દ્વારા તાજેતરમાં ગરીબ અને જરૂરતમંદ છાત્રો માટે ટેટ અને ટાટની પરીક્ષના તાલીમ વર્ગો શરુ કરાયા હતા હવે છાત્રો માટે લાયબ્રેરી પણ શરુ કરવામાં આવી છે જેમાં છાત્રોની નોંધણી શરૂ કરવામાં આવી છે. શહેરના ઓ.બી.રાયકા એજયુકેશન ગૃપ દ્વારા જાહેર પરીક્ષાઓની તૈયારી કરતા તમામ સમાજ ના વિધાથીઓ માટે શહેરમાં લાયબેરીની શરૂઆત કરી તમામ પ્રકાશન ના પુસ્તકો, સામયીક,અંક,છાપું તમામ સગવડ લાયબેરીમાં ઉપલબ્ધ કરાશે. વિધાથીઓને મોંઘા કોઈ પુસ્તક ખરીદ કરવા નહી પડે અને એકજ જગ્યા પર બધાજ પુસ્તકો વાંચન કરવા અને સમગ્ર વાતાવરણ શાંતીમય રહે તેવી સગવડ સાથે સેવાના હેતુ થી નવીજ પ્રવૃત્તિઓનો વધારો કરેલ છે. આયોજક ઓધારભાઈ દેસાઈના જણાવ્યા મુજબ લાયબેરીનો સમય સવાર ૮:૦૦ થી સાંજે ૧૦:૦૦ કલાક રહેશે.પૂરો ટાઈમ હાજર ભાઈઓ અને બહેનો માટે અલગ વાંચનખંડની સગવડ આપવામાં આવશે રજિસ્ટ્રેશનથી તેમાં સામેલ થઈ શકાશે. લાયબેરી માટે ઊંઝા ત્રણ રસ્તા પાસે ફોરચૂન ફ્લેટમાં ફ્રી બેસવાની વ્યવસ્થા દાતા દ્વારા કરી આપવામાં આવી છે.ટેટ ના વર્ગ માં જોરદાર સફળતા બાદ ગૃપદ્વારા નવા વિચારને અમલી કર્યો છે તેમ તેઓએ જણાવ્યું હતું.

## રાધનપુર ભાજપના અગ્રણીઓની જિલ્લા મોરચામાં વરણી



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર પાલિકાના પૂર્વ પ્રમુખ અને તબીબ ડૉ.દેવજીભાઈ માલાભાઈ પટેલની પાટણ જિલ્લા ભાજપના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. જ્યારે અનુસુચિત જનજાતિ મોરચાના પ્રમુખ તરીકે સ્વ. તારાચંદભાઈ રાણાનાં પૌત્ર અને નવયુવાન કાર્યકારી અજયકુમાર પ્રદિપભાઈ રાણાની વરણી કરવામાં આવી છે. આ બંને વરણીઓને અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા ઉત્સાહભેર વધાવી લેવામાં આવી હતી.

# çkuMký



Mð.«¼w¼kE {ku Ãkxu÷ ([kiÃhe) Mð.íkk.08/Ãk/h017

y{khk ¼kE©e Ãkxu÷ ([kiÃhe) «¼
{kuíke¼kE íkk.08/0Ãk/h017 Lku
hkus Ëuð÷kuf Ãkk{u÷ Au. Mðøk
íkk.1Ãk/0Ãk/h017Lku Mkku{ðkhLk

MÚk¤ : Aªzeðkze, íkk.ÃkLkuh

r÷.

Ãkxu÷ Ëuðk¼kE {kuíke¼kE
Ãkxu÷ ÷k÷k¼kE {kuíke¼kE
Ãkxu÷ fh{þe¼kE nehk¼kE
Ãkxu÷ ¼kðk¼kE ðk÷k¼kE
Ãkxu÷ þtfh¼kE òuEíkk¼kE

Ãkxu÷ Eïh¼kE {kuíke¼kE
Ãkxu÷ zkÞk¼kE nehk¼kE
Ãkxu÷ MknËuð¼kE ðk÷k¼kE
Ãkxu÷ yrïLk¼kE ðk÷k¼kE
Ãkxu÷ {kÃk¼kE òuEíkk¼kE

# ÃkkLkÃkwhLke Mfq÷ ykuV MkkÞLMkLke ÚkhkË™Lke MkV¤íkk

## rsÕ÷kLkk xkuÃk xuLk{kt Mfq÷Lkk Ãkkt[ rðãkÚkeoyu {uËkLk {kÞwo

zeMkk

økwshkík {kæÞr{f yLku WåÃkíkh {kæÞr{f rþûký çkkuzo îkhk ÷uðkÞu÷ Äku.1h rð¿kkLk «ðkn (Mkur{MxÃh-4) Lke ÃkheûkkLkk òuhu Úku÷k ÃkrhýkB{kt ÃkkLkÃkwhLke MkktÄkLk ÃkkLkk

{kt Mkk{kLÞ ðØ ÃkkLkÃkwh WÃkh ykðu÷e Mfq÷ ð»kuo Ãký rsÕ÷k{kt {ku¾hu hne níke xkuÃkxuLk' {kt Mfq÷Lkk Ãkkt[ rðãkÚkeo níkwt. su{kt 99.99 Ãke.ykh. MkkÚku Lkhuþw{kh Mk{økú rsÕ÷k{kt «Úk{ yk Mfq÷Lkk rðãkÚkeo Mkíkík ºkeS ð¾íkLke Mkk{kLÞ Au. çkeS Ã{kt

# ÚkhkË™Lke Mkuðk Mkk...ku ...kuýk fhkuz™

A {rn™k{kt ƒ™™khk zu...kÚk™™u ...kzðk™e fk{„ehe™ku «khtr¼

ÚkhkË

ÚkhkË™ku yu, xe zu...Au ÚkhkË™k yu,xe zuÚk{kt ƒ™ðk™k fkhýu ytËkSŒ fhkuz fhŒkt ...ý ðÄw hf{™ ™ðku ƒ™kðkÞk ™ðu ƒ™kðk{kt ykðu

swku™k zuŒkuz™e søÞkyu ™ðku ƒ™™ku ™ðku ÚkkÞ Au, ykuƒ™ ƒ™™kt sw™k yu,xe zu...k™ku ...kzðk™e fk{„ehe ...ý ƒ™kððk{kt ykðþu